२०३ वर्ष

# દૈનિક મુંબઈ સમાચાર

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપના: ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તક: ૨૦૪ ■ Volume 68 ■ Issue 95 ■ વિક્રમ સંવત ૨૦૮૧

■ ચૈત્ર વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u



WE DELIVER WHAT IS PROMISE ! | WE BELIEVE IN PROVIDING LUXURIOUS EXPERIENCES ! | ammpalholidays@gmail.com

Ammpal HOLIDAYS Dream. Explore. Discover.

10 DAYS OF SEOULFUL ADVENTURES & SERENE MOMENTS

## Explore South Korea

WITH AMIT SHAH • SEOUL • BUSAN • JEJU

After the Grand Success of 1st Tour we are announcing New Dates




TOUR DATES

| JUN | AUG | SEP | OCT | NOV |
|---|---|---|---|---|
| 10TH | 13TH | 10TH \| 17TH | 1ST \| 15TH \| 22ND | 5TH \| 19TH |

STAY AT 4* PREMIUM & 5* HOTELS AT PRIME LOCATIONS

Delic-ious Cuisines Veg & Jain meals | Tour Inclusive of Air Fare* | Accompanied by Experienced English & Gujarati Speaking Tour Manager | Sightseeing in Super Deluxe A/c Luxury Coaches | Stay at Luxury Hotels

**AMMPAL HOLIDAYS**
Specialist in International & Domestic Tour Packages

For Booking & Planning Your Tours Call Us Now!
**AMIT SHAH 9833082820 | 8291099100**



Suru Kirlian | Bio-Well

## Unlocking the Connection Between Stress and Energy

Dr. J. M. Shah PhD.(Alt. Med.)

Stress not only affects your mind and body but also deeply impacts your energy field, draining your life force and creating imbalances that can lead to fatigue, emotional turmoil, and physical issues. When you're under constant stress, your energy flow becomes blocked or distorted, affecting your overall well-being. Practices like meditation, chakra balancing, exercise, and aura cleansing can help restore your energetic balance. Tools like the Bio-Well GDV Camera can also provide insights into your energy and stress levels, empowering you to manage stress more effectively and live with greater peace and vitality.

### Your Stress is Draining You – Get It Measured

With Bio-Well Scan, Discover How Stress is Affecting Your Energy

Full Energy Report | Stress Level | Chakra & Inner Organ Insights



Fee : ₹ 3,540/- per scan

Scan For More Info

jmshah.com

Contact: Only WhatsApp Please +91 70456 98373

# ગુજરાત સરકારનો મહત્ત્વનો નિર્ણયઃ સાત વર્ષથી વધુ ભાડાપટ્ટાની જમીન કાયમી થઈ શકશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ રાજ્ય સરકારે ભાડાપટ્ટાની જમીનના માલિકી હક્ક અંગે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. મહેસૂલ વિભાગ દ્વારા આ અંગે એજ ઠરાવ જાહેર કર્યો હતો. જે અનુસાર હવે ૭ વર્ષથી વધુ સમય માટે ભાડાપટ્ટે આપવામાં આવેલી જમીન કાયમી થઈ શકશે. આ માટે જમીનધારકે જંત્રીની રકમના ૬૦ ટકા ચૂકવવાના રહેશે, ત્યારબાદ જમીન કાયમી કરવામાં આવશે. આ પ્રક્રિયામાં સ્ટેમ્પ ડ્યુટી પણ વસૂલવામાં આવશે નહીં.

મળતી વિગતો અનુસાર સરકાર દ્વારા ૭ વર્ષથી ૩૦ વર્ષના ગાળાના ભાડાપટ્ટાની જમીનને કાયમી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો અને તે માટે જંત્રીની રકમના ૧૫ ટકાથી લઈને ૬૦ ટકા સુધીની વસૂલાત કરીને જમીન કાયમી કરી આપવામાં આવશે. જો કે, અનુસૂચિત જાતિ (એસ.સી.), અનુસૂચિત જનજાતિ (એસ.ટી.) અને અન્ય પછાત વર્ગ (ઓબીસી)ના લોકોને આમાં ૨૦ ટકાની રાહત મળી રહેશે. આ નિયમ ૩૦ વર્ષ અથવા વધુ સમયથી ભાડાપટ્ટે હોય અને તબદિલીને પાત્ર હોય તેમજ અધિકૃત રીતે તબદિલી થઈ શકે તેવી જમીનોને જ લાગુ પડશે.

૩૦ વર્ષ કે તેથી વધુ સમયથી ભાડાપટ્ટે હોય અને અધિકૃત હોય તેવા કિસ્સામાં જાહેર હરાજી અથવા ઉચ્ચક કિંમતે જંત્રીની રકમના ૨૫%માં કાયમી હક મળશે. ૭ વર્ષથી વધુ સમય ભાડાપટ્ટા પર હોય અને અનઅધિકૃત તબદિલીના કિસ્સામાં જંત્રીના ૩૦ %માં કાયમી હક મળશે, જ્યારે માત્ર ભાડેથી જમીન ફાળવેલી હોય તો જંત્રીના ૬૦ ટકા વસૂલવામાં આવશે. જો કે, આ નિર્ણયમાં કેટલાક કિસ્સાઓને અપવાદરૂપ રાખવામાં આવ્યા છે.

આ ઉપરાંત, રાજ્ય સરકારે ખેડૂતોના હિતમાં ખેતી વિષયક વીજ જોડાણના નિયમોમાં પણ મહત્ત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. હવેથી ૭/૧૨ના ઉતારામાં એક કરતાં વધુ સહમાલિક હોય તો વીજ જોડાણ મેળવવા માટે તમામ સહમાલિકોની સંમતિની જરૂર રહેશે નહીં. તેના બદલે અરજદાર દ્વારા નોટરાઈઝ્ડ સ્ટેમ્પ પેપર પર આપવામાં આવેલું સેલ્ફ ડિક્લેરેશન માન્ય ગણાશે. સરકારના આ નિર્ણયથી ખેડૂતોને વીજ જોડાણ મેળવવામાં સરળતા રહેશે.

# રાજકોટમાં ઓનલાઈન જુગારનું પ્રમોશન કરનારા વધુ છ સોશિયલ મીડિયા ઈન્ફ્લુઅન્સર સામે કાર્યવાહી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આજની યુવા પેઢીમાં જુગાર સહિત અનેક દૂષણોનું વધતું જતું પ્રમાણ ચિંતાનો વિષય બની રહ્યો છે. ત્યારે સોશિયલ મીડિયાના માધ્યમથી પણ ઓનલાઈન જુગાર સહિતની પ્રવૃત્તિઓને પ્રોત્સાહન આપનાર લોકો સામે રાજકોટ સાયબર ક્રાઈમ પોલીસે એક દાખલારૂપ કામગીરી કરી હતી. પોલીસે વધુ છ સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર વિરુદ્ધ ગુનો દાખલ કરીને તેની અટકાયત કરી હતી.

રાજકોટ શહેરમાં સોશિયલ મીડિયા મારફતે ગેરકાયદે ગેમ્બલિંગ એપ્લિકેશનનું પ્રમોશન કરનાર સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર વિરુદ્ધ સાઇબર ક્રાઇમે કાર્યવાહી કરી હતી. જેમાં નિલેશ ચાવડા, ભાવેશ રાઠોડ, લક્ષ્મણ જંજવાડીયા, સાગર છૈયા, ઇલેશ દેરવાડિયા, વિજય મજેઠીયા સહિતના સોશિયલ મીડિયા ઇન્ફ્લુઅન્સર વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. આ વ્યક્તિઓ તેમના ઇન્સ્ટાગ્રામ એકાઉન્ટ પર ઓનલાઇન ગેમ્બલિંગનું પ્રમોશન કરતાં હોય અને તેના બદલામાં લાખો રૂપિયાની આવક કરતાં હતા.

ઉલ્લેખનીય છે કે ગઇકાલે પણ સોશિયલ મીડિયા મારફતે ગેરકાયદેસર ગેમ્બલિંગ એપ્લિકેશનનું પ્રમોશન કરનાર બે ઇન્ફ્લુઅન્સર દીપ ગોસ્વામી અને ધાર્મિક વાઘાણીની અટકાયત કરવામાં આવી હતી. બંને ઇન્સ્ટાગ્રામ, ફેસબુક, યૂટ્યુબ તથા વોટ્સએપ ગ્રૂપ જેવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મ્સ પર જુગાર સંબંધિત એપ્સનો પ્રચાર કર્યો હતો અને તેમના ફોલોઅર્સને ડાયરેક્ટ લિંક્સ મોકલીને આ એપ્લિકેશનોમાં જોડાવા પ્રોત્સાહિત કરતા હતા. સાયબર ક્રાઇમ પોલીસે આ મુદ્દે ગંભીરતાથી કાર્યવાહી હાથ ધરી હતી.

આ અંગે ડીસીપી ડૉ. પાર્થરાજસિંહ ગોહિલે જણાવ્યું કે બંને ઇન્ફ્લુઅન્સર્સ પેઇડ પ્રમોશન હેઠળ આ એપ્લિકેશનોની જાહેરાત કરતાં હતાં. તેઓ યુવાનોને આકર્ષક ઓફર્સ અને રિફરલ સ્કીમ્સ બતાવીને આ એપ્સ ડાઉનલોડ કરવા માટે ઉશ્કેરતાં હતાં. આવા પ્રકારની ગેમ એપમાં વરલી મટકાના જુગારની જેમ આંકડા લગાવતા હતા. પોલીસે આગળ જણાવ્યું હતું કે હાલના ગુના પ્રમાણે એક વર્ષની સજા થઈ શકે પરંતુ અ પ્રવૃત્તિથી કમાયેલા રૂપિયા જો કોઈ અન્ય જગ્યાએ વાપર્યા હશે તો તપાસના અંતે બીજી કલમોનો ઉમેરો કરવામાં આવશે.

# ગુજરાતમાં અટકી પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણી ટૂંક સમયમાં યોજાય તેવા સંકેત

(અમારા પ્રતિનિધિ તરફથી)

ગાંધીનગરઃ ગુજરાતમાં થોડા સમય પહેલા સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓ યોજાઈ હતી. પરંતુ છેલ્લા ઘણા સમયથી અટકી પડેલી ગ્રામ પંચાયતની ચૂંટણીના આયોજનની ચર્ચા થઈ રહી છે. ત્યારે હવે ઓબીસી અનામતને કારણે રાજ્યમાં અટકી પડેલી ગ્રામ પંચાયતોની ચૂંટણીઓના આયોજનનો માર્ગ મોકળો થયો હોવાનું અહેવાલો દ્વારા જાણવા મળ્યું છે. મળતી માહિતી અનુસાર રાજ્ય ચૂંટણી પંચે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવાની સૂચના આપી છે.

મળતી વિગતો અનુસાર રાજ્યમાં નગરપાલિકા, મહાનગરપાલિકા અને પંચાયતોની ચૂંટણી બાદ ઓબીસી અનામત મુદ્દે અટકી પડેલી ગ્રામ પંચાયતોની સામાન્ય અને મધ્યસત્ર ચૂંટણીઓ યોજાવાનો માર્ગ મોકળો થયો છે. રાજ્ય ચૂંટણી પંચે અગાઉ તમામ જિલ્લા કલેક્ટરોને પત્ર લખી ચૂંટણી માટે એલર્ટ થઈ જવા સૂચના આપી હતી. અધિકારી સૂત્રોના જણાવ્યા અનુસાર, ૩૦ જૂન ૨૦૨૫ સુધી જે ગ્રામ પંચાયતોની મુદત પૂર્ણ થઈ રહી છે તેવી રાજ્યની અંદાજે સાતેક જેટલી ગ્રામ પંચાયતોમાં ચૂંટણી યોજાય તેવી શક્યતા છે. ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં ગ્રામ પંચાયતોની ચૂંટણી માટે રોટેશન પ્રક્રિયામાં ઓબીસી માટે અનામત ૧૦ ટકાથી વધારી ૨૭ ટકા કરવાની પ્રક્રિયા વિચારણા હેઠળ હતી અને તે માટે રાજ્ય સરકારે ઝવેરી કમિશનની રચના કરીને વિધાનસભા ગૃહમાં કાયદો પસાર કર્યો હતો. આ કાયદાને લગતી પ્રક્રિયા પૂર્ણ નહીં થતા ગ્રામ પંચાયતોની ચૂંટણીમાં વિલંબ થયો હતો, પરંતુ હવે તમામ જિલ્લા કલેક્ટરોને સરપંચ સહિતના પદો માટે રોટેશન જાહેર કરવા સૂચના આપવામાં આવી છે, જેથી હવે ટૂંક સમયમાં જ ચૂંટણી પંચ દ્વારા ચૂંટણીની જાહેરાત કરવામાં આવે તેવી શક્યતા હોવાનું અહેવાલો જણાવી રહ્યા છે.

# અમદાવાદમાં વધુ એક વટવા સ્ટેશન પર રેલવે ટિકિટ રિઝર્વેશન સુવિધા શરૂ

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ દિવસે ને રાત્રે વિકસતા અમદાવાદને વધુ એક રેલવે ટિકિટ રિઝર્વેશન સુવિધા મળી છે.

પશ્ચિમ રેલ્વેના અમદાવાદ ડિવિઝનના વટવા સ્ટેશન પર મુસાફરોની સુવિધા માટે આરક્ષિત રેલવે ટિકિટ મેળવવા હેતુ પેસેન્જર રિઝર્વેશન સિસ્ટમની સુવિધા શરૂ કરવામાં આવી છે, તેમ રેલવેએ એક અખબારી યાદીમાં જણાવ્યું હતું.

વટવા સ્ટેશન પર રિઝર્વેશન સુવિધા સોમવારથી શનિવાર સવારે ૦૮:૦૦ થી ૧૨:૦૦ અને ૦૪:૦૦ થી ૦૮:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે અને રવિવારે આ સેવા સવારે ૦૮:૦૦ થી બપોરે ૦૨:૦૦ વાગ્યા સુધી ઉપલબ્ધ રહેશે. વટવા સ્ટેશન પર રિઝર્વેશન ટિકિટિંગ સિસ્ટમ શરૂ થવાથી, વટવા અને તેની આસપાસના વિસ્તારોના રહેવાસીઓને ટિકિટ રિઝર્વેશન માટે મણિનગર, કાલુપુર કે અન્ય સ્ટેશનો પર જવાની જરૂર રહેશે નહીં.

# અમરેલીમાં ટ્રેઈનર પ્લેન રહેણાક વિસ્તારમાં ક્રેશ થયુંઃ પાઈલોટનું મોત

અમરેલીઃ ગુજરાતના અમરેલી જિલ્લાના રહેણાક વિસ્તારમાં એક ટ્રેઈનર પ્લેન ક્રેશ થયું હતું અને સળગી ઊઠ્યું હતું. આ ઘટનામાં પાઇલટનું મોત થયું હતું.

અમરેલી શહેરના ગિરિયા રોડ વિસ્તારમાં બપોરે સાડા બાર આસપાસ આ ઘટના બની હતી, પરંતુ તેનું કારણ હજુ જાણમાં આવ્યું નથી તેમ અમરેલી સુપરિન્ટેન્ડન્ટ ઓફ પોલીસ સંજય ખરાતે જણાવ્યું હતું. આ પ્લેન અમરેલી એરપોર્ટથી જ ઊડ્યું હતું અને તેમાં એક પાયલટ હતો, જેનું મોત થયું છે.

પ્લેન અહીંના શાસ્ત્રીનગર વિસ્તારમાં પડતા સળગી ઊઠ્યું હતું, તેમ ખરાતે ઉમેર્યું હતું. તેમના કહેવા અનુસાર દિલ્હી સ્થિત ખાનગી એવિયેશન એકેડેમી દ્વારા ટ્રેઈનિંગ આપવામાં આવી રહી હતી.

સ્થાનિક પોલીસે અકસ્માતનો કેસ દાખલ કરી તપાસ શરૂ કરવાની પ્રક્રિયા શરૂ કરી છે. ત્યારબાદ પ્લેન ક્રેશ થયાનું કારણ જાણવા મળશે. દરમિયાન ફાયર સેફ્ટી વિભાગની ચાર ગાડીઓ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ ઓલવવામાં આવી હતી.

પ્લેન રહેણાક વિસ્તારમાં પડ્યું હોવા છતાં સદ્નસીબે અન્ય કોઈને ઈજા થઈ નથી. પ્લેન પહેલા વૃક્ષ સાથે અથડાયું અને પછી ખુલ્લી જગ્યામાં ક્રશ થયું હતું, તેવી માહિતી મળી છે. (પીટીઆઈ)

# ગુજરાતમાં ફરી ગરમીનું મોજું ફરી વળશેઃ તાપમાન બે થી ત્રણ ડિગ્રી વધવાની સંભાવના

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ ગુજરાતમાં ગરમીમાંથી આંશિક રાહત બાદ ફરીથી વધારો થવાની આગાહી રાજ્યના હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે. હવામાન વિભાગની આગાહી પ્રમાણે આગામી ૪૮ ક્લાક દરમિયાન રાજ્યના તાપમાનમાં બે ત્રણ ડિગ્રી સેલ્સિયસનો વધારો થઈ શકે છે. આગામી બે દિવસ દરમિયાન ગુજરાત પ્રદેશ અને સૌરાષ્ટ્ર-કચ્છના કેટલાક ભાગોમાં મહત્તમ તાપમાન ૪૦-૪૪ સેં. સુધી રહેવાની સંભાવના છે.

હવામાન વિભાગના જણાવ્યા અનુસાર દક્ષિણ ગુજરાત તેમજ સૌરાષ્ટ્ર-કચ્છના દરિયાકાંઠાના વિસ્તારોમાં આગામી ત્રણ દિવસ સુધી ગરમ અને ભેજવાળું હવામાન રહેવાની આગાહી છે. હાલ રાજયમાં ચૈત્રનો આકરો પ્રકોપ વર્તાઇ રહ્યો છે. ગઇકાલે રાજકોટ ૪૨-ડિગ્રીના તાપમાન સાથે રાજયનું સૌથી ગરમ શહેર હોવાનું જાણવા મળ્યું હતું. રાજકોટ ઉપરાંત રાજ્યના પાંચ સ્થળોએ પણ તાપમાન ૪૦ ડિગ્રી ઉપર નોધાયું હતું. હવામાન વિભાગની આગાહી મુજબ ગુજરાતના કેટલાક શહેરોમાં મહત્તમ તાપમાન ૪૦ ડિગ્રીથી વધારે રહે તેવી શક્યતા છે. જેમાં અમદાવાદ, અરવલ્લી, છોટાઉદેપુર, ગાંધીનગર, મહીસાગર, મોરબી, મહેસાણા, પંચમહાલ, રાજકોટ, સાબરકાંઠા સહિતના જિલ્લાઓમાં ૪૦ ડિગ્રી કરતા વધારે રહેશે. ગઈકાલે કચ્છના ભુજમાં ૪૨ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. આ સાથે સમગ્ર પંથકમાં ગરમ હવા અને લૂનો અનુભવ થયો હતો.

# દાહોદમાં એનટીપીસીના સોલાર પ્લાન્ટના ગોડાઉનમાં ભીષણ આગઃ ભારે નુકસાન

(અમારા પ્રતિનિધિ તરફથી)

દાહોદઃ ભાટીવાડા વિસ્તારમાં સોલાર પાવર પ્લાન્ટ માટેનું મટિરિયલ રાખવાના ગોડાઉનમાં ગત રાત્રે ભીષણ આગ ફાટી નીકળતા નાસભાગ મચી ગઈ હતી. આ ગોડાઉનમાં કેન્દ્રીય જાહેર ક્ષેત્રની કંપની નેશનલ થર્મલ પાવર કોર્પોરેશનના નિર્માણાધીન ૭૦ મેગાવોટના સોલાર પ્લાન્ટ માટેનું મટિરિયલ રાખવામાં આવ્યું હતું. ગત રાત્રે લાગેલી ભીષણ આગ ઓલવવા માટેની કામગીરી રાતભર ચાલુ રહી હતી.

અહેવાલ મુજબ સોમવારે રાત્રે ૯ વાગ્યાના અરસામાં આગ લાગી હતી અને પવનને કારણે આગ ખૂબ ઝડપથી ફેલાઈ હતી. ગોડાઉનમાં રાખવામાં આવેલા લગભગ ૪૦૦ કરોડ રૂપિયાથી વધુનું મટિરિયલ સંપૂર્ણપણે બળીને રાખ થઈ ગયું હોવાના અહેવાલો છે. જો કે આ ઘટનામાં હજુ સુધી કોઈ જાનહાનિના સમાચાર નથી. આગ લાગી ત્યારે સ્થળ પર લગભગ સાતથી આઠ કર્મચારીઓ અને ચાર સિક્યોરિટી ગાર્ડ હાજર હતાં, તમામને સુરક્ષિત રીતે બચાવી લેવામાં આવ્યા હતા. આજે મંગળવાર સવાર સુધીમાં આગ લગભગ કાબૂમાં આવી ગઈ હતી.

અહેવાલ મુજબ આ ગોડાઉનમાં સોલાર પેનલ, ટ્રાન્સફોર્મર, કેબલ વગેરે જેવું મટિરિયલ રાખવામાં આવ્યું હતું. આગની માહિતી મળતા જ એનટીપીસીના કર્મચારીઓ ઘટનાસ્થળે પહોંચી ગયા હતા પરંતુ ત્યાં સુધીમાં આગ એટલી બધી ફેલાઈ ગઈ હતી કે તેને કાબૂમાં લેવી મુશ્કેલ બની ગઈ હતી.

ફાયર બ્રિગેડના એક ઓફિસરે જણાવ્યું હતું કે દાહોદ, પડોશી ગોધરા, ઝાલોદ અને છોટા ઉદેપુરની ફાયરબ્રિગેડની ટીમો આગ ઓલવવાની કામગીરી માટે પહોંચી ગઈ હતી, પરંતુ જોરદાર પવનને કારણે આગ ઓલવવામાં મુશ્કેલીઓ પડી હતી. આગ લાગવાના કારણની તપાસ શરૂ કરવામાં આવી છે.

આ પ્લાન્ટનો વિરોધ થતો હોવાથી અને સોમવારે અહીં પથ્થરમારાની ઘટના બની હોવાથી આગ લગાવવામાં આવી હોવાની અટકળો વહેતી થઈ છે, પરંતુ આ મામલે સત્તાવાર નિવેદન કે માહિતી મળી નથી.

# ઉત્તર ગુજરાતમાં મંગળવાર બન્યો ‘અમંગળ’: અકસ્માતની ઘટનાઓમાં ત્રણનાં મોત

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્યમાં અકસ્માતની ઘટનાઓમાં સતત વધારો જોવા મળી રહ્યો છે. ત્યારે ઉત્તર ગુજરાતમાં સર્જાયેલા ત્રણ અકસ્માતોની ઘટનાથી પંથકમાં અરેરાટી વ્યાપી હતી. જુદા જુદા ત્રણ અકસ્માતની ઘટનામાં ત્રણ લોકોના મોત થયા હતા.

મળતી વિગતો અનુસાર હિંમતનગર-શામળાજી નેશનલ હાઇવે પર કન્ટેનર અને રિક્ષા વચ્ચે અકસ્માત સર્જાયો હતો. જેમાં બે વ્યક્તિના મોત થયા છે. આ અકસ્માતની ઘટનામાં શામળાજી તરફથી આવી રહેલા ટ્રક અને હાઇવે ક્રોસ કરી રહેલી રિક્ષા વચ્ચે ટક્કર સર્જાઇ હતી. જેમાં રિક્ષા ટ્રક કન્ટેનર નીચે દબાઈ ગઈ હતી. આ અકસ્માતની ઘટનામાં વાવડી ગામના કાજલબેન કાલુસિંહ મકવાણા (ઉં. વ. ૩૦) તેમ જ અન્ય એક ૪૦ વર્ષીય અજાણ્યા પુરુષનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. જ્યારે અન્ય એક મુસાફરને ગંભીર ઈજાઓ પહોંચતા તેમને હિંમતનગર સિવિલ હૉસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો.

અન્ય એક બનાવમાં પોશીના તાલુકાના ટેબડા ગામના દસ લોકોની કારને અકસ્માત નડ્યો હતો. અંબાજી ખાતે સામાજિક વિધિ પૂરી કર્યા બાદ ત્યાંથી પરત ફરતી વખતે રાણપુર ઘાટી નજીક કારનું ટાયર ફાટતા અકસ્માત સર્જાયો હતો. તમામ ઘાયલોને હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા, જે પૈકી ૬ ઘાયલોની સારવાર અંબાજી સિવિલ હૉસ્પિટલમાં ચાલી રહી હતી. જ્યારે અન્ય ગંભીર ઇજાગ્રસ્ત થયેલા લોકોને પાલનપુર ખસેડવામાં આવ્યા હતા.

અકસ્માતનો ત્રીજો બનાવ સાબરકાંઠા જિલ્લાના ઇડર તાલુકાના ઇસરવાડા પાસે રોડ પર સર્જાયો હતો. જેમાં ઇસરવાડાથી બાઈક લઈને કલ્પેશભાઈ રમેશભાઈ સોલંકી (ઉં. વ.૨૬) ખાનગી નોકરી પર જઈ રહ્યો હતો, તે દરમિયાન સામેથી આવી રહેલી એસટી બસ સાથે ટક્કર થતાં બાઈક ચાલકને ગંભીર ઈજાઓ થતા ઘટનાસ્થળે મોત નીપજ્યું હતું. ઘટનાની જાણ થતાની સાથે જાદર પોલીસે મૃતદેહનો કબજો મેળવી પોસ્ટમોર્ટમ માટે ખસેડ્યો હતો અને વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

# ગાંભોઈ-ભીલોડા રોડ પર સુરજપુરા નજીક પ્લાસ્ટિકની ફેક્ટરીમાં ભીષણ આગ

હિંમતનગરઃ ગુજરાતમાં મંગળવારે આગની ભયાનક ઘટનાઓ બની હતી. દાહોદ ઉપરાંત અહીંના હિંમતનગર ખાતે હિંમતનગરની પ્લાસ્ટિક ફેક્ટરીમાં ભીષણ આગ લાગી હતી. અહીં પ્લાસ્ટિકના દાણા બનાવતી ફેક્ટરીમાં સોમવારે મોડી રાત્રે આગની ઘટના બની હતી.

ફેક્ટરીના બહારના ભાગમાં કાચો માલ અને પ્લાસ્ટિક હોવાને કારણે આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું. તેમ જ ગાંભોઈ પોલીસને જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચ્યા હતા. હિંમતનગર ફાયર વિભાગની બે ટીમ એક મિની અને એક બ્રાઉઝર સાથે ઘટનાસ્થળે પહોંચી હતી. ફાયર વિભાગની ટીમોએ મંગળવારે સવારે સુધી કામગીરી કરી હતી અને ભારે જહેમત બાદ આગને કાબૂમાં લેવામાં આવી હતી. પ્રાથમિક તપાસમાં આગનું કારણ શોર્ટ સર્કિટ માનવામાં આવે છે. આગ બુઝાવ્યા બાદ કૂલિંગની કામગીરી શરૂ કરવામાં આવી હતી. આ સાથે ફરીથી આગ લાગવાની શક્યતાને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે વધુ એક બ્રાઉઝર બોલાવ્યું હતું. આગમા લાખોનું નુકસાન ગયું હોવાના અહેવાલો મળ્યા છે.

# સુરત પોલીસનો સરાહનીય પ્રયાસઃ આપઘાતના બનાવો રોકવા જાહેર કર્યા હેલ્પલાઈન નંબર

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ આપઘાતના બનાવો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. આપઘાત એ સમસ્યાનો ઉકેલ ન હોવા છતાં ભરવામાં આવતા આ પગલાંથી અનેક પરિવારનું ભવિષ્ય ખૂબ જ વિકટ બની જતું હોય છે. ત્યારે હવે સુરત પોલીસે આ મામલે એક સરાહનીય પગલું ભર્યું છે તેમ જ આપઘાતના બનાવોને રોકવા માટે ત્રણ હેલ્પલાઈન નંબર પણ શરૂ કરવામાં આવ્યા છે. આ પહેલા સુરત શહેર પોલીસ દ્વારા છેલ્લા ત્રણ વર્ષની અંદર નોંધાયેલા આપઘાતના કેસ પર સર્વે કરવામાં આવ્યો હોવાની માહિતી મળી છે.

મળતી વિગતો અનુસાર, સુરત શહેર પોલીસ દ્વારા બે ડીસીપીના માર્ગદર્શન હેઠળ છેલ્લાં ત્રણ વર્ષમાં નોંધાયેલા ૧,૮૬૬ આપઘાતના કેસનો અભ્યાસ અને વિશ્લેષણ કરવામાં આવ્યું હતું. આપઘાતના અલગ અલગ કારણો સર્વેમાં મળી આવ્યા હતા, તેમાં જાણવા મળ્યું હતું કે આપઘાતના કુલ બનાવો પૈકીના ૨૬ ટકા બનાવોનું મૂળ પારિવારિક બાબત રહી હતી. તે ઉપરાંત બીજું સૌથી મોટું કારણ બીમારી છે, જેના ૪૫૨ કેસ એટલે કે ૨૪ ટકા લોકોએ લાંબી બીમારીથી કંટાળીને જીવન ટૂંકાવ્યું હતું. તે ઉપરાંત આર્થિક સંકડામણ કે દેણાના કારણે આપઘાત કર્યા હોવાના ૩૫૫ કેસ નોંધાયા હતા. આ કેસની પાછળ મોટા ભાગે વ્યાજખોરી અને નાણાકીય દબાણ મુખ્ય કારણ રહ્યાં છે.

સુરત શહેરના જુદા જુદા વિસ્તારોમાં આપઘાતના બનાવોમાં વરાછામાં ૧૦૩, કાપોદ્રા ૧૭૧, સરથાણામાં ૧૫૨, લિંબાયતમાં ૧૭૫, ચોક બજારમાં ૧૦૦, ઉમરમાં ૫૩, રાંદેરમાં ૧૧૧, અમરોલીમાં ૧૦૮, સચિનમાં ૫૬, સચિન જીઆઈડીસીમાં ૭૦ કેસ નોંધાયા હતા.

શહેરમાં વધતાં જતા આપઘાતના બનાવો અટકાવવા માટે શહેર પોલીસ દ્વારા એક હેલ્પલાઇન નંબર પણ જાહેર કરવામાં આવ્યો છે. આ અંગે પોલીસે જણાવ્યું હતું કે ક્યારેક કોઈ વ્યક્તિને આવી પરિસ્થિતિમાં કોઈ મદદની જરૂરિયાત હોય તો પણ આ હેલ્પલાઈનનો સંપર્ક કરી શકશે અને અત્રે મનોવૈજ્ઞાનિક સલાહકાર તેઓ સાથે રૂબરૂ અથવા ફોન ઉપર જરૂરી કાઉન્સલિંગ કરી તેઓને હકારાત્મક માર્ગ પર લાવવા કોશિશ કરશે. આ પ્રકારની વ્યક્તિઓ અંગે સમયાંતરે ફોલો-અપ પણ લેવામાં લેવાશે. આ હેલ્પલાઈનના સ્ટાફ તમામ થાણા અધિકારીઓ તથા પીસીઆર, મોબાઈલ વાન સાથે સંપર્કમાં રહી આ કામગીરી કરવામાં આવશે.

આ હેલ્પલાઈનમાં ૧૦૦ નંબરનો પણ સમાવેશ થાય છે, તે ઉપરાંત ૮૧૨૮૩૬૯૧૦૦ અને ૮૧૨૮૩૦૮૧૦૦ નંબર ૨૪ કલાક કાર્યરત રહેશે. જેમાં બે પોલીસ અને એક કાઉન્સિલરની ટીમ ૨૪ કલાક હાજર રહેશે અને રાઉન્ડ ધ કલોક પોલીસ હેલ્પલાઈન શરૂ રહેશે.

# પાટણમાં મંદિરની બહાર રમકડા વેંચતા માતાના દીકરાએ પાસ કરી યુપીએસસી

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ સંઘ લોક સેવા આયોગ એટલે યુપીએસસી દ્વારા સિવિલ સર્વિસિઝ એક્ઝામિનેશનનું અંતિમ પરિણામ જાહેર કરવામાં આવ્યું હતું. આજે જાહેર કરવામાં આવેલા પરિણામોમાં ટોપ ૩૦માં ૩ ગુજરાતીઓ સમાવેશ પામ્યા છે. પરંતુ તેમાના પાટણના અંકિત વાણિયાની સફર કઈક જુદી રહી છે.

મળતી વિગતો અનુસાર યુપીએસસી દ્વારા જાહેર કરવામાં આવેલા પરિણામના ટોપ ૩૦ની યાદીમાં ત્રણ ગુજરાતીઓનો સમાવેશ થાય છે. તેમાંના પાટણના સામાન્ય પરિવારના અંકિત વાણિયાને ૬૦૭ રેન્ક મળ્યો છે. અંકિત વાણિયાના પિતા પાટણના કુણઘેર ગામમાં એલ.આઈ.સી માં પટ્ટાવાળા તરીકે નોકરી કરે છે જ્યારે તેમના મમ્મી ચુડેલ માતાના મંદિરની બહાર રમકડાની લારી ચલાવતા હતા.

અંકિતે વર્ષ ૨૦૧૬માં જીપીએસસી-યુપીએસસી પાસ કરી ક્લાસ વન અધિકારી બનવાના સ્વપ્ન સાથે મહેનત શરૂ કરી દીધી. તેણે કોઈપણ પ્રાઈવેટ કોચિંગ વગર જ સરકારી લાઈબ્રેરી અને સ્પીપામાં તૈયારી કરી હતી અને સતત ત્રણ વર્ષ સુધી સંઘર્ષ કરીને જીપીએસસી પાસ કરીને મદદનીશ કમિશનર બન્યા હતા.

અંકિતે ૨૦૧૮માં સૌપ્રથમ સિનિયર ક્લાર્કની પરીક્ષા પાસ કરી હતી. છોટા ઉદેપુરમાં ફરજ ની સાથે તૈયારીઓ કરી હતી. ત્યારબાદ ૨૦૨૦માં ચીફ ઓફિસરની પરીક્ષા પાસ કરી હતી અને નોકરી જોઇન કર્યા બાદ ફરજની સાથે તેનું આઈએએસ અધિકારી બનવાનું સ્વપ્ન પૂર્ણ ન થઈ શકે એમ હોય લાગતા નોકરીમાંથી રાજીનામું આપ્યું હતું. ત્યારબાદ ફરીથી તૈયારી શરૂ કરીને જીપીએસસીમાં ૫૦૬ ગુણ મેળવીને હાલમાં મદદનીશ કમિશનર આદિજાતિ વિકાસ વિભાગમાં ક્લાસ વન અધિકારી તરીકે પસંદ થયા હતા અને હવે તેમણે યુપીએસસી પાસ કરી છે.

જોકે દીકરો જ્યારે ૨૦૧૮માં પહેલીવાર અધિકારી બન્યો ત્યારે જ તેણે માતાનું કામ બંધ કરાવ્યું અને તેને આરામ આપ્યો. ગુજરાતની અન્ય બે યુવતીઓ માર્ગી શાહ અને હર્ષિતા ગોયલ પણ ઝળહળતી સફળતા મેળવી ગુજરાતનું ગૌરવ બની છે.

# રાજ્ય સરકારે ૧૧૮ માર્ગોના રિસરફેસિંગનાં કામો માટે ૯૭૫ કરોડ રૂપિયા મંજૂર કર્યા

(અમારા પ્રતિનિધિ તરફથી)

અમદાવાદઃ રાજ્ય સરકારે જરૂરિયાતવાળા રસ્તાઓના રિસરફેસિંગ અને અન્ય આનુષાંગિક કામગીરી માટે ૧૧૮ માર્ગોની ૭૩૫ કિલોમીટર લંબાઇમાં આવા કામો માટે ૯૭૫ કરોડ રૂપિયા માર્ગ-મકાન વિભાગ માટે મંજૂર કર્યા છે. આ ઉપરાંત મહેસાણા જિલ્લાના કડી તથા કચ્છના દેશલપર-હાજીપીરમાં રોડ નેટવર્કના વિવિધ કામો માટે કુલ ૨૬૭ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા હતા.

તે અનુસાર મહેસાણા જિલ્લાના કડી તાલુકામાં આવતા માર્ગોની જરૂરી સુધારણાનાં ચાર કામો માટે કુલ ૧૭૧ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. આ ચાર માર્ગોમાં ડાંગરવા-કરજીસણ રોડ તેમજ કડી-જાસલપુર-મોકાસણ-સૂરજ રોડના મજબૂતીકરણ, રિસરફેસિંગ અને સી.સી. રોડની કામગીરી માટે કુલ ૨૭ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે.

આ જ તાલુકાના અન્ય બે માર્ગો એવા ભાલ્ટી-ધરમપુર-ખાવડ રોડ તેમજ કડી-નાની કડી-બાવડુ-ચંદ્રાસણ -ખોડાનો ઢાળ રોડ જેવા કડી તાલુકા મથક સાથે જોડાતા અગત્યના રસ્તાઓ પરના ટ્રાફિક ભારણને ધ્યાનમાં લઈને આ માર્ગોને સાત મીટર તથા ૧૦ મીટર પહોળા કરવાની કામગીરી માટે ૧૪૪ કરોડ રૂપિયા રાજ્ય સરકારે ફાળવ્યા છે. આમ, કડી તાલુકાના માર્ગ સુધારણાના કુલ ચાર કામો માટે ૧૭૨ કરોડ રૂપિયા મંજૂર કરવામાં આવ્યા છે.

તે ઉપરાંત કચ્છ જિલ્લાના યાત્રાધામ હાજીપીરને જોડતા દેશલપર-હાજીપીરના ૩૨ કિલોમીટર લંબાઈના સાત મીટર પહોળા સ્ટેટ હાઈવે પર અતિભારે વાહનોની અવરજવર ધ્યાનમાં લઈને તેને સી.સી. રોડ બનાવવા માટે ૯૫ કરોડ રૂપિયા ફાળવવામાં આવ્યા છે. સમગ્ર રાજ્યમાં માર્ગોના મજબૂતીકરણ, રિસરફેસિંગ, સી.સી. રોડ વગેરે કામો માટે ૧૨૪૨ કરોડ રૂપિયા મંજૂર કર્યા છે, તેમ માહિતી ખાતાએ એક યાદીમાં જણાવ્યું હતું.

# દૈનિક મુંબઈ સમાચાર

૨૦૩ વર્ષ

R.N.I. No. 1563/1957 ★

મુંબઈથી પ્રસિદ્ધ થતું ■ સ્થાપનાઃ ૧ જુલાઈ ૧૮૨૨ ■ પુસ્તકઃ ૨૦૪ ■ Volume 68 ■ Issue 95 ■ વિક્રમ સંવત ૨૦૮૧
■ ચૈત્ર વદ-૧૦ ■ મુંબઈ ■ MUMBAI SAMACHAR ■ www.bombaysamachar.com ■ 23 April 2025, Wednesday ■ REGD.No. MCS/058/2024-26

બુધવાર, ૨૩ એપ્રિલ ૨૦૨૫, કિંમત ₹ ૧૦.૦૦ | ઈન્ટરવલ પૂર્તિ | LIKE & FOLLOW: /Mumbaisamachar4u


# કાશ્મીરમાં પર્યટકો પર મોટો ત્રાસવાદી હુમલો

## ૨૭નાં મોત, અનેક ઘાયલ

▸ ભોગ બનેલાઓમાં ગુજરાત, મહારાષ્ટ્રના લોકોનો સમાવેશ ▸ હિંદુઓને લક્ષ્ય બનાવાયા હોવાનો આરોપ ▸ અમરનાથયાત્રાને અસર થવાની ભીતિ








**આતંકવાદી હુમલોઃ** જમ્મુ-કાશ્મીરના અનંતનાગ જિલ્લામાં આતંકવાદીઓએ મંગળવારે પર્યટકો પર હુમલો કર્યા બાદ કડક પહેરો ભરી રહેલા સુરક્ષા અધિકારીઓ. આ હુમલામાં ૨૭ પર્યટક માર્યા ગયા હતા. (એજન્સી)

શ્રીનગરઃ દક્ષિણ કાશ્મીરના અનંતનાગ જિલ્લાના પહલગામમાં મંગળવારે ત્રાસવાદીઓએ પર્યટકો પર કરેલા મોટા હુમલામાં ઓછામાં ઓછા ૨૭ પર્યટક માર્યા ગયાં હતાં અને અન્ય અનેક પર્યટક ઘાયલ થયા હતા. ભોગ બનેલા પર્યટકોમાં ગુજરાત અને મહારાષ્ટ્રના પર્યટકોનો સમાવેશ થાય છે.

ઘાયલોમાં ભાવનગરના વિનોદ ભટ્ટ ઉપરાંત ગુજરાતના જ માણિક પટેલ તેમ જ રીના પાણ્ડેયનો સમાવેશ થાય છે.

ત્રાસવાદીઓ દ્વારા પર્યટકો, ખાસ કરીને હિંદુઓને ધર્મના આધારે મારવામાં આવ્યા હોવાનું કહેવાય છે. અહીં પર્યટકો પર થયેલા હુમલાથી અમરનાથયાત્રા માટે આવતા શ્રદ્ધાળુઓની સંખ્યા પણ ઘટી જવાની ભીતિ છે.

હુમલામાં મરનારા લોકો અને ઘાયલોની ચોક્કસ સંખ્યા મોડી રાત સુધી સત્તાવાર જાહેર નહોતી કરાઇ. હુમલામાંનો મરણાંક

(જુઓ પાનું ૨) ▸▸

### મોદીએ ત્રાસવાદ- વિરોધી કાર્યવાહી અમિત શાહને સોંપી

નવી દિલ્હીઃ વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ જમ્મુ અને કાશ્મીરમાં પર્યટકો પર થયેલા હુમલાના સંબંધમાં ત્રાસવાદીઓ સામે પગલાં લેવાની જવાબદારી કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહને સોંપી હતી.

મોદીએ અમિત શાહને જમ્મુ અને કાશ્મીર જઇને ત્રાસવાદ-વિરોધી કાર્યવાહી તેમ જ કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ પર નજર રાખવાની સૂચના આપી હતી. (એજન્સી) ■

### ત્રાસવાદીઓએ ગંભીર પરિણામ ભોગવવા પડશેઃ ગૃહ પ્રધાન

નવી દિલ્હીઃ કેન્દ્રના ગૃહ પ્રધાન અમિત શાહે જણાવ્યું હતું કે આ હુમલો કરનારા ત્રાસવાદીઓએ ગંભીર પરિણામ ભોગવવા પડશે. અમિત શાહ જમ્મુ અને કાશ્મીરના પહલગામમાંના ત્રાસવાદી હુમલાને પગલે સંબંધિત સુરક્ષા દળોની કાર્યવાહી પર નજર રાખવા જાતે કાશ્મીર ગયા હતા.

તેમણે કાશ્મીર જવા રવાના થતાં પહેલાં વડા પ્રધાન નરેન્દ્ર મોદી સાથે આ ઘટના અંગે ચર્ચા કરી હતી અને વીડિયો કોન્ફરન્સિંગ દ્વારા અધિકારીઓને જરૂરી સૂચના આપી હતી. (એજન્સી) ■

### અમાનવીય કૃત્યઃ ઉમર અબદુલ્લા

શ્રીનગરઃ મુખ્ય પ્રધાન ઉમર અબદુલ્લાએ જણાવ્યું હતું કે જમ્મુ અને કાશ્મીરમાં તાજેતરમાં પર્યટકો પર થયેલો આ સૌથી મોટો હુમલો હતો. મરણાંક વધવાની ભીતિ છે. તેમણે જણાવ્યું હતું કે ત્રાસવાદીઓનું આ કૃત્ય અમાનવીય હતું. હું મરનારા અને ઘાયલ થયેલા લોકોના પરિવાર પ્રત્યે સહાનુભૂતિ ધરાવું છું. (એજન્સી) ■

## મહારાષ્ટ્ર સરકારની હિન્દી લાગુ કરવાના મુદ્દે પીછેહઠ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિપક્ષોના વિરોધ વચ્ચે રાજ્યમાં મરાઠી અને અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં પહેલા ધોરણથી પાંચમા ધોરણ સુધી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત કરવાના નિર્ણય પર મહારાષ્ટ્ર સરકાર દ્વારા સ્ટે મૂકવામાં આવે છે, એમ રાજ્યના સ્કૂલ શિક્ષણ ખાતાના પ્રધાન દાદા ભૂસેએ મંગળવારે જણાવ્યું હતું.

આ અંગે નવેસરથી સરકારી ઠરાવ (જીઆર) રજૂ કરવામાં આવશે, એમ તેમણે વધુમાં જણાવ્યું

(જુઓ પાનું ૨) ▸▸

## ઝડપી ઉછાળા સાથે શુદ્ધ સોનાએ ₹ ૯૯,૧૦૦ની સપાટી સ્પર્શી

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ દેશભરમાં સોનું એક લાખનો આંકડો હાસલ કરવા તત્પર થયું છે અને મુંબઇમાં પણ ઝડપી ઉછાળા સાથે રૂ. ૯૯,૧૦૦ની સપાટી સ્પર્શી લીધી હતી. જોકે, ઊંચા મથાળે લેવાલીનો ટેકો ના મળવા ઉપરાંત પ્રોફિટ બુકિંગને કારણે સોનાએ આ સપાટી ગુમાવવી પડી હતી. ગુજરાત અને દિલ્હી સહિત

(જુઓ પાનું ૨) ▸▸

## હાર્વર્ડ યુનિવર્સિટીએ ટ્રમ્પના વહીવટીતંત્ર સામે કેસ કર્યો

બોસ્ટનઃ હાર્વર્ડ યુનિવર્સિટીએ સોમવારે જાહેર કર્યું હતું કે અમે ટ્રમ્પના વહીવટીતંત્રની સામે કેસ કર્યો છે. અમે સરકારની નીતિ સામે ઝૂકી નહિ જઇએ.

હાર્વર્ડ યુનિવર્સિટીના આ વલણને પગલે ટ્રમ્પ વહીવટીતંત્રે આ યુનિવર્સિટી માટેની ૨.૨ અબજ (જુઓ પાનું ૨) ▸▸

## કચ્છમાં ૫.૦ મેગ્નીટ્યૂડ ભૂકંપનો જોરદાર આંચકો

(અમારા પ્રતિનિધિ તરફથી)

ભુજઃ ગાંધીનગર સ્થિત ISR (ઇન્સ્ટિટ્યૂટ ઑફ સિઝ્મોલોજીકલ રિસર્ચ) દ્વારા આપવામાં આવેલી માહિતી મુજબ, ૨૨ એપ્રિલ, ૨૦૨૫ની રાત્રે ૧૧.૨૬ કલાકે કચ્છ જિલ્લામાં ભૂકંપ નોંધાયો છે. ભૂકંપનું કેન્દ્ર દુધઈ ગામથી આશરે ૧૭ કિ.મી. ઉત્તર-ઉત્તરપૂર્વમાં ૨૩.૬ કિ.મી. ઉંડાઇએ આવેલું હતું. ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૫.૦ માપવામાં આવી છે. સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ, ઝટકા થોડા સેકન્ડ સુધી અનુભવાયા હતા. જોકે, અત્યાર સુધીમાં કોઈ પણ પ્રકારની જાનહાનિ કે નુકસાનીના અહેવાલો સામે આવ્યા નથી. છતાં, લોકો થોડીક ક્ષણ માટે ઘરની બહાર દોડી આવ્યાં હતા. ISR દ્વારા સ્થિતીની નજર રાખવામાં આવી રહી છે અને અધિકૃત સ્ત્રોતો દ્વારા વધુ માહિતી વહેલી તકે જાહેર કરવામાં આવશે. ■




## એકસ્ટ્રા અફેર

ભરત ભારદ્વાજ
feedback@bombaysamachar.com

# રાહુલ વિદેશી નાગરિક છે એવું સાબિત કોણ કરે?

**કૉંગ્રેસના** સાંસદ અને લોકસભામાં વિપક્ષના નેતા રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં એ મુદ્દો પાછો ચર્ચામાં છે કેમ કે અલ્હાબાદ હાઈ કોર્ટની લખનઊ કેન્દ્ર સરકારને ૧૦ દિવસમાં જવાબ આપવા કહ્યું છે. ભાજપ કાર્યકર વિગ્નેશ શિશિરે સુપ્રીમ કોર્ટમાં અરજી કરીને દાવો કર્યો છે કે, રાહુલ ગાંધી ભારતીય નહીં પણ બ્રિટિશ નાગરિક છે તેથી તેમને સાંસદ તરીકે ગેરલાયક ઠેરવવા જોઈએ અને તેમની સામે ખોટું બોલવા બદલ કાનૂની કાર્યવાહી કરવી જોઈએ. આ કેસ લગભગ છ વર્ષથી ચાલે છે ને સુપ્રીમ કોર્ટે પહેલાં કેન્દ્રના ગૃહ મંત્રાલયને આ મુદ્દે તપાસ કરવા પણ કહેલું.

ગૃહ મંત્રાલયે સ્ટેટસ રિપોર્ટ રજૂ કર્યો પણ હાઈ કોર્ટે તેને યોગ્ય માન્યો નથી કેમ કે ગૃહ મંત્રાલયે યુકે સરકાર પાસે આ અંગે સ્પષ્ટતા માગી હતી. યુકે સરકારે હજુ જવાબ આપ્યો નથી એવો જવાબ ગૃહ મંત્રાલયે રજૂ કર્યો પણ હાઈ કોર્ટે અસંતોષ વ્યક્ત કરીને કેન્દ્ર સરકારને વધુ સ્પષ્ટ જવાબ આપવાનું ફરમાન કર્યું છે કે, આ મામલો રાષ્ટ્રીય મહત્ત્વનો છે અને તેમાં વિલંબ ચલાવી લેવાય નહીં. હાઈ કોર્ટના વલણને પગલે કેન્દ્ર સરકારે જવાબ આપવા માટે વધારાનો સમય માગ્યો પછી હાઈ કોર્ટે આગામી સુનાવણી પાંચ મેના રોજ થશે એવું જાહેર કર્યું છે પણ કેન્દ્ર સરકારને આ વખતે ચોક્કસ જવાબ સાથે આવવા પણ તાકીદ કરી છે.

કેન્દ્રીય ગૃહ મંત્રાલય આ વખતે શું જવાબ લઈને હાજર થાય છે એ જોવાનું છે પણ આ મુદ્દે જે ઘમ્મરવલોણું ચાલી રહ્યું છે એ જોયા પછી એટલું ચોક્કસ કહી શકાય કે, ભારતમાં નવરા લોકોની કમી નથી અને આપણી અદાલતોને પણ કેસોનો નિકાલ કરવા કરતાં વધારે રસ આવા નવરા લોકોને પોષવામાં અને તેમની ફાલતુ વાતોમાં પડે છે. રાહુલ ગાંધી ભારતીય નાગરિક છે કે નહીં એ મુદ્દો મહત્ત્વનો છે તેનો ઈન્કાર ના થઈ શકે પણ આ મુદ્દો ચ્યુંઈંગ ગમની જેમ લંબાયા કરે છે એ કઠે છે. છેલ્લાં ૬ વર્ષથી રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી એવા દાવા થાય છે પણ એ સાબિત કરવાના કોઈ પુરાવા રજૂ કરાતા નથી. ૨૦૧૯માં પહેલી વાર અરજી થઈ ત્યારથી આ ખેલ ચાલ્યા કરે છે.

રસપ્રદ વાત પાછી એ છે કે, રાહુલ ગાંધીની નાગરિકતા પર સવાલ ઉઠાવતી એક અરજી સુપ્રીમ કોર્ટ બહુ પહેલાં જ ફગાવી ચૂકી છે. એ વખતે ગૃહ મંત્રાલયને રાહુલની નાગરિકતાના મામલાની તાત્કાલિક તપાસ કરવા આદેશ આપવા વિનંતી કરાઈ હતી. રાહુલ ગાંધી બ્રિટનના કોઈ કંપનીમાં ભાગીદાર છે અને આ કંપની દ્વારા બ્રિટિશ સરકારમાં રજૂ કરાયેલા સત્તાવાર દસ્તાવેજોમાં રાહુલ ગાંધી બ્રિટનના નાગરિક છે એવું કહેવાયું હોવાના દાવા સાથે રાહુલને સંસદસભ્યપદેથી ગેરલાયક ઠેરવવા અરજી કરાઈ હતી.

ભાજપે જેમને પછીથી રાજ્યસભાના સભ્ય બનાવ્યા એ તત્કાલિન ચીફ જસ્ટિસ રંજન ગોગોઈની આગેવાની હેઠળની બેન્ચે આ અરજી ફગાવી દીધી હતી. જસ્ટિસ ગોગોઈએ આ ચુકાદો આપતાં કહ્યું હતું કે કોઈ કંપની રાહુલ ગાંધીને એક ફોર્મમાં બ્રિટિશ નાગરિક જાહેર કરે તેનો અર્થ એ નથી કે તેઓ બ્રિટિશ થઈ ગયા છે. રાહુલની બ્રિટિશ નાગરિકતા માટે નક્કર પુરાવા જોઈએ અને એક ફોર્મ આ પુરાવો ના બની શકે.

સુપ્રીમ કોર્ટે આ અરજી ફગાવી એ પછી નહેરૂ-ગાંધી ખાનદાન અને નરેન્દ્ર મોદી બંનેની પાછળ હાથ ધોઈને પડેલા ડૉ. સુબ્રમણ્યમ સ્વામીએ ગયા વરસે પાછી દિલ્હી હાઈ કોર્ટમાં અરજી કરી હતી. સુબ્રમણ્યમ સ્વામીએ દિલ્હી હાઈ કોર્ટમાં કરેલી અરજીમાં માગણી કરી હતી કે, હાઈ કોર્ટ ગૃહ મંત્રાલયને રાહુલની ભારતીય નાગરિકતા રદ કરવા માટે આદેશ આપે. સુબ્રમણ્યમ સ્વામીનું કહેવું હતું કે, તેમણે પાંચ વર્ષ પહેલાં એટલે કે ૨૦૧૯માં રાહુલ ગાંધીની નાગરિકતા અંગે ગૃહ મંત્રાલયને ફરિયાદ કરી હતી. હજુ સુધી ગૃહ મંત્રાલયે આ મુદ્દે કશું કહ્યું નથી કે શું પગલાં લીધાં છે તે સ્પષ્ટ નથી કર્યું. આ સંજોગોમાં રાહુલની નાગરિકતા રદ કરવા માટે હાઈ કોર્ટે આદેશ આપવો જોઈએ.

દિલ્હી હાઈ કોર્ટમાં આ મુદ્દો અટવાયેલો છે ત્યાં ૨૦૨૪ની ચૂંટણીમાં રાહુલ ગાંધી લોકસભાની રાયબરેલી બેઠક પરથી જીતી ગયા એટલે પાછી રાહુલની નાગરિકતા સામે શંકા કરતી નવી અરજી થઈ ગઈ. ૧ જુલાઈ, ૨૦૨૪ના રોજ કર્ણાટકના વકીલ અને ભાજપના નેતા એસ વિગ્નેશ શિશિરે અલ્હાબાદ હાઈ કોર્ટમાં અરજી કરીને રાહુલ ગાંધી પાસે બ્રિટિશ નાગરિકતા હોવાનો આક્ષેપ મૂક્યો હતો. વિગ્નેશે ૨૦૨૨માં બ્રિટિશ સરકારના એક ગુપ્ત મેઇલનો ઉલ્લેખ કરીને આ આક્ષેપ મૂકીને ભારતીય નાગરિકતા અધિનિયમ, ૧૯૫૫ની કલમ ૯(૨) હેઠળ રાહુલ ગાંધીની ભારતીય નાગરિકતા રદ કરવાની માગ કરી હતી.

અરજીમાં રાહુલ ગાંધીએ બ્રિટિશ નાગરિકતા છુપાવી હોવાથી રાયબરેલી લોકસભા બેઠક પરથી ચૂંટણી રદ કરવાની માગ કરવામાં આવી હતી. અરજદારે દલીલ કરી છે કે તેમની પાસે બ્રિટિશ સરકારના બધા દસ્તાવેજો અને કેટલાક ઇમેઇલ્સ છે જે સાબિત કરે છે કે રાહુલ ગાંધી બ્રિટિશ નાગરિક છે તેથી ભારતમાં ચૂંટણી લડવા માટે અયોગ્ય છે.

હાઈ કોર્ટે તાત્કાલિક આ મામલો હાથ પર લીધો અને પચીસ નવેમ્બર, ૨૦૨૪ના રોજ હાઈ કોર્ટે ગૃહ મંત્રાલયને આદેશ આપેલો કે, ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ સુધીમાં રાહુલ ગાંધીની નાગરિકતા રદ કરવાની અરજી પર નિર્ણય લો. ૧૯ ડિસેમ્બર, ૨૦૨૪ના રોજ સુનાવણી થઈ ત્યારે ગૃહ મંત્રાલયે જવાબ રજૂ કરવા માટે ૮ અઠવાડિયાનો સમય માંગ્યો હતો. આ સમય પણ પૂરો થઈ ગયો અને ભારત સરકારે યુકે સરકારનો સંપર્ક પણ કર્યો છે પણ હજુ સુધી ત્યાંથી કોઈ જવાબ આવ્યો નથી.

આ જવાબ ક્યારે આવશે એ ખબર નથી પણ હાઈ કોર્ટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયને ધંધે લગાડી દીધું છે. હાઈ કોર્ટનું આ વલણ વિચિત્ર છે. ખરેખર તો જેણે આક્ષેપ મૂક્યો છે કે, રાહુલ ગાંધી ભારતીય નાગરિક નથી તેણે તેના પુરાવા રજૂ કરીને આ વાત સાબિત કરવાની હોય. ગૃહ મંત્રાલય શું કરવા આ બધી મગજમારીમાં પડે? વિગ્નેશનો દાવો છે કે, તેની પાસે પૂરતા પુરાવા છે. હાઈ કોર્ટે આ કહેવાતા પુરાવા નક્કર છે કે નહીં એ નક્કી કરવાનું હોય ને તેના આધારે કેસનો નિવેડો લાવવાનો હોય. ભૂતકાળમાં સુપ્રીમ કોર્ટે એ જ કરેલું ને અત્યારે પણ એ જ શ્રેષ્ઠ રસ્તો છે. તેના બદલે હાઈ કોર્ટ ગૃહ મંત્રાલયનો સમય બગાડી રહી છે.

## આજનું પંચાંગ

પંડિત જિતેન હરિહર મહેસાણાવાળા

ઉત્તરાયણ - સૌર ગ્રીષ્મઋતુ, બુધવાર, તા. ૨૩-૪-૨૦૨૫, પંચક, ભદ્રા

- ભારતીય દિનાંક ૩, માહે વૈશાખ, શકે ૧૯૪૭
- વિક્રમ સંવત ૨૦૮૧, શા. શકે ૧૯૪૬, ચૈત્ર વદ -૧૦
- જૈન વીર સંવત ૨૫૫૧, માહે ચૈત્ર, તિથિ વદ-૧૦
- પારસી શહેનશાહી રોજ ૧૨મો મોહોર, માહે ૯મો આદર, સને ૧૩૯૪
- પારસી કદમી રોજ ૧૨મો મોહોર, માહે ૧૦મો આવાં, સને ૧૩૯૪
- પારસી ફસલી રોજ ૪થો શહેરેવર, માહે ૨જો અર્દીબહેશ્ત, સને ૧૩૯૪
- મુસ્લિમ રોજ ૨૪મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- મીસરી રોજ ૨૫મો, માહે ૧૦મો શવ્વાલ, સને ૧૪૪૬
- નક્ષત્ર ઘનિષ્ઠા બપોરે ક. ૧૨-૦૭ સુધી, પછી શતભિષા
- ચંદ્ર કુંભમાં
- ચંદ્ર રાશિ નામાક્ષરઃ કુંભ (ગ, સ, શ, ષ)
- સૂર્યોદયઃ મુંબઈ ક. ૦૬ મિ. ૧૭, અમદાવાદ ક. ૦૬ મિ. ૧૪, સ્ટા. ટા.,
- સૂર્યાસ્તઃ મુંબઈ ક. ૧૮ મિ. ૫૬, અમદાવાદ ક. ૧૯ મિ. ૦૧, સ્ટા. ટા.

મુંબઈ સમુદ્રમાં ભરતી ઓટદ્ઢ

- ભરતીઃ સવારે ક. ૦૭-૫૬, રાત્રે ક. ૨૦-૩૪
- ઓટઃ બપોરે ક. ૧૪-૦૦, મધ્યરાત્રિ પછી ક. ૦૩-૦૩ (તા. ૨૪)

વ્રત પર્વાદિઃ વિક્રમ સંવત ૨૦૮૧, 'અનલ' નામ સંવત્સર પ્રારંભ, શાલિવાહન શક સંવત ૧૯૪૭, 'વિશ્વાવસુ'નામ સંવત્સર, ચૈત્ર કૃષ્ણ - દસમી. બાબુ કેયૂરસિંહ શહીદ દિન (બિહાર), પંચક, ભદ્રા સમાપ્તિ સાંજે ક. ૧૬-૪૩.

- શુભાશુભ દ્વિનશુદ્ધિઃ બપોરે ક. ૧૨-૩૭ પછી શુભ કાર્ય વર્જ્ય છે.
- મુહૂર્ત વિશેષઃ વાસ્તુકળશ, મંગળ-બુધ ગ્રહદેવતાનું પૂજન, વસુદેવતાનું પૂજન, સર્વશાંતિ, શાંતિ પૌષ્ટિક પૂજા, શ્રી વિષ્ણુ-લક્ષ્મી પૂજા, રાજ્યાભિષેક, મંદિરોમાં પાટ-અભિષેક પૂજા, ધજા-કળશ પતાકા ચઢાવવી. અગાઉ વાસ્તુપૂજા થયેલ ઘરમાં રહેવા જવું, પરદેશગમનનું પસ્તાનું, નવા વસ્ત્રો, આભૂષણ, નવી નોકરી, વાહન સવારી, દુકાન, રત્ન ધારણ, વિદ્યારંભ, નામકરણ, દેવદર્શન, અન્નપ્રાશન, ધાન્ય ભરવું, વેંચવું, બી વાવવું, ખેતીવાડી, વૃક્ષ રોપવા, હજામત, નવી તિજોરીની સ્થાપના, પશુ લે-વેંચ.
- આચમનઃ ચંદ્ર - હર્ષલ ચતુષ્કોણ અચોક્કસ સ્વભાવના.
- ખગોળ જ્યોતિષઃ ચંદ્ર - હર્ષલ ચતુષ્કોણ.
- ગ્રહગોચરઃ સૂર્ય-મેષ, માર્ગી મંગળ-કર્ક, માર્ગી બુધ-મીન, માર્ગી ગુરુ-વૃષભ, માર્ગી શુક્ર-મીન, માર્ગી શનિ-મીન, રાહુ-મીન, કેતુ-કન્યા, માર્ગી હર્ષલ-વૃષભ, માર્ગી નેપ્ચૂન-મીન, માર્ગી પ્લુટો-મકર.

# વિશ્વભરના લોકોએ પૉપ ફ્રાન્સિસને શ્રદ્ધાંજલિ આપી

## ભારતમાં ત્રણ દિવસનો શોક

નવી દિલ્હીઃ પૉપ ફ્રાન્સિસનું ૮૮ વર્ષની જૈફ વયે અવસાન થયાના એક દિવસ બાદ વિશ્વભરના લોકોએ મંગળવારે તેમને શ્રદ્ધાંજલિ આપી હતી અને તેમનાં અવસાન અંગે શોક વ્યક્ત કર્યો હતો.

પૉપ ફ્રાન્સિસની અંતિમવિધિના સમયપત્રકનું આયોજન કરવા તેમ જ તેમના ઉત્તરાધિકારીને ચૂંટી કાઢવા સહિત અન્ય નિર્ણયો લેવા ચર્ચના મુખ્ય અધિકારીઓ મંગળવારે મળશે.

અંતિમવિધિની તારીખ હજુ સુધી જાહેર કરવામાં નથી આવી અને પૉપના ઉત્તરાધિકારી અંગે પણ કોઈ નિર્ણય લેવામાં નથી આવ્યો.

ફ્રાન્સિસ ઈતિહાસના સર્વપ્રથમ લૅટિન અમેરિકન પૉપ હતા. ગરીબો પરત્વેની ચિંતાઅને વિનયશીલ સ્વભાવથી તેમણે વિશ્વરભરના લોકોને આકર્ષ્યા હતા. શ્વસનતંત્રને લગતી બીમારીના સારવાર માટે ૩૮ દિવસ હૉસ્પિટલમાં રહ્યા બાદ ફ્રાન્સિસ તાજેતરમાં જ વૅટિકન પરત ફર્યા હતા. પૉપ તરીકે તેમના ૧૨ વર્ષના કાર્યકાળ દરમિયાન હૉસ્પિટલમાં તેમનું આ સૌથી લાંબો સમય રોકાણ હતું.

શ્વાસ લેવામાં પડતી તકલીફને કારણે તેમને ડબલ ન્યૂમોનિયા થઈ ગયો હતો. છેલ્લે રવિવારે ઈસ્ટરના બ્લેઝિંગ માટે તેઓ જાહેરમાં દેખાયા હતા.

કેન્દ્રના ગૃહ ખાતા દ્વારા બહાર પાડવામાં આવેલા નિવેદન મુજબ પૉપના સન્માનમાં ભારતે પણ ત્રણ દિવસના શોકની જાહેરાત કરી છે. દેશની તમામ સરકારી ઈમારતો પર મંગળવારે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રાખવામાં આવ્યો હતો. સરકારી ઈમારતો પર બે દિવસ તેમ જ તેમની અંતિમવિધિના દિવસે રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ રાખવામાં આવશે.

ઑસ્ટ્રેલિયામાં ત્રણ મેએ ચૂંટણી યોજાવાની છે, પરંતુ પૉપ ફ્રાન્સિસના અવસાનને ધ્યાનમાં રાખીને ઉમેદવારોએ ચૂંટણીપ્રચાર અટકાવી દીધો હતો.

વડા પ્રધાન ઍન્થની અલ્બાનિસ અને વિપક્ષના નેતા પીટર ડટ્ટોએ મંગળવારના ચૂંટણીપ્રચારના તમામ કાર્યક્રમો રદ કર્યા હતા.

દેશભરમાં સરકારી ઈમારતો પર રાષ્ટ્રધ્વજ અડધી કાઠીએ ફરકાવવામાં આવ્યો હતો. વર્ષ ૨૦૨૧ની જનગણના મુજબ અહીંની ૨૦ ટકા વસતી કૅથલિક છે.

અલ્બાનિસનો ઉછેર કૅથલિક તરીકે થયો હતો, પરંતુ વર્ષ ૨૦૨૨માં વડા પ્રધાન તરીકે તેમણે બાઈબલ હાથમાં રાખીને શપથગ્રહણ કરવાને બદલે બિનસાંપ્રદાયિક તરીકે શપથગ્રહણ કર્યા હતા.

તાઈવાનમાં પણ કૅથલિક સમુદાયના લોકોએ ચર્ચમાં એકઠાં થઈ ફ્રાન્સિસને યાદ કરી તેમનાં માટે સામૂહિક પ્રાર્થના કરી હતી.

ફ્રાન્સિસના આમંત્રણને પગલે અનેકવાર વૅટિકનની મુલાકાત લેનારાં ભૂતપૂર્વ વડા પ્રધાન ચૅન ચિન જૅને પણ ઘેરા શોકની લાગણી વ્યક્ત કરી હતી. (એજન્સી)

# 'પીએમ મોદી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા, મને તેમના અપ્રુવલ રેટિંગની ઈર્ષ્યા થાય છે': જેડી વેન્સ

અમેરિકાના ઉપપ્રમુખ જેડી વેન્સ આજકાલ સપરિવાર ભારતના પ્રવાસે છે. આ દરમ્યાન તેમણે રાજસ્થાનના જયપુરમાં એક કાર્યક્રમને સંબોધિત કર્યો. આ પ્રસંગે તેમણે ભારત અને અમેરિકા વચ્ચેના વધતા સંબંધો વિશે વાત કરી. તેમણે કહ્યું કે હવે સમય આવી ગયો છે જ્યારે બંને દેશો એકબીજાને સહયોગ કરી શકે અને તેમના સંબંધોને વધુ ગાઢ બનાવી શકે છે. આ દરમિયાન ઉપરાષ્ટ્રપતિએ પીએમ મોદીને લોકશાહી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા ગણાવ્યા.

જેડી વેન્સે ભારતને ભાગીદાર ગણાવ્યો અને કહ્યું કે, ''અમે અહીં તમને એ શીખવવા નથી આવ્યા કે તમારે કઈ રીત અપનાવવી જોઈએ. અગાઉ ઘણી વખત, વોશિંગ્ટને વડા પ્રધાન મોદી સાથે ઉપદેશાત્મક અભિગમ અપનાવ્યો હતો. પહેલાની સરકારો ભારતને સસ્તા મજૂરના સ્રોત તરીકે જોતી હતી.''

ઉપપ્રમુખ જેડી વેન્સે પીએમ મોદીની લોકપ્રિયતાની પ્રશંસા કરી. પીએમ મોદી પ્રત્યે જો બાઇડેન સરકારના વલણનો ઉલ્લેખ કરતા વેન્સે કહ્યું કે અગાઉની સરકારો મોદી સરકારની ટીકા કરતી હતી, પરંતુ તેમની નજરમાં તે લોકશાહી વિશ્વના સૌથી લોકપ્રિય નેતા છે. અને જેમ મેં ગઈકાલે રાત્રે વડા પ્રધાન મોદીને કહ્યું હતું કે, તેમના અપ્રુવલ રેટિંગ એટલા બધા છે કે મને તેમની ઈર્ષ્યા થાય છે.''

અમેરિકાના ઉપરાષ્ટ્રપતિએ ભારતની પ્રાચીન સ્થાપત્ય અને સમૃદ્ધ ઇતિહાસની પણ પ્રશંસા કરી. તેમણે ભારતના ''ભવિષ્ય પર કેન્દ્રિત કાર્ય''ની પણ પ્રશંસા કરી. તેમણે ભારતની નવી ટૅકનોલૉજી અને દેશમાં નવી શક્યતાઓની પ્રશંસા કરતા કહ્યું કે, ''ભારતમાં એક નવી ઊર્જા છે. ભારતમાં નવા ઘરો બનાવવા, નવી ઇમારતો બનાવવી અને જીવનને સમૃદ્ધ બનાવવાની સંભાવના છે.''

# નિર્મલા સીતારમણનું અમેરિકાના બિઝનેસ લીડર્સને ભારતમાં રોકાણ માટે આમંત્રણ

ન્યૂ યોર્કઃ ભારતનાં નાણાં પ્રધાન નિર્મલા સીતારમણ સેન ફ્રાન્સિસ્કોમાં અમેરિકાના બિઝનેસ લીડર્સ અને ઉચ્ચ અધિકારીઓને મળ્યાં હતાં તેમ જ તેઓને દ્વિપક્ષી મંત્રણા દરમિયાન ભારતમાં રોકાણ કરવા માટે આમંત્રણ આપ્યું હતું.

નિર્મલા સીતારમણે અમેરિકાની મોટી કંપનીઓના સિનિયર એક્ઝિક્યૂટિવ્સ અને લીડર્સને ટૅકનોલૉજી, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (કૃત્રિમ બુદ્ધિમત્તા), ઊર્જા, ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચર સહિતનાં વિવિધ ક્ષેત્રે રોકાણ કરીને ભારત અને અમેરિકા વચ્ચેના દ્વિપક્ષી સંબંધ નવી ઊંચાઇએ લઇ જવા અરજ કરી હતી.

અમેરિકા અને પેરુના ૧૧ દિવસના પ્રવાસે ગયેલાં નિર્મલા સીતારમણે કેલિફોર્નિયામાં ભારતીય અગ્રણીઓને પણ મળ્યાં હતાં.

કેન્દ્રનાં નાણાં પ્રધાને સિલિકોન વેલીની વેન્ચર કૅપિટલ કંપની 'એ૧૬ઝેડ' જનરલ પાર્ટનર અંજનેય મિધા અને ટૅકનૉલૉજી કંપની 'વીએમવૅર'ના ચીફ એક્ઝિક્યૂટિવ ઑફિસર રઘુ રઘુરામની સાથે સેન ફ્રાન્સિસ્કોમાં મંત્રણા કરી હતી.

નાણાં મંત્રાલયે સોશિયલ મીડિયા 'એક્સ' પર લખ્યું હતું કે નાણાં પ્રધાને 'એ૧૬ઝેડ' અને 'વીએમવૅર' જેવી કંપનીઓને ભારતમાં શિક્ષણ, આરોગ્ય-સંભાળ સહિતના વિવિધ ક્ષેત્રે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સમાં રોકાણ કરવા આમંત્રણ આપ્યું હતું. નિર્મલા સીતારમણ ગૂગલ ક્લાઉડના સીઇઓ થોમસ કુરિયન અને તેમની ટીમને પણ મળ્યા હતા અને ભારતમાં ડિજિટલ ઇન્ફ્રાસ્ટ્રક્ચરમાં આવેલી ક્રાંતિ અંગે ચર્ચાવિચારણા કરી હતી. દરમિયાન, કુરિયને જણાવ્યું હતું કે ગૂગલ ક્લાઉડ ૨૦૩૦ સુધીમાં વિશ્વભરમાંની પોતાની ઑફિસ અને ડેટા સેન્ટર કાર્બનના પ્રદૂષણ વિનાની ઊર્જાથી ચલાવવાનું લક્ષ્ય ધરાવે છે. (એજન્સી)

**મમતાએ મમત્વ ગુમાવ્યું**

# પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન એક મહિના પછી હિંસાગ્રસ્તોને મળવા સમય કાઢશે

કોલકાતાઃ પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનરજીએ સુધારિત વક્ફ કાયદાના વિરોધમાં રાજ્યના મુર્શિદાબાદમાં ફાટી નીકળેલી હિંસાના અસરગ્રસ્તોને ઘટનાના લગભગ એક મહિના પછી મળવા સમય કાઢવાની બાંયધરી આપી હતી.

તેમણે જણાવ્યું હતું કે મુર્શિદાબાદમાં 'બહારના લોકોએ' હિંસા ફેલાવી હતી. હું મે મહિનાના પ્રથમ અઠવાડિયે અસરગ્રસ્તોને મળીશ અને પરિસ્થિતિને તપાસીશ.

બેનરજીએ જણાવ્યું હતું કે આ જિલ્લાના ધુલિયાંના બે વોર્ડમાં હિંસા ફેલાવનારાઓને ખુલ્લા પાડીશું. હિંસાની આ ઘટના કમનસીબ ગણાય. અમે રમખાણ નથી ઇચ્છતા. 'બહારના' કેટલાક લોકોએ હિંસા ફેલાવી હતી. તેમણે જણાવ્યું હતું કે મેં આ હિંસામાં મરનારા દરેકના પરિવારને રૂપિયા દસ લાખની આર્થિક સહાય કરવાની બાંયધરી આપી છે. અમે અસરગ્રસ્તોના નુકસાન પામેલા ઘરોને ફરી બાંધી આપીશું.

અગાઉ, પશ્ચિમ બંગાળના રાજ્યપાલ સી. વી. બોઝ મુર્શિદાબાદની હિંસામાં માર્યા ગયેલા લોકોના પરિવારને ૧૯ એપ્રિલે મળ્યા હતા અને દરેક પ્રકારની બનતી સહાય કરવાની બાંયધરી આપી હતી. મુર્શિદાબાદમાં વક્ફ કાયદાના વિરોધમાં ફાટી નીકળેલી હિંસામાં હિંદુઓના ઘર અને દુકાનોને લક્ષ્ય બનાવીને હુમલા કરાયા હતા અને અનેક મહિલાનો વિનયભંગ કરાયો હતો. હિંસાથી ડરીને જાન બચાવવા મોટી સંખ્યામાં લોકોએ હિજરત કરી હતી. (એજન્સી)

# સિવિલ સર્વિસિસની પરીક્ષામાં શક્તિ દુબે પ્રથમ

▸ ટોચના પાંચમાં ગુજરાતના બે વિદ્યાર્થી ▸ પાસ થયેલા કુલ ૧૦૦૯માંથી ૧૦૦ મહારાષ્ટ્રના

નવી દિલ્હીઃ વર્ષ ૨૦૨૪ની સિવિલ સર્વિસિસની એક્ઝામનું પરિણામ મંગળવારે જાહેર કરવામાં આવ્યું હતું અને ઉત્તર પ્રદેશના અલાહબાદના શક્તિ દુબેએ તેમાં ટોચનો ક્રમાંક મેળવ્યો હતો.

ટોચના પાંચમાં સ્થાન મેળવનારાંઓમાં ગુજરાતના બે વિદ્યાર્થીનો સમાવેશ થાય છે. યુનિવર્સિટી ઑફ બરોડામાંથી બી.કોમ.ની ડિગ્રી મેળવનાર હર્ષિતા ગોયલે બીજો ક્રમાંક મેળવ્યો હતો. ઑપ્શનલ સબ્જેક્ટ તરીકે તે પોલિટિકલ સાયન્સ ઍન્ડ ઈન્ટરનેશનલ રિલેશન્સ સાથે એક્ઝામ માટે ક્વૉલિફાય થઈ હતી. ગુજરાતના અમદાવાદસ્થિત ગુજરાત ટૅક્નોલૉજિકલ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર ઍન્જિનિયરિંગમાં બી.ઈ.ની ડિગ્રી મેળવનાર શાહ માર્ગી ચિરાગ ટોચના પાંચની યાદીમાં ચોથા ક્રમાંકે રહી હતી. ઑપ્શનલ સબ્જેક્ટ તરીકે તેણે સોશિયોલોજી લીધું હતું. મહારાષ્ટ્રનો અંચિત પરાગ ડોંગરે આ યાદીમાં ત્રીજા સ્થાને તો સાંગલીનો વિવેક શિંદે ૯૩મા અને નાગપુરનો શ્રીરંગ કાઓરે ૯૯મા સ્થાને રહ્યો હતો.

અંચિતે તમિળનાડુની વેલોરે ઈન્સ્ટિટ્યૂટ ઑફ ટૅક્નોલૉજી (વીઆઈટી)માંથી ઈલેક્ટ્રિકલ ઍન્ડ ઈલેક્ટ્રોનિક્સ ઍન્જિનિયરિંગની ડિગ્રી મેળવી હતી. ઑપ્શનલ સબ્જેક્ટ તરીકે તેણે ફિલોસોફી લીધું હતું.

દિલ્હીસ્થિત ગુરુ ગોવિંદસિંહ ઈન્દ્રપ્રસ્થ યુનિવર્સિટીમાંથી કમ્પ્યુટર સાયન્સમાં બી.ઈ.ની ડિગ્રી મેળવનાર આકાશ ગર્ગે આ યાદીમાં પાંચમું સ્થાન મેળવ્યું હતું. ઑપ્શનલ સબ્જેક્ટ તરીકે તેણે સોશિયોલોજી લીધું હતું. ટોચના પાંચમાં સ્થાન મેળવનારાંઓમાં ત્રણ મહિલા અને બે પુરુષ ઉમેદવારનો સમાવેશ થાય છે. ઈન્ડિયન એડમિનિસ્ટ્રેટિવ સર્વિસ (આઈએએસ), ઈન્ડિયન ફૉરેન સર્વિસ (આઈએફએસ) અને ઈન્ડિયન પોલીસ સર્વિસ (આઈપીએસ) માટે અધિકારીઓની પસંદગી કરવા યુપીએસસી દ્વારા સિવિલ સર્વિસિસની એક્ઝામ દર વરસે ત્રણ તબક્કામાં લેવામાં આવે છે. આ ત્રણ તબક્કામાં પ્રિલિમિનરી, મેઈન અને ઈન્ટરવ્યૂનો સમાવેશ થાય છે.

સિવિલ સર્વિસિસ (પ્રિલિમિનરી એક્ઝામ ૨૦૨૪) ગયા વરસની ૧૬ જૂને લેવામાં આવી હતી. કુલ ૯,૯૨,૫૯૯ ઉમેદવારે અરજી કરી હતી, પરંતુ તેમાંથી ૫,૮૩,૨૧૩ ઉમેદવારે પરીક્ષા આપી હતી જેમાંથી કુલ ૧૪,૬૨૮ ઉમેદવાર લેખિત મેઈન એક્ઝામ માટે ક્વૉલિફાય થયા હતા. સપ્ટેમ્બર ૨૦૨૪માં આ એક્ઝામ લેવામાં આવી હતી. મેઈન એક્ઝામ માટે ક્વૉલિફાય થયેલા ૧૪,૨૬૮ ઉમેદવારમાંથી કુલ ૨,૮૪૫ ઉમેદવાર પર્સનાલિટી ટૅસ્ટ કે ઈન્ટરવ્યૂ માટે ક્વૉલિફાય થયા હતા. આ વર્ષની સાત જાન્યુઆરીથી ૧૭ એપ્રિલ દરમિયાન ઈન્ટરવ્યૂનું આયોજન કરવામાં આવ્યું હતું. કુલ ૭૨૫ પુરુષ અને ૨૮૪ મહિલા, ૪૫ દિવ્યાંગજનો સહિત કુલ ૧૦૦૯ ઉમેદવારના નામની યુપીએસસી દ્વારા વિવિધ નિમણૂક માટે ભલામણ કરવામાં આવી હતી.

યુપીએસસીની પરીક્ષામાં સફળ થયેલા કુલ ઉમેદવારોમાં જનરલ કેટેગરી (૩૩૫), ઈકોનોમિકલી વિકર સેક્શન (૧૦૯ ), પછાત જાતિ (૩૧૮), અનુસૂચિત જાતિ (૧૬૦) અને અનુસૂચિત જનજાતિના ૮૭ ઉમેદવારનો સમાવેશ થાય છે, એમ યુપીએસસી દ્વારા બહાર પાડવામાં આવેલી યાદીમાં જણાવવામાં આવ્યું હતું. ટોચના પચીસમાં સ્થાન મેળવનારાં ઉમેદવારોમાં ૧૧ મહિલા અને ૧૪ પુરુષ ઉમેદવારનો સમાવેશ થાય છે. ટોચના ૧૦૦માં સ્થાન મેળવનારાંઓમાં પાંચ મહારાષ્ટ્રના છે, પરંતુ એકંદરે સિલેક્ટ કરાયેલા ૧૦૦૯માં ૧૦૦ મહારાષ્ટ્રના છે.

યુપીએસસીના જણાવ્યાનુસાર પરિણામ જાહેર થયાના ૧૫ દિવસમાં યુપીએસસીની સત્તાવાર વૅબસાઈટ પર માર્કસ સહિત સંપૂર્ણ પરિણામ મુકી દેવામાં આવશે. (એજન્સી)

## પહેલા પાનાનું ચાલુ

### કાશ્મીરમાં

વધવાની શક્યતા છે. આ ઘટનાને લીધે જમ્મુ અને કાશ્મીરમાં પર્યટકોની સંખ્યામાં પણ મોટો ઘટાડો થવાની સંભાવના છે. ત્રાસવાદીઓએ ટેકરી પરથી પહલગામના બૈસરન ખીણ વિસ્તારમાં પર્યટકો પર બપોરે ત્રણ વાગ્યાની આસપાસ ગોળીબાર કર્યો હતો. તેને લીધે આ વિસ્તારમાં મોટા પાયે ભાગદોડ થઇ હતી. આ વિસ્તાર ભારતના પર્યટકો માટે 'મિનિ સ્વિટ્ઝર્લૅન્ડ' ગણાય છે.પહલગામની હૉસ્પિટલમાં સારવાર લઇ રહેલા અમુક ઘાયલ પર્યટકની હાલત ગંભીર છે. અમેરિકાના ઉપપ્રમુખ જે. ડી. વેન્સ પોતાના પરિવારની સાથે ચાર દિવસની ભારતની મુલાકાતે આવ્યા છે ત્યારે ત્રાસવાદીઓએ આ હુમલો કર્યો હતો. ઘાયલોને હૉસ્પિટલ સુધી લઇ જવા માટે હૅલિકૉપ્ટર, વાહનો અને ઘોડાની પણ મદદ લેવાઇ હતી. જમ્મુ અને કાશ્મીરમાં ૩૮ દિવસની અમરનાથયાત્રા ત્રીજી જુલાઇથી શરૂ થાય છે. બૉલીવૂડના ફિલ્મનિર્માતાઓ માટે ૧૯૮૦ના દાયકામાં લોકપ્રિય ગણાતા સ્થળ બૈસરનના ડુંગરાળ વિસ્તારમાંના ગાઢ જંગલમાંથી બહાર આવીને ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો. લશ્કર, કેન્દ્રીય અનામત પોલીસ દળ અને ત્રાસવાદ-વિરોધી દળોએ આખા વિસ્તારને ઘેરી લીધો હતો અને હુમલાખોરોને શોધવા કામગીરી હાથ ધરી હતી. પહલગામના રિસોર્ટમાં હુમલા પહેલાં ભારે ભીડ હતી, પરંતુ હુમલા બાદ આ વિસ્તાર ખાલી થઇ ગયો હતો. ત્રાસવાદીઓને પકડવા મોટા પાયે શોધખોળ હાથ ધરાઇ હતી. પહલગામના જે વિસ્તારમાં ત્રાસવાદીઓએ હુમલો કર્યો હતો ત્યાંથી તુલિયાં સરોવર જવા ઘણાં ટ્રેકર ભેગા થાય છે. આ વિસ્તારમાં જવા સામાન્ય રીતે ઘોડાનો ઉપયોગ કરાય છે. અહીંથી પહલગામ શહેર અને લિદ્દેર ખીણ વિસ્તારમાં જવાનો માર્ગ નીકળે છે. (એજન્સી)

### હુમલાખોરો સામે કડક કાર્યવાહી થશેઃ ઉપરાજ્યપાલ

જમ્મુઃ જમ્મુ અને કાશ્મીરના ઉપરાજ્યપાલ મનોજ સિંહાએ ત્રાસવાદીઓના હુમલાને વખોડી કાઢ્યો હતો અને જણાવ્યું હતું કે હુમલાખોરો સામે કડક કાર્યવાહી કરાશે. તેઓને નહિ છોડાય. તેઓને પકડવા લશ્કર અને પોલીસ દ્વારા મોટા પાયે કાર્યવાહી ચાલી રહી છે.તેમણે જણાવ્યું હતું કે મેં અસરગ્રસ્તોને બનતી દરેક પ્રકારની સહાય કરવા જિલ્લાના સત્તાવાળાઓ અને આરોગ્ય અધિકારીઓને સૂચના આપી છે. (એજન્સી)

### મહારાષ્ટ્ર સરકારની

હતું. ગયા અઠવાડિયે સરકારે રાજ્યની મરાઠી અને અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં હિન્દી ભાષાને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત લાગુ કરવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયનો વિપક્ષો સહિત વિવિધ સંસ્થા દ્વારા વિરોધ કરવામાં આવ્યો હતો. મહારાષ્ટ્ર સરકારની ભાષા પરામર્શ સમિતિએ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસને આ નિર્ણય પાછો ખેંચવાનો અનુરોધ કર્યાના થોડા દિવસમાં ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો છે.

### હાર્વર્ડ યુનિવર્સિટીએ

ડૉલરથી વધુની ગ્રાન્ટ્સ અટકાવી દીધી હતી. અગાઉ, ટ્રમ્પના વહીવટીતંત્રે ૧૧ એપ્રિલે હાર્વર્ડ યુનિવર્સિટીને લખેલા પત્રમાં જણાવ્યું હતું કે જો યુનિવર્સિટીએ સરકાર પાસેથી આર્થિક સહાય મેળવવી હશે, તો પોતાને ત્યાંની પ્રવેશ માટેની નીતિમાં સુધારા કરવા પડશે અને કેમ્પસમાંની અમુક સ્ટુડન્ટ ક્લબને માન્યતા આપવાનું બંધ કરવું પડશે. હાર્વર્ડ યુનિવર્સિટીના પ્રમુખ એલન ગાર્બરે બોસ્ટન ફેડરલ કોર્ટમાં કરેલા કેસમાં જણાવ્યું હતું કે અમે સરકારની માગણી સામે ઝૂકી નહિ જઇએ. સરકારે કોઇ ચોક્કસ કારણ વિના યુનિવર્સિટીના રિસર્ચ કાર્યક્રમ માટેની આર્થિક સહાય અટકાવી દીધી છે. સરકાર યુનિવર્સિટીની સામે પોતાની મરજી મુજબની તરંગી નીતિ અપનાવી રહી છે. દરમિયાન, વાઇટ હાઉસે બહાર પાડેલા નિવેદનમાં જણાવ્યું હતું કે હાર્વર્ડ જેવી યુનિવર્સિટી અમેરિકાના સામાન્ય કરદાતા નાગરિકોના નાણાં વાપરીને વિદ્યાર્થીઓને તાલીમ આપે છે અને તેઓને બહુ જ મોટો પગાર લેતા અધિકારીઓ બનાવે છે, પરંતુ અમે હવે આ નીતિનો અંત લાવીએ છીએ. વાઇટ હાઉસના પ્રવક્તા હેરિસન ફિલ્ડ્સે સોમવારે જણાવ્યું હતું કે કરદાતાઓના નાણાંનો યોગ્ય ઉપયોગ કરવામાં હાર્વર્ડ યુનિવર્સિટી નિષ્ફળ ગઇ છે. (એજન્સી)

### ઝડપી ઉછાળા

કેટલાક સેન્ટરોમાં સોનાએ એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી છે. વાયદા બજારમાં પણ સોનું એક તબક્કે એક લાખ બોલાયું હોવાના અહેવાલ હતા. ટ્રમ્પની ટેરિફ વોરને કારણે અમેરિકા સહિત વૈશ્વિક અર્થતંત્રમાં મંદીના ભય વચ્ચે સોનામાં ઇન્વેસ્ટમેન્ટ ડિમાન્ડ વધતી રહી છે. આ ઉપરાંત ડોલર પણ સતત નબળો પડી રહ્યો હોવાથી બુલિયન બજારમાં તેજી જોવા મળી છે. સ્થાનિક ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૯૯,૧૦૦ની સપાટીએ ખૂલ્યુ હતું અને અંતે રૂ. ૧૮૧૪ના સુધારા સાથે રૂ. ૯૮,૪૮૪ની સપાટીએ બંધ રહ્યું હતું. એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૯૮,૭૦૩ની સપાટીએ ખૂલ્યા બાદ સત્રને અંતે રૂ. ૧૮૦૮ના વધારા સાથે રૂ. ૯૮૦૯૦ની સપાટીએ સ્થિર થયું હતું. જ્યારે હાજર ચાંદી સત્રને અંતે ચાંદી રૂ. ૬૩૫ના ઘટાડા સાથે રૂ. ૯૫,૬૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.



















# રિજિજુએ વક્ફ કાયદાના અમલ અંગે મમતા પર પ્રહારો કર્યા

મુંબઈઃ કેન્દ્રીય મંત્રી કિરેન રિજિજુએ મંગળવારે મુંબઈમાં એક પત્રકાર પરિષદ દરમિયાન પશ્ચિમ બંગાળનાં મુખ્ય પ્રધાન મમતા બેનર્જી પર વક્ફ (સુધારા) કાયદાને લાગુ કરવાનો ઇનકાર કરવા બદલ વળતો પ્રહાર કર્યો હતો. રિજિજુએ કહ્યું કે કેટલાક ગેરમાર્ગે દોરાયેલા મુસ્લિમો અને વોટ બેંક તુષ્ટિકરણ કરનાર રાજકારણીઓ વક્ફ (સુધારા) કાયદાનો વિરોધ કરી રહ્યા છે. સરકાર ટૂંક સમયમાં આ તત્વોનો પર્દાફાશ કરશે.

બેનરજીએ અગાઉ કહ્યું હતું કે પશ્ચિમ બંગાળમાં વક્ફ કાયદો લાગુ કરવામાં આવશે નહીં અને તે લઘુમતીઓ અને તેમની મિલકતોનું રક્ષણ કરશે.

બેનરજીની ટિપ્પણીનો જવાબ આપતા, લઘુમતી બાબતોના પ્રધાને કહ્યું કે, આપણે એક સંઘીય માળખા હેઠળ કામ કરીએ છીએ. તેઓ સૈદ્ધાંતિક રીતે કાયદાનો વિરોધ કરી શકે છે, પરંતુ તે એમ ન કહી શકે કે તે રાજ્યમાં સંસદ દ્વારા પસાર કરાયેલા કાયદાને લાગુ નહીં થવા દે. તેમણે મુર્શિદાબાદમાં વક્ફ કાયદાને લઈને થયેલી હિંસા માટે ટીએમસીના વડાની ટીકા કરી હતી .

તેમણે નોંધ્યું કે મુસ્લિમ સમુદાયના ઘણા સભ્યો વક્ફ કાયદો ઘડવા બદલ વડા પ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માનવા આગળ આવ્યા છે. તેમણે કહ્યું કે,ગરીબ મુસ્લિમોના કલ્યાણ માટે વક્ફ મિલકતોનો યોગ્ય ઉપયોગ થાય તે સુનિશ્ચિત કરવા માટે નિયમો બનાવવામાં આવશે.

તેમણે વધુમાં આરોપ લગાવ્યો કે વિપક્ષે ખોટી માહિતી ફેલાવી હતી કે નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) હેઠળ મુસ્લિમોની નાગરિકતા રદ કરવામાં આવશે. '' સીએએ એક વર્ષથી વધુ સમયથી અમલમાં છે,શું આવું કંઈ થયું છે ?'' તેમણે પૂછ્યું. નેશનલ હેરાલ્ડ કેસ પર એક પ્રશ્નના જવાબમાં મંત્રીએ કહ્યું કે કોંગ્રેસના કાર્યકરોએ સમજવું જોઈએ કે તેમનું ભંડોળ તેમના જ નેતાઓ દ્વારા લૂંટવામાં આવ્યું છે. (પીટીઆઈ)■

# રાજ અને ઉદ્ધવ ભેગા થાય તો એમવીએનું ભાવિ શું?, કૉંગ્રેસે સ્વાગત કર્યું

મુંબઈઃ ઉદ્ધવ ઠાકરે અને રાજ ઠાકરે એ બંને ભાઈઓ ફરી ભેગા થાય એવી ઈચ્છા અનેક નેતાઓએ વ્યક્ત કરી છે. રાજ અને ઉદ્ધવ ઠાકરેના ગઠબંધન પર કૉંગ્રેસે પહેલી વાર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.

મનસેના પ્રમુખ રાજ ઠાકરે અને શિવસેના ઉબથા જૂથના વડા ઉદ્ધવ ઠાકરે રાજ્યના રાજકારણમાં હાથ મિલાવવા તૈયાર છે. હિન્દી ફરજિયાતના મુદ્દે બોલતાં રાજ ઠાકરે અને ઉદ્ધવ ઠાકરેએ સાથે કામ કરવાનો સંકેત આપ્યો હતો. ઉદ્ધવ ઠાકરેએ પણ આ અંગે પ્રતિક્રિયા આપ્યા બાદ બંને પક્ષના નેતાઓ અને કાર્યકરો તરફથી મિશ્ર પ્રત્યાઘાતો પડયા છે. દરમિયાન, જો રાજ ઉદ્ધવ સાથે આવે તો મહા વિકાસ આઘાડીનું શું થશે? આ મુદ્દે કૉંગ્રેસે પહેલીવાર પોતાનું વલણ સ્પષ્ટ કર્યું છે.

કૉંગ્રેસ નેતા વિજય વડેટ્ટીવારે કહ્યું કે રાજ અને ઉદ્ધવ ભેગા થાય એનું કૉંગ્રેસ સ્વાગત કરે છે. મહા વિકાસ આઘાડી ૨૦-૨૫ વર્ષની નથી. બંને પક્ષની વિચારધારા અલગ-અલગ છે. એમવીએની રચના તે સમયની રાજકીય જરૂરિયાત તરીકે કરવામાં આવી હતી. જો રાજ ઉદ્ધવ સાથે આવશે તો મહા વિકાસ આઘાડીનું શું કરવું તે અમે નક્કી કરીશું. બંને ભાઈ ભેગા થાય એ આનંદની વાત છે, પણ એ અંગે અમે કોઈ સક્રિય ભૂમિકા નહીં ભજવીએ.

રાજ ઠાકરેએ કહ્યું હતું કે અમારી વચ્ચેની લડાઈ મહારાષ્ટ્ર અને મરાઠી લોકોના હિત સામે ક્ષુલ્લક અને તુચ્છ છે. તેનાથી આગળ વધવું અને સાથે આવવું મુશ્કેલ નથી, પ્રશ્ન ઇચ્છાનો છે એમ યુટ્યૂબ પર મહેશ માંજરેકરને આપેલા ઈન્ટરવ્યૂમાં રાજ ઠાકરેએ કહ્યું હતું. મહારાષ્ટ્રના હિતમાં નાના-નાના ઝઘડાઓને દૂર રાખવા માટે તૈયાર છે એમ કહી ઉદ્ધવે એક શરત મૂકી હતી કે નક્કી કરો કે તમે ભાજપ સાથે જવા માગો છો કે અમારી સાથે. આ નિવેદન પછી રાજકીય વર્તુળોમાં ખૂબ ચર્ચા થઈ રહી છે. ■

# મોબાઈલ પરથી થયેલા વિવાદમાં યુવાનને બીજે માળેથી ધકેલી દીધો

મુંબઈઃ મોબાઈલ પર મોટા અવાજે વાતચીત કરવા પરથી થયેલા વિવાદમાં નિર્માણાધીન બિલ્ડિંગના બીજા માળેથી યુવાનને ધકેલી દીધો હોવાની ઘટના કાંદિવલીમાં બની હતી. આ પ્રકરણે પોલીસે હત્યાનો ગુનો નોંધી સહકર્મચારીની ધરપકડ કરી હતી.

કાંદિવલી પશ્ચિમમાં સાંઈબાબા નાગર ખાતે બનેલી ઘટનામાં મૃતકની ઓળખ જિતેન્દ્ર ચવ્હાણ તરીકે થઈ હતી. ચવ્હાણની હત્યાના આરોપસર તેની સાથે જ કામ કરનારા અફસર ઝમીરુદ્દીન આલમ (૨૫)ની ધરપકડ કરવામાં આવી હતી. કોર્ટે તેને પોલીસ કસ્ટડી ફટકારી હોવાથી પોલીસ વધુ પૂછપરછ કરી રહી છે.

ચવ્હાણ અને આલમ સાંઈબાબા નગર ખાતેની નિર્માણાધીન ઈમારતમાં કામ કરતા હતા. ૧૨થી ૧૩ કારીગરોનું જૂથ રાતે બિલ્ડિંગમાં જ સૂઈ રહેતું હતું.

મળતી માહિતી અનુસાર સોમવારે રાતે કામ પત્યા પછી આલમ અને ચવ્હાણ બિલ્ડિંગના બીજા માળે બેઠા હતા. ચવ્હાણ મોબાઈલ ફોન પર ક્રિકેટ મૅચ જોતો હતો ત્યારે આલમ તેની પાસે તમાકુ માગવા આવ્યો હતો. ચવ્હાણે તમાકુ ન આપતાં આલમને ગુસ્સો હતો.

કહેવાય છે કે રાતે ૧૦ વાગ્યાની આસપાસ ચવ્હાણ કોઈની સાથે ફોન પર મોટા અવાજે વાત કરતો હતો. આલમે તેને ટોકતાં બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. રોષમાં આવી આલમે ચવ્હાણને ધક્કો મારતાં તે બીજા માળેથી નીચે પટકાયો હતો. જમીન પર પટકાયેલા ચવ્હાણને શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવાયો હતો, જ્યાં તબીબે તેને મૃત જાહેર કર્યો હતો.

બનાવની જાણ થતાં કાંદિવલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી. પોલીસે આલમને તાબામાં લઈ પૂછપરછ કરી હતી. પછી હત્યાનો ગુનો નોંધી તેની ધરપકડ કરી હતી. ■



# શું તમારી જોખમની ભૂખ ખરેખર જોઈએ તેટલી છે?

-રોહિત મટ્ટુ, નેશનલ હેડ રિટેલ સેલ્સ, એક્સિસ મ્યુચ્યુઅલ ફંડ

કલ્પના કરો કે તમે રોડ ટ્રિપ પર છો, ખુલ્લી બારીમાંથી બહારના કુદરતી દૃશ્યો નિહાળી રહ્યા છો અને પોતાને સાહસિક તથા ચિંતાઓથી મુક્ત હોવાનું અનુભવી રહ્યા છો. તમે કાર લઈને નીકળી ગયા છો અને તમને પોતાની જાત પર વિશ્વાસ છે કે રસ્તામાં ગમે તેવી સ્થિતિ આવશે તમે તેના માટે સજ્જ છો, પરંતુ અચાનક વાતાવરણ બદલાય છે. વરસાદ પડવા લાગે છે, ધુમ્મસની લહેર છવાઈ જાય છે અને રસ્તો લપસણો બની જાય છે. એક સમયે રોમાંચક લાગતી સફર હવે ચિંતાજનક બને છે. અહીંથી જ તે તમને પડકાર ફેંકે છે. તમે જેટલું જોખમ લેવા માગતા હતા તે તમારી ધારણા મુજબ એટલું મજબૂત નહોતું.

**★ જોખમની ભૂખ અને જોખમ સહન કરવાની શક્તિને સમજો**

જોખમની ભૂખ એટલે રોકાણકાર તેના નાણાકીય લક્ષ્યાંકો, રોકાણની ક્ષિતિજ અને વ્યક્તિત્વના આધારે કેટલા સ્તરનું જોખમ લેવા માગે છે તે. બીજી તરફ જોખમ સહન કરવાની શક્તિ એટલે બજારની ઊથલપાથલ દરમિયાન રોકાણકાર લાગણીકીય રીતે અને નાણાકીય રીતે પણ વાસ્તવિક રીતે કેટલું જોખમ ખમી શકે છે. ઉદાહરણ તરીકે કોઈ રોકાણકાર એમ માને કે તે ઊંચું જોખમ ધરાવતી ઇક્વિટીઝમાં રોકાણ કરવાની હિંમત રાખે છે, પરંતુ બજાર ઘટતાં જ જો તે તણાવમાં આવીને વેચી નાખે તો તે અગાઉની ધારણાની કરતાં વાસ્તવિક રીતે ઓછી સહન શક્તિ ધરાવે છે તેમ કહેવાય. આવી વિસંગતતા ઘણીવાર લાગણીકીય રીતે લેવાતા નિર્ણયોમાં પરિણમે છે જેનાથી નાણાકીય આયોજનો ખોરવાઈ જાય છે.

**★ તમારી જોખમની ખરેખર ભૂખ કેટલી છે તે કેવી રીતે જાણશો**

વાસ્તવિક રીતે જોખમ સહન કરવાની શક્તિને સમજવા માટે આત્મચિંતન કરવું જરૂરી છે. ભૂતકાળના રોકાણ વર્તનનું વિશ્લેષણ કરો. શું તમે મંદી દરમિયાન રોકાણ કર્યું હતું કે પછી ગભરાટના માર્યા બહાર નીકળી ગયા હતા? આવી પ્રતિક્રિયાઓની સમીક્ષા કરવાથી જોખમ સાથે તમારા વાસ્તવિક સહજતાની સમજ મળે છે. જોખમની શક્તિ નક્કી કરતા ટૂલ્સ આવકની સ્થિરતા, રોકાણ ક્ષિતિજ અને અસ્થિરતા પ્રત્યે ભાવનાત્મક પ્રતિભાવને ધ્યાનમાં લઈને મદદ કરી શકે છે. વધુમાં, સંપત્તિ ફાળવણી અંગેની પસંદગીઓ ઘણીવાર છુપાયેલી જોખમ પસંદગીઓને છતી કરે છે. જો પોતાની જાતને આક્રમક માનતો રોકાણકાર ફિક્સ્ડ-ઇન્કમ એસેટ્સ પર વધુ આધાર રાખે છે, તો તે તેમની સમજ કરતાં વધુ રૂઢિચુસ્ત હોઈ શકે છે.

રોકાણની ક્ષિતિજ અને નાણાકીય ધ્યેયો પણ મુખ્ય ભૂમિકા ભજવે છે. લાંબા ગાળાના રોકાણકારો સામાન્ય રીતે ટૂંકા ગાળાની લિક્વિડિટીની જરૂર હોય તેવા રોકાણકારો કરતાં વધુ જોખમ ઉઠાવી શકે છે. એક સાદો સ્ટ્રેસ ટેસ્ટ કરીએ. શું તમે ફેરફારો કર્યા વિના પોર્ટફોલિયોમાં ૨૦ ટકાના ઘટાડાને સહન કરી શકો છો. આ ટેસ્ટ વાસ્તવિકતા રજૂ કરી શકે છે. વિવિધ બજાર પરિસ્થિતિઓ હેઠળ સ્ટ્રેસ-ટેસ્ટ પોર્ટફોલિયો એ નક્કી કરવામાં મદદ કરે છે કે કોઈ વ્યક્તિ આવેશમાં આવીને નિર્ણયો લીધા વિના અસ્થિરતાનો સામનો કરી શકે છે કે નહીં.

# પત્નીની હત્યા અને સાવકી પુત્રી સાથે દુષ્કર્મના કેસમાં આરોપી ૨૧ વર્ષે પકડાયો

પાલઘરઃ વિરારમાં પત્નીની હત્યા અને સાવકી પુત્રી સાથે દુષ્કર્મ કરવાના કેસમાં પોલીસે છેક ૨૧ વર્ષે આરોપીને મુંબઈના ધારાવી પરિસરમાંથી પકડી પાડ્યો હતો.

આસિસ્ટન્ટ પોલીસ કમિશનર (ક્રાઈમ) મદન બલ્લાળે જણાવ્યું હતું કે ધરપકડથી બચવા આરોપી પોતાની ઓળખ બદલીને ધારાવીમાં રહેતો હતો. આવશ્યક પ્રક્રિયાને કારણે હાલ આરોપીનું નામ જાહેર કરી શકાય નહીં.

અધિકારીના જણાવ્યા મુજબ ૫૬ વર્ષનો આરોપી તે સમયે ૪૦ વર્ષની પત્ની અને સાવકી પુત્રી સાથે વિરારમાં રહેતો હતો. આરોપી વારંવાર સાવકી દીકરી પર બળાત્કાર ગુજારતો હતો, જેને કારણે તે ગર્ભવતી બની હતી. આ બાબતે પત્નીએ પૂછપરછ કરી આરોપીને સાથે રહેવાનો ઇનકાર કરતાં તે રોષે ભરાયો હતો.

૧૯ મે, ૨૦૦૪ની રાતે આરોપીએ પત્નીની બેરહેમીથી પીટાઈ કરી હતી. ચંપલથી માર્યા પછી તેનું માથું જમીન પર પટક્યું હતું, જેને પગલે પત્નીનું મૃત્યુ થયું હતું. સાવકી પુત્રીની ફરિયાદને આધારે પોલીસે હત્યા અને બળાત્કારની કલમો હેઠળ આરોપી વિરુદ્ધ ગુનો નોંધ્યો હતો.

પત્નીની હત્યા પછી આરોપી ફરાર થઈ ગયો હતો. પોલીસ અત્યાર સુધી તેને શોધી શકી નહોતી. તાજેતરમાં ક્રાઈમ બ્રાન્ચ યુનિટ-૨ના ઈન્સ્પેક્ટર સમીર અહિરરાવને આરોપીને શોધી કાઢવાનો આદેશ વરિષ્ઠ અધિકારીએ આપ્યો હતો. અહિરરાવની ટીમે ફરિયાદી અને સાક્ષીઓની ફરી પૂછપરછ કરતાં આરોપી ટ્રક ડ્રાઈવર હોવાનું જણાયું હતું. ફરાર થયા પછી તે ઓળખ બદલીને ગુજરાત, હૈદરાબાદ સહિત અન્ય સ્થળોએ રહેતો હોવાનું જાણવા મળ્યું હતું. ૨૧ વર્ષ જૂની તસવીરને આધારે પોલીસે આરોપીને ધારાવી પરિસરમાંથી શોધી કાઢ્યો હતો. (પીટીઆઈ)■

# ૨૬/૧૧ના હુમલામાં શહીદ થનાર પોલીસ કોન્સ્ટેબલનાં પત્નીની પ્રોબેશન પરના ડેપ્યુટી એસપી તરીકે નિમણૂક

મુંબઈઃ ૨૬/૧૧ના મુંબઈના આતંકવાદી હુમલામાં શહીદ થયેલા પોલીસ કોન્સ્ટેબલ અંબાદાસ પવારનાં પત્ની કલ્પના પવારની મહારાષ્ટ્ર સરકાર દ્વારા મંગળવારે પ્રોબેશન પરના ડેપ્યુટી સુપરિન્ટેન્ડેન્ટ પોલીસ તરીકે નિમણૂક કરવામાં આવી છે. તેમની સીધી નિમણૂકનો આદેશ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસે આપ્યો હતો.

કલ્પના પવારે મુખ્ય પ્રધાનનો આભાર માનીને કહ્યું હતું કે તેમને સામાન્ય વ્યક્તિને ન્યાય અપાવવાનો પ્રયાસ કર્યો છે.

'મારા પતિની જેમ લોકોની સેવા કરવાની તક મને પણ મળી છે. મારી નિમણૂકે સાબિત કર્યું છે કે આ સરકાર ખેડૂતો, કામગારો, મહિલાઓ અને દેશ માટે જે લોકોએ બલિદાન આપ્યું છે તેની છે', એમ પવારે જણાવ્યું હતું.

અંબાદાસ પવારને મરણોત્તર શૌર્ય પુરસ્કાર આપી તેમનું સન્માન કરવામાં આવ્યું હતું.

૨૬/૧૧ની રાત્રે આતંકવાદીઓએ મુંબઈના વિવિધ વિસ્તારમાં હુમલો કર્યો હતો ત્યારે પવાર નાઇટ ડ્યુટીમાં હતો. તેની પાસે બંદૂક પણ નહોતી અને તે સિવિલ ડ્રેસમાં હતા.

છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી) ખાતે આંતકવાદીઓના ગોળીબારમાં ગવર્નમેન્ટ રેલવે પોલીસ (જીઆરપી) અધિકારી ગંભીર રીતે ઘાયલ થયો હતો. પવારે તેની રાઇફલ લઇને ત્રાસવાદીઓ પર ગોળીબાર કર્યો હતો, પરંતુ કમનસીબે તેમનું પણ મૃત્યુ થયું હતું. ■

# માનખુર્દમાં લાગેલી આગમાં ૧૦ વર્ષની બાળકી સહિત મહિલાનું મોત

મુંબઈઃ માનખુર્દ-મંડાલામાં આવેલા જનતા નગરમાં એક ઘરમાં સિલિન્ડર બ્લાસ્ટ બાદ લાગેલી આગમાં ૧૦ વર્ષની બાળકી સહિત પચીસ વર્ષની મહિલાનું મૃત્યુ થયું હતું. ડિઝાસ્ટર મેનેજમેન્ટના જણાવ્યા મુજબ સોમવારે જનતા નગરમાં આવેલા એક ઘરમાં રાતના લગભગ ૮.૨૦ વાગે સિલિન્ડર બ્લાસ્ટ થઈને આગ ફાટી નીકળી હતી. ઘટના સ્થળે ફાયરબ્રિગેડ પહોંચી ગઈ હતી અને આગ બુઝાવવાની કામગીરી હાથ ધરી હતી.

પ્રાથમિક તપાસ મુજબ ગેસ સિલિન્ડરમાં ગળતર હોવાને કારણે આગ લાગી હોવાની શક્યતા છે. સોમવારે આગ ફાટી નીકળ્યા બાદ તેમાં દસ વર્ષની બાળકી ખુશી ખાન સહિત પચીસ વર્ષની ફરાહ ખાન બંને ગંભીર રીતે દાઝી ગયાં હતાં. બંનેને તાત્કાલિક ગોવંડીમાં આવેલી શતાબ્દી હૉસ્પિટલમાં લઈ જવામાં આવ્યાં હતાં. જ્યાં ડૉક્ટરે ખુશીને મૃત જાહેર કરી હતી. તો ૭૦ ટકા દાઝી ગયેલી મહિલાને સાયન હૉસ્પિટલમાં શીફ્ટ કરવામાં આવી હતી, જ્યાં મોડી રાતના ૧૧.૩૦ વાગે તેને મૃત જાહેર કરવામાં આવી હતી. ■

# કેબિનેટ મિટિંગ માટે મહાયુતિનો ૧૫૦ કરોડનો ખર્ચઃ કૉંગ્રેસનો આરોપ

## ૧.૫ કરોડને બદલે ભૂલમાં ૧૫૦ કરોડ છપાઈ ગયુંઃ સરકારે કર્યો ખુલાસો




મુંબઈઃ મહારાષ્ટ્ર કૉંગ્રેસના અધ્યક્ષ હર્ષવર્ધન સપકાળે મંગળવારે શાસક મહાયુતિ ગઠબંધન પર આકરા પ્રહાર કરી આરોપ મૂક્યો હતો કે તે અહલ્યાનગર જિલ્લામાં કેબિનેટની બેઠકની તૈયારી પર ૧૫૦ કરોડ રૂપિયાનો જંગી ખર્ચ કરવામાં આવી રહ્યો છે.

આ સંદર્ભે ભાજપના નેતૃત્વવાળી સરકારે સ્પષ્ટતા કરી હતી કે તેણે સૂચિત કેબિનેટ બેઠક માટે ૧.૫ કરોડ રૂપિયાના કામના ટેન્ડર માટે જાહેરાત આપી હતી, પરંતુ આ રકમ ભૂલથી ૧૫૦ કરોડ રૂપિયા તરીકે છપાઈ હતી.

સોશિયલ મીડિયા પ્લેટફોર્મ એક્સ પરની પોસ્ટમાં સપકાળે અખબારોમાં પ્રકાશિત ટેન્ડર નોટિસ જોડી હતી જેમાં કહેવામાં આવ્યું હતું કે મંડપો, સ્ટેજ, ગ્રીન રૂમ, ટોઇલેટ, વાડ, સાઉન્ડ, એર કન્ડિશનર, વીજળી, ફાયર બ્રિગેડ અને બેઠક માટે રખાયેલા સીસીટીવી પર ૧૫૦ કરોડ રૂપિયા ખર્ચ કરવામાં આવશે. ઈ ટેન્ડર ૨૪ એપ્રિલે બહાર પાડવામાં આવશે એમ નોટિસમાં જણાવવામાં આવ્યું છે.

કૉંગ્રેસ નેતાએ પોસ્ટમાં દાવો કર્યો હતો કે સરકારે કહ્યું હતું કે રાજ્ય આર્થિક મુશ્કેલીમાં છે. તેમણે ધ્યાન દોર્યું હતું કે મહાયુતિ સરકારે વરિષ્ઠ નાગરિકો માટે તીર્થયાત્રા યોજના બંધ કરી દીધી છે. ગયા વર્ષે વિધાનસભાની ચૂંટણી દરમિયાન આપેલા વચન મુજબ મહિલાઓ માટેની લાડકી બહિણ યોજના હેઠળ ભથ્થામાં વધારો નથી કર્યો અને ખેતીની લોન માફ કરવાનો ઇનકાર કર્યો છે. જાહેર બાંધકામ વિભાગે સ્પષ્ટતા કરી છે કે આ જાહેરખબર માટે રિલીઝ ઓર્ડર જારી કરતી વખતે સ્પષ્ટપણે જણાવાયું હતું કે તેની કિંમત દોઢ કરોડ રૂપિયા છે.

રાજ્યના મહેસૂલ પ્રધાન ચંદ્રશેખર બાવનકુળેએ ટેન્ડર મુદ્દે સપકાળેની સરકારની ટીકા ''બાલિશ'' ગણાવી હતી. (પીટીઆઈ)■



૧૩.૦૧.૧૯૭૪ ૨૦.૦૪.૨૦૨૫

અત્યંત દિલગીરી સાથે જણાવવાનું કે અમારી વ્હાલસોયી દીકરી,

**નમ્રતા પુલીન કોઠારી**

ઉ. વર્ષ ૫૧, નું દુઃખદ નિધન, તા. ૨૦ એપ્રિલ, ૨૦૨૫ના રોજ હ્યુસ્ટન, અમેરિકા ખાતે થયેલ છે.
સદ્‌ગતના આત્માની શાંતિ માટે

**પ્રાર્થના સભા**

ગુરુવાર, તા. ૨૪ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સાંજ ના ૫.૩૦ થી ૭.૦૦ કલાકે
સ્થળઃ એસ.એન.ડી.ટી હૉલ, આર. એ. કીડવાઇ રોડ, માટુંગા (ઈ), મુંબઈ (વેલેટ પાર્કિંગ ઉપલબ્ધ)

શ્રી કિશોર દલિચંદ જોબાલિયા - શ્રીમતી સુધા કિશોર જોબાલિયા
અને સમસ્ત જોબાલિયા પરિવાર

પરિવાર :
પતિઃ ડૉ. પુલિન શિરીષ કોઠારી
સાસુ-સસરાઃ લિના - સ્વ. ડૉ. શિરીષ કોઠારી
પુત્રઃ આયુષ - અનુજ
બહેન-બનેવીઃ મીરા - વિજય પરમાર
ભાઇ-ભાભીઃ મિહિર - મનાલી જોબાલીયા

# સંસ્થા સમાચાર

## જીવનસાથી પસંદગી સમ્મેલન

શ્રી ઘાટકોપર બ્રાહ્મણ સમાજની વિવાહ સહાય યોજના દર બુધવારે મહિલા સમિતિ દ્વારા ચલાવવામાં આવે છે. એ અંતર્ગત જીવનસાથી પસંદગી સમ્મેલન બ્રાહ્મણ યુવક-યુવતીઓ માટે ૬ એપ્રિલે યોજવામાં આવ્યું હતું. એમાં ૧૬૫ યુવક અને ૮૫ યુવતી હાજર રહી હતી. આ કાર્યક્રમ યુવતીઓ માટે નિઃશુલ્ક હતો. જોકે યુવકોએ ૫૦૦ રૂપિયા ભર્યા હતાં.

## એમસીએફના વાર્ષિક દિનની ઉજવણી

બોરીવલી વેસ્ટમાં આવેલા મંડપેશ્વર સિવિક ફેડરેશનના વાર્ષિક દિનની ઉજવણી ૨૭ એપ્રિલે રવિવારે સાંજે સાડા છ વાગે યોજવામાં આવશે. મનોરંજનના વિવિધ કાર્યક્રમો એમસીએફના સંકુલમાં રાખવામાં આવ્યો છે. જે સભ્યોને કાર્યક્રમના પાસ જોઈતા હોય તેમણે એમસીએફની ઑફિસનો સંપર્ક કરવો.

## કલાગુર્જરી મુંબઈની દ્વિવાર્ષિક ચૂંટણી

કલાગુર્જરી (સ્થાપક સંસ્થા) મુંબઈની ૨૦૨૫-૨૦૨૭ માટેની દ્વિવાર્ષિક ચૂંટણી યોજાઈ હતી. નવા ચૂંટાયેલા કારોબારી સભ્યોની બેઠકમાં શ્રી હેમાંગ જાંગલા પ્રમુખ, નરેશ સરવૈયા ઉપ-પ્રમુખ, પ્રણવ ભગત મંત્રી, ડિમ્પલ સોનીગ્રા સહ-મંત્રી, રાજેશ કામદાર ખજાનચી અને સુરેશ ઝવેરી સહ-ખજાનચી તરીકે સર્વાનુમતે ચૂંટાઈ આવ્યા હતા.



## દાતાને દાન માટે અપીલ

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ ટાટા હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| દર્દીઓના નામ | ઉંમર | ખર્ચ (રૂ.) |
|---|---|---|
| ૧) વિકાસ ભાઉરાવ ગવાઈ | ૩૫ | ૨,૦૦,૦૦૦ |
| ૨) તુમપા દેબનાથ | ૩૩ | ૬,૦૦,૦૦૦ |
| ૩) રામનારાયણ મલ્લા | ૬૫ | ૮૫,૦૦૦ |
| ૪) કૃષ્ણ દાસ | ૩૭ | ૩૦,૦૦૦ |
| ૫) ગરીબ સાહની | ૬૦ | ૧,૦૦,૦૦૦ |
| ૬) અસ્વની બાજ | ૫૦ | ૫૦,૦૦૦ |
| ૭) મજલી ટુડુ | ૫૩ | ૨૨,૫૦૦ |
| ૮) રાજ કુમાર રાય | ૪૦ | ૬૦,૦૦૦ |
| ૯) અબ્દુલ હમિદ મલ્લિક | ૫૨ | ૨૫,૦૦૦ |
| ૧૦) હોસેન અલી ચોધારી | ૪૪ | ૬૦,૦૦૦ |
| ૧૧) ચિનુ દત્તા | ૫૫ | ૬૦,૦૦૦ |
| ૧૨) મીનુયારા બીબી | ૫૪ | ૪૦,૦૦૦ |
| ૧૩) કંચન દેવી | ૪૬ | ૧,૨૦,૦૦૦ |
| ૧૪) મુકેશ કુમાર સિંહ | ૩૨ | ૮૦,૦૦૦ |
| ૧૫) સાઈમાં ખાનામ | ૨૯ | ૨,૦૦,૦૦૦ |
| ૧૬) મલ્લિકા સારેણ | ૪૦ | ૩,૨૫,૦૦૦ |
| ૧૭) મંગલ પૌલ કુંડુ | ૪૨ | ૮૦,૦૦૦ |
| ૧૮) રુક્મિણી ભોવમિક | ૬૭ | ૪૦,૦૦૦ |
| ૧૯) સુભાવતી દેવી | ૭૧ | ૪૦,૦૦૦ |

નીચે જણાવેલ કેન્સરના દર્દીઓ નાયર હૉસ્પિટલમાં સારવાર લઈ રહ્યા છે.

| | | |
|---|---|---|
| ૨૦) રવિન્દ્ર ગુપ્તા | ૪૨ | ૧,૬૩,૮૦૦ |

ઉપરોક્ત દર્દીઓને વધુમાં વધુ મદદ કરવાની 'જીવન પ્રકાશ' વિનંતી કરે છે. દાતાઓએ દાનની રકમ નીચેના સરનામે મોકલવી.

સરનામુંઃ- લાયન શ્રી ભરત પાઠક, જીવન પ્રકાશ, ૧૧/૫ અવંતિ એપાર્ટમેન્ટ, બી-વિંગ, ફ્લેન્ક રોડ, સાયન ઇસ્ટ, મુંબઈ-૪૦૦૦૨૨.

દાનમાં આપવામાં આવતી રકમ ૮૦જી હેઠળ કરમાં રાહતપાત્ર છે.

# કલવામાં પિસ્તોલ અને ચાકુની ધાકે ૧૩ લાખની રોકડ લૂંટનારા પકડાયા

(અમારા પ્રતિનિધિ તરફથી)

થાણેઃ કલવામાં નિર્જન સ્થળે રિક્ષાને આંતરી પિસ્તોલ અને ચાકુની ધાકે ૧૩ લાખ રૂપિયાની લૂંટ ચલાવનારી ટોળકીના ત્રણ સભ્યને પોલીસે પકડી પાડ્યા હતા. ૧૦૦થી વધુ સ્થળના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસી પોલીસ મુખ્ય આરોપી સુધી પહોંચી હતી.

કલવા પોલીસે પકડી પાડેલા આરોપીઓની ઓળખ ફૈઝાનઅલી અબ્દુલ સત્તાર અન્સારી (૪૧), વિવેક વિલાસ વાઘમોડે (૨૨) અને મયૂર રાજેન્દ્ર પાટીલ (૨૨) તરીકે થઈ હતી. તેમની પાસેથી ૫.૨૫ લાખ રૂપિયા અને બે બાઈક જપ્ત કરવામાં આવી હતી. ઝોન-૧ના ડેપ્યુટી પોલીસ કમિશનર એસ. એસ. બુરસેએ જણાવ્યું હતું કે ઘટના ૧૨ એપ્રિલે કલવામાં આર. એમ. સી. પ્લાન્ટ નજીક બની હતી. ભિવંડી-નાશિક રોડ ખાતે રહેતો ફરિયાદી રિયાઝ ઈબ્રાહિમ પઠાણ (૫૧) રિક્ષામાં ભિવંડીથી વાશી જઈ રહ્યો હતો ત્યારે બે બાઈક પર ચાર યુવાને તેનો પીછો કર્યો હતો.

રિક્ષા કલવાના નિર્જન પરિસરમાં પહોંચી ત્યારે બાઈકસવારોએ રિક્ષાને આંતરી હતી. પઠાણને પિસ્તોલ અને ચાકુની ધાક બતાવી તેની પાસેની રોકડ લૂંટી આરોપી ફરાર થઈ ગયા હતા. આ પ્રકરણે પઠાણે કલવા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી. ૧૩ લાખની રોકડ લૂંટાઈ હોવાનું ફરિયાદમાં જણાવાયું હતું.

પોલીસે રિક્ષા જે માર્ગ પરથી પસાર થઈ હતી ત્યાંના સીસીટીવી કૅમેરાનાં ફૂટેજ તપાસ્યાં હતાં. રિક્ષાનો પીછો કરનારા બાઈકસવારો ફૂટેજમાં નજરે પડ્યા હતા.

બાદમાં ૧૦૦થી વધુ કૅમેરાનાં ફૂટેજ અને ટેક્નિકલ બાબતોનો અભ્યાસ કરી પોલીસ ભિવંડીના બાલા કમ્પાઉન્ડ ખાતે રહેતા આરોપી અન્સારી સુધી પહોંચી હતી. અન્સારીએ આપેલી માહિતી પરથી તેના બે સાથીની ધરપકડ કરાઈ હતી. આ કેસમાં બે આરોપી ફરાર હોવાથી પોલીસ તેમની શોધ ચલાવી રહી છે.

## લૂંટ કેસના એમસીઓસીએ હેઠળના છ આરોપીને પુરાવાના અભાવે છોડી મુકાયા

થાણેઃ થાણે જિલ્લાની કોર્ટે ૨૦૧૭ના લૂંટના કેસમાં મહારાષ્ટ્ર કન્ટ્રોલ ઓફ ઓર્ગેનાઇઝ્ડ ક્રાઇમ એક્ટ (એમસીઓસીએ) હેઠળ નોંધાયેલા છ જણને પુરાવાના અભાવે મુક્ત કર્યા હતા. નવી મુંબઈના એક ગોદામમાંથી ૯૧ લાખ રૂપિયાની સિગારેટ ચોરી કરવા પ્રકરણે આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

૧૬મી એપ્રિલે કોર્ટે આપેલા ચુકાદાની નકલ સોમવારે ઉપલબ્ધ થઇ હતી. કોર્ટે મુકેશ મોહન ચૌધરી ઉર્ફે રાજુ રાઠોડ (૪૩), સુરેન્દ્ર અસ્લારામજી ચૌધરી (૩૦), ચંપાલાલ ચોગારામ વર્મા(૩૫), રતનલાલ નાગારામ દાંગી (૩૮), સુરેશ હરિરામ ચૌધરી (૩૫) અને તેજસ ચંપાલાલ ઉનેચા (૪૩)ને મુક્ત કર્યા હતા. આ તમામ આરોપી પુણે જિલ્લાના રહેવાસી હતા. તપાસકર્તા પક્ષના જણાવ્યાનુસાર ૨૯મી જુલાઇ, ૨૦૧૭ની રાત્રે નવી મુંબઈની એપીએમસી માર્કેટના એક ગોદામમાંથી લૂંટ ચલાવવામાં આવી હતી.

વિશેષ એમસીઓસીએ જજે નોંધ્યું હતું કે તપાસમાં ઘણી ખામીઓ જણાઇ રહી છે. સુનાવણી પુરાવાને આધારે થતી હોય છે, પરંતુ તપાસકર્તા પક્ષ પુરાવા સાબિત કરવામાં નિષ્ફળ ગયો છે.

## હાઇ કોર્ટની ઔરંગાબાદ બેન્ચને બૉમ્બની ધમકીઃ પોલીસે ઇમારતની તપાસ કરી

છત્રપતિ સંભાજીનગરઃ બૉમ્બે હાઇ કોર્ટની ઔરંગાબાદ બેન્ચની ઇમારતને બૉમ્બથી ઉડાવી દેવાની ધમકીભર્યો મેઇલ મળ્યા બાદ છત્રપતિ સંભાજીનગર ખાતે આવેલી તેની ઇમારતમાં પોલીસ દ્વારા તપાસ હાથ ધરવામાં આવી હતી. સ્નિફર ડોગ્સ, બૉમ્બ ડિટેક્શન એન્ડ ડિસ્પોઝલ સ્કવૉડ, સાયબર ક્રાઇમ અને વિશેષ બ્રાન્ચના કર્મચારીઓ સહિત સ્થાનિક પોલીસે ઇમારતમાં તપાસ હાથ ધરી હતી, એમ સૂત્રોએ જણાવ્યું હતું. 'હાઇ કોર્ટ વહીવટીતંત્રએ બૉમ્બની ધમકી વિશે જાણ કરી હતી અને અમારી ટીમ ત્યાં ગઇ હતી. કોર્ટની ઇમારતમાં ગાર્ડન, પાર્કિંગ વિસ્તાર સહિત સંપૂર્ણ ઇમારતની તપાસ કરવામાં આવી હતી',

## જવાહરલાલ દરડાના પૂતળાનું અનાવરણ મુલતવી

મુંબઈઃ સ્વાતંત્ર્ય સેનાની અને મહારાષ્ટ્રના ભૂતપૂર્વ પ્રધાન દિવંગત જવાહરલાલ દરડાના મુંબઈમાં બનાવવામાં આવેલા પૂતળાનો અનાવરણ કાર્યક્રમ મુલતવી રાખવામાં આવ્યો છે, એવી જાહેરાત પ્રશાસન તરફથી મંગળવારે કરવામાં આવી હતી. લોકમત મીડિયા ગ્રુપના ચેરમેન અને ભૂતપૂર્વ સાંસદ વિજય દરડાએ અનાવરણ કાર્યક્રમ મુલતવી રાખવા અંગેની જાહેરાત કરતા કહ્યું હતું કે ઇસાઇઓના સૌથી મોટા ધર્મગુરુ પોપ ફ્રાન્સિસના નિધનને કારણે જાહેર કરાયેલા ત્રણ દિવસીય શોકને કારણે ઉક્ત નિર્ણય લેવામાં આવ્યો હતો. જવાહરલાલ દરડાના પૂતળાનું મંગળવારે અનાવરણ થવાનું હતું.

છેલ્લા પાનાનું ચાલુ

### વિક્રોલીમાં

એક કારખાનામાં કામ કરતો હતો. એ કારખાનામાં કામ કરતી મહિલા સુમન સૂરજ નિર્મલ (૩૭) સાથે તેની મૈત્રી થઈ હતી. વિક્રોલી પૂર્વમાં સ્ટેશન રોડ પર મચ્છી માર્કેટ નજીક રહેતી સુમનનો પતિ સૂરજ (૪૫) સિક્યોરિટી ગાર્ડ તરીકે કામ કરતો હતો. અત્યારે સૂરજની ડ્યૂટી મહાલક્ષ્મી નજીક હોવાથી તે નાઈટમાં જતો હતો. કહેવાય છે કે મહિલા અને આરોપી વચ્ચેની મૈત્રી પ્રેમમાં પરિણમી હતી. પછી બન્ને વચ્ચે શારીરિક સંબંધ પણ બંધાયા હતા. પતિ નાઈટ ડ્યૂટી કરવા જતો ત્યારે આરોપી મહિલાને મળવા તેના ઘરે જતો હતો. છેલ્લા કેટલાક સમયથી મહિલા આરોપી સાથે લગ્ન કરવા ઇચ્છતી હતી. પ્રાથમિક તપાસમાં પોલીસને જાણવા મળ્યું હતું કે લગ્ન માટે વારંવાર દબાણ કરતી મહિલાથી આરોપી કંટાળ્યો હતો. સોમવારની રાતે આરોપી મહિલાને મળવા તેના ઘરે ગયો હતો. આ જ મુદ્દે તેમની વચ્ચે રકઝક થઈ હતી. બાદમાં છરીથી ગળું ચીરી મહિલાની હત્યા બાદ આરોપી ત્યાંથી રવાના થઈ ગયો હતો.

મંગળવારની સવારે સાડાપાંચ વાગ્યાની આસપાસ પતિ કામેથી ઘરે આવ્યો ત્યારે પત્નીનો મૃતદેહ લોહીલુહાણ હાલતમાં નજરે પડ્યો હતો. બનાવની જાણ થતાં વિક્રોલી પોલીસ ઘટનાસ્થળે પહોંચી હતી.

### ટાઈગર શ્રોફની

કૉલ કર્યો હતો. આરોપીએ દાવો કર્યો હતો કે એક સિક્યોરિટી કંપનીના બ્રાન્ચ હેડ અને એરિયા ઑફિસરે ટાઈગરની હત્યાની સુપારી આપી છે. આ માટે બે લાખ રૂપિયા અને શસ્ત્ર પણ આપવામાં આવ્યાં છે. આ કૉલને ગંભીરતાથી લઈ પોલીસે તાત્કાલિક તપાસ હાથ ધરી હતી. જે નંબર પરથી પોલીસને ફોન આવ્યો હતો તેને ટ્રેસ કરવામાં આવ્યો હતો. આરોપી પંજાબમાં હોવાનું તપાસમાં જણાયું હતું. પ્રાથમિક તપાસમાં કૉલ કરનારા શખસે ખોટી માહિતી આપી હોવાનું જણાતાં પંજાબ પોલીસને જાણ કરાઈ હતી. પંજાબ પોલીસે કપૂરથાલાથી શકમંદને તાબામાં લીધો હોવાનું સૂત્રોએ જણાવ્યું હતું. મળતી માહિતી અનુસાર સિંહ સતત નોકરી પર ગેરહાજર રહેતો હતો. કંટાળીને કંપનીએ તેને નોકરીમાંથી કાઢી મૂક્યો હતો. કંપનીને ઇરાદાપૂર્વક બદનામ કરી માલિકને ફસાવવા માટે આરોપીએ આ કાવતરું ઘડ્યું હોવાનું તપાસમાં જણાયું હતું. આ પ્રકરણે સબ-ઈન્સ્પેક્ટર પ્રશાંત બોરસેની ફરિયાદને આધારે ખાર પોલીસે સોમવારની રાતે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૩૫૩(૨), ૨૧૨ અને ૨૧૭ હેઠળ ગુનો નોંધ્યો હતો.

### કોસ્ટલ રોડનો

ખાન રોડ નીચે, વરલી સી ફેસમને સમાંતર રહેશે, જે જેકે કપૂર ચોક અને બિંદુ માધવ ઠાકરે ચોક નજીક બહાર નીકળશે. દક્ષિણ તરફ જતા ટ્રાફિક માટે ખાસ ડિઝાઈન કરવામાં આવેલો દાદર, પ્રભાદેવી અને વરલીથી કોસ્ટલ રોડ અને નરીમન પોઈન્ટ તરફ જતા વાહનો માટે ઝડપી રૂટ બની રહેશે. આ અંજરપાસ વરલી ઈન્ટરચેન્જ પાસે બે રોડને જોડશે, જેમાં એક બાન્દ્રા-વરલી સી લિંક અને બીજો રોડ મુંબઈ કોસ્ટલ રોડથી મરીન ડ્રાઈવ તરફ જશે.

### વિલે પાર્લેના દેરાસરને

ત્યારે લઘુમતી પંચે પૂરતો સમય આપ્યા વગર દેરાસરને તોડી પાડવાની ઉતાવળ કરનારા અધિકારીઓવિરુદ્ધ ગુનો નોંધવાનો નિર્દેશ આપ્યો છે. તેમ જ સંબંધિત સોસાયટી પરિસરમાં આવેલા અન્ય કથિત ગેરકાયદે બાંધકામ સામે પણ આવી જ કાર્યવાહી કરવામાં આવે એવી અપેક્ષા વ્યકત કરી હતી. ગયા બુધવારે પાલિકાના અધિકારી-કર્મચારીઓ દ્વારા દેરાસરને તોડી પાડવા દરમ્યાન મહિલા શ્રાવકો સાથે ધક્કામુક્કી કરીને થયેલા ગેરવ્યહાર તથા ભગવાનની મૂર્તિની વિડંબના અને ધાર્મિક ગ્રંથોના કરાયેલા અપમાનને લઈને મંગળવારે સવારના લઘુમતી પંચમાં સુનાવણી થઈ હતી, તેમાં પંચે સંબંધિત અધિકારીઓ સામે પોલીસમાં ગુનો નોંધવાનો નિર્દેશ આપ્યો હતો અને આ પ્રકરણમાં દોષી કોણ છે તેની તપાસ કરવા માટે પણ કહ્યું હતું.

દેરાસરના ટ્રસ્ટી અનિલ શાહે 'મુંબઈ સમાચાર'ને જણાવ્યું હતું કે લઘુમતી પંચ સમક્ષ થયેલી સુનાવણી દરમ્યાન સોસાયટીના પરિસરમાં રહેલા અન્ય અનધિકૃત બાંધકામ સંબંધી અગાઉ કરવામાં આવેલી અરજી પર પાલિકાને અભ્યાસ કરીને તે કાયદેસરના છે કે ગેરકાયદે તેની તપાસ કરવા માટેનો પણ નિર્દેશ આપ્યો હતો.

લઘુમતી પંચમાં સુનાવણી બાદ દેરાસરના ટ્રસ્ટીગણે મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસની મુલાકાત લીધી હતી એ દરમ્યાન મુખ્ય પ્રધાને પાલિકા કમિશનર ભૂષણ ગગરાણીને આ દેરાસરને નિયમિત કઈ રીતે કરી શકાય તે બાબતે તાબડતોબ પગલા લેવાનો નિર્દેશ આપ્યો હતો.

મુંબઈ મહાનગરપાલિકા એન્જિનિયર યુનિયન દ્વારા વોર્ડ ઓફિસર નવનાથ ગાડગેની અચાનક કરાયેલી બદલીના વિરોધમાં બુધવારે સવારે ૧૧ વાગે પાલિકાની કે ઈસ્ટ વોર્ડ ઓફિસ સામે મોર્ચો લઈ જવાની જાહેરાત કરવામાં આવી છે.

### દુશ્મની દોસ્તીમાં

રસ દેખાડ્યો છે. રાજ્યસભાના સંસદ સભ્યએ યાદ કરાવ્યું હતું કે બંધારણ ઘડવામાં મુખ્ય ભૂમિકા ભજવનારા બી આર આંબેડકરે સંયુક્ત મહારાષ્ટ્ર ચળવળમાં પણ આગેવાની લીધી હતી અને 'મરાઠી માણુસ' (મરાઠી ભાષી લોકોની એકતા માટે પ્રયત્નો કર્યા હતા. ૧૯૫૦ના દાયકામાં શરૂ થયેલી ચળવળે મરાઠી ભાષીઓ માટે અલગ મહારાષ્ટ્ર રાજ્યની હિમાયત કરી હતી.

રાઉતે વધુમાં જણાવ્યું હતું કે 'બંને (ઉદ્ધવ અને રાજ) વચ્ચે ચર્ચા થાય તો એમાં કોઈની પણ જરૂર નથી. બંને એકબીજા પ્રત્યે અને પરિવાર પ્રત્યે કેવી લાગણી અને આદર ધરાવે છે એ હું જાણું છું. રાજકારણને કારણે અંગત સંબંધ તૂટતા નથી. મહારાષ્ટ્ર અને મરાઠી માણુસના હિતને ઉદ્ધવે કાયમ પ્રાધાન્ય આપ્યું છે.'

રાજ ઠાકરેએ ૨૦૦૫માં સંયુક્ત શિવસેના સાથે છેડો ફાડી બીજા વર્ષે પોતાનો પક્ષ શરૂ કર્યો હતો. ભૂતકાળમાં મનસેના પ્રમુખે વિવિધ પ્રસંગોએ ઉદ્ધવ ઠાકરેના ભૂતપૂર્વ સાથી પક્ષ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)નો વિરોધ કર્યો હતો અને તેને ટેકો પણ આપ્યો હતો. (પીટીઆઈ)

### સ્કૂલોમાં ગવાશે

જાહેર કરવામાં આવ્યું છે. દરેક માધ્યમોની સ્કૂલોમાં આ ગીત ગવાવું જોઇએ એવું આયોજન પણ કરાયું છે.

## શિક્ષકોનું અશૈક્ષણિક કામ ઓછું કરવામાં આવશે

રાજ્યના ૬૫ શિક્ષણ સંગઠનની બેઠક યોજવામાં આવી હતી જેમાં મોટી ચર્ચા થઇ હતી. શિક્ષકોનું અશૈક્ષણિક કામ કેવી રીતે ઓછું કરી શકાય એ માટે જીઆર કાઢીને શૈક્ષણિક અને અશૈક્ષણિક કામનું વર્ગીકરણ કરાશે અને તેમાંથી શિક્ષકોને અશૈક્ષણિક કામ ઓછું આપવામાં આવશે.

## વિદ્યાર્થીઓની નિઃશુલ્ક સારવાર

વિદ્યાર્થીઓની મેડિકલ તપાસણી સહિત આરોગ્ય પત્રિકા તૈયાર કરવામાં આવશે. વિદ્યાર્થી બીમાર હશે તો મોટી હોસ્પિટલમાં તેની નિઃશુલ્ક સારવાર કરાવવામાં આવશે, એમ સ્કૂલ શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું.

### મરાઠવાડામાં

જણાવાયું છે. મરાઠવાડામાં ખેડૂતોની આત્મહત્યાનું જિલ્લાવાર વિભાજન (જાન્યુઆરી-માર્ચ ૨૦૨૫) અહેવાલમાં આપવામાં આવ્યું છેઃ બીડ (૭૧), છત્રપતિ સંભાજી નગર (૫૦), નાંદેડ (૩૭), પરભણી (૩૩), ધારશિવ (૩૧), લાતુર (૧૮), હિંગોલી (૧૬) અને જાલના (૧૩). (પીટીઆઈ)

### વિદર્ભમાં

હોવા છતાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની નીચે નોંધાયો હતો. જોકે દિવસ દરમ્યાન મુંબઈગરાએ ગરમી અને ઊકળાટનો અનુભવ કર્યો હતો. મુંબઈમાં ૨૨ એપ્રિલ માટે હવામાન ખાતાએ હીટવેવની ચેતવણી આપી હતી. તેથી તાપમાન ઊંચું નોંધાવાની શક્યતા હતી. તેમ જ હવામાન ખાતાએ પણ યલો એલર્ટ આપી નાગરિકોને સાવચેતીના પગલાં લેવાની અપીલ કરી હતી. જોકે મુંબઈમાં તાપમાનનો પારો ૩૫ ડિગ્રીની નીચે જ નોંધાયો હતો, પરંતુ વાતાવરણમાં ભેજનું પ્રમાણ વધુ હોવાથી ગરમી અને ઊકળાટનો અનુભવ થયો હતો. દિવસના સાંતાક્રુઝમાં મહત્તમ તાપમાન ૩૪.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૩.૫ ડિગ્રી તો વાતાવરણમાં ભેજનું પ્રમાણ ૬૪ ટકા નોંધાયું હતું, જ્યારે કોલાબામાં મહત્તમ તાપમાન ૩૩.૯ ડિગ્રી અને લઘુતમ તાપમાન ૨૫.૪ ડિગ્રી તથા ભેજનું પ્રમાણ ૭૫ ટકા નોંધાયું હતું. વિદર્ભનું ચંદ્રપુર ૪૫.૮ ડિગ્રી સાથે સમગ્ર રાજ્યમાં સૌથી ગરમ વિસ્તાર રહ્યો હતો. તો બ્રહ્મપુરીમાં ૪૫.૨ ડિગ્રી, અકોલામાં ૪૪.૮ ડિગ્રી, અમરાવતીમાં ૪૪.૪ ડિગ્રી, વર્ધા અને નાગપુરમાં ૪૪.૨ ડિગ્રી, હવામાન વિભાગના કહેવા મુજબ વિદર્ભમાં હજી પાંચ દિવસ હીટ વેવની અસર વર્તાશે.

### અફવાનો ફુગ્ગો

હતી. શરદ પવાર પખવાડિયામાં ત્રણ વાર નાયબ મુખ્ય પ્રધાનને મળ્યા છે. પુણેમાં કૃષિ અને ખાંડ ઉદ્યોગમાં આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગ અંગે ચર્ચા કરવા માટે બંને સોમવારે સ્ટેજ પર સાથે દેખાયા હોવાથી રાજકીય વર્તુળોમાં સમાધાનની અટકળો ચાલી રહી છે.

### મત્સ્ય ઉદ્યોગને

વિભાગને પ્રોત્સાહન આપવા માટે તેને પણ કૃષિ ક્ષેત્ર જેવો દરજ્જો આપવાનો નિર્ણય લેવાયો. માછીમારી, મત્સ્ય વ્યવસાય માટે જરૂરી પાયાભૂત સુવિધા, સવલતોનો લાભ મળશે. ગૃહનિર્માણ વિભાગઃ પાયાભૂત સુવિધાને લાગુ કરવામાં અડચણમાં ફસાયેલા એસઆરએ યોજનાના ઘરોના નિર્માણ તથા તેના વિતરણના નિયમોમાં સુધારણા. જાહેર બાંધકામ વિભાગઃ પુણે જિલ્લાના તળેગાંવ-ચાકણ-શિક્રાપુર નેશનલ હાઇવે પર તળેગાંવથી ચાકણ સુધી ચાર લેન એલિવેટેડ માર્ગ તથા જમીનના સમાંતર ચાર લેન રોડ તેમજ ચાકણથી શિક્રાપુર સુધી જમીનને સમાંતર છ લેનનો માર્ગ બનાવવાનો નિર્ણય.

# જૈન મરણ

**રાધનપુર તીર્થ જૈન**

પ્રભાવતીબેન જીવતલાલ શાહના સુપુત્ર રાજેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૮૧) શનિવાર, તા. ૧૯-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે ધાર્મિકાબેનના પતિ. ગૌતમભાઇ, શ્રીપાળ ભાઇ, કાનનબેનના પિતાશ્રી. સેજલબેન, રૂપલબેન, કલ્પેશકુમારના સસરા. માણેકલાલ જીગજીવનદાસ શાહના જમાઇ. ભરતભાઇ અને હંસાબેનના ભાઇ. હેત, ટવીશા, સ્તુતીના દાદા. લૌકિક વ્યવહાર બંધ છે. ઠે. એ-૭૦૪, અપેક્ષા એન્કલેવ, પંચોલિયા સ્કૂલ રોડ, મહાવીરનગર, કાંદિવલી (વેસ્ટ).

**વાગડ વિ. ઓ. જૈન**

ગામ નૂતન ત્રંબોના સ્વ. વેલજી કરમણ ડાઇયા ગાલા (ઉં. વ. ૮૦) સોમવાર, તા. ૨૧-૪-૨૫ના અવસાન પામેલ છે. અરઘાબેન ડાઇયાના સુપૌત્ર. ગંગાબેન કરમણના સુપુત્ર. પાર્વતીબેનના પતિ. ભરત, હિતેશ, હિનાના પિતા. હર્ષા, પ્રવિણા, પ્રમોદના સસરા. રમાબેન ભુરાલાલ બૌવાના જમાઇ. પ્રાર્થના તા. ૨૩-૪-૨૫ના બુધવારે ૧૦.૩૦થી ૧૨. ઠે. થાણા વર્ધમાન સ્થાનક, ૩જે માળે, નૌકા વિહારની સામે.

**સ્થાનકવાસી જૈન**

સ્વ. ચીમનલાલ દિપચંદના સુપુત્ર મીનાક્ષીબેનના પતિ વઢવાણ નિવાસી હાલ ઘાટકોપર જયેન્દ્રભાઇ શાહ (ઉં. વ. ૮૩) તા. ૨૨-૪-૨૫ના અરિહંતશરણ પામેલ છે. તે મેઘના, નિશાનાં પિતાશ્રી. સ્વ. કલ્પેશભાઇ, કુણાલભાઇના સસરા. ડો. હાર્વી, યશ્વી તથા ઋત્વિનાં દાદા. સ્વ. નવનીતભાઇ, ભૂપેન્દ્રભાઇ, સ્વ.ગુણવંતીબેન, સ્વ. સરોજબેન, સ્વ.ઉષાબેન, સુધાબેન, સુરેખાબેનના ભાઇ. બન્ને પક્ષ તરફથી લૌકિક વ્યવહાર તથા પ્રાર્થનાસભા રાખેલ નથી.

**ઘોઘારી વિશા શ્રીમાળી જૈન**

મહુવા હાલ મુલુંડ વિણાનગર સ્વ. વસંતબેન/ચંદ્રાબેન બાબુલાલ રામજી દોશીના સુપુત્ર પ્રદીપભાઇ (ઉં. વ. ૬૪) તે માધુરીબેનના પતિ. અંકિતાબેનના પિતાશ્રી. જશવંતભાઇ, અનિલભાઇ, દિલીપભાઇ, પિયુષભાઇ, સ્વ. અતુલભાઇ અને સ્વ. શોભનાબેનના ભાઇ. અમૃતલાલ તારાચંદ શાહ ભાવનગરવાળાના જમાઇ. વાસા કાંતીભાઇ, સ્વ. હર્ષદભાઇ વનમાળીદાસ સિહોરવાળાના ભાણેજ તા. ૨૦-૪-૨૫ના અવસાન પામેલ છે. લૌકિક વ્યવહાર રાખેલ નથી.

**કચ્છી વિશા ઓશવાળ જૈન**

નવાવાસના દિપક પોપટલાલ શાહ (છેડા) (ઉં. વ. ૬૪) તા. ૨૦-૪ના દેહ પરિવર્તન કરેલ છે. નિર્મળાબેન પોપટલાલના સુપુત્ર. મીતાના પતિ. પ્રમોદ, ઉર્મિલ, તોરલના પિતા. વેલબાઈ હંસરાજ ઉમરશીના જમાઈ. પ્રાર્થનાઃ બુધવારે ૪ થી ૫.૩૦. શ્રી માટુંગા કચ્છી મૂર્તિપૂજક જૈન સંઘ, ૨જે માળે, નારાયણજી શામજી વાડી, માટુંગા, મું.૧૯. નિવાસઃ મીતા શાહ, એ-૧૨૦૨ બજાજ એમ્રેલ્ડ, અંધેરી સ્ટેશનની સામે, અંધેરી ઈસ્ટ.

ભુજપુરના હેમલતા હિરાલાલ ખીમજી મોતા (ઉં. વ. ૭૮) તા. ૨૦-૪-૨૫ના અવસાન પામેલ છે. ઉંમરબાઈ મોરારજી સોનીના સુપુત્રી. ઝવેરબાઈ ખીમજી મોતાના પુત્રવધૂ. સ્વ. હિરાલાલ ખીમજી મોતાના પત્ની. કૈલેશ, ચૈતાલી, નેહલના માતા. શાંતાબેન પ્રેમજી, ભાનુમતી ધનજી, વિમળા હરીશ, ચંદ્રલતા કાંતિલાલ, પુષ્પા નવીન, કલ્પના મનસુખ, હંસા પ્રદીપ, સ્વ. અનિલના બેન. પ્રાર્થના સભા રાખેલ નથી. નિ. કૈલેશ મોતા, એફ/૪૦૧, રાજ રેસીડેન્સી-૧, હરિયા હોસ્પિટલ રોડ, બલીઠા, વાપી-૩૯૬૧૯૧.

તલવાણાના માતૃશ્રી ચંચલબેન વલ્લભજી ઉમરશી પોલડીયા (ઉં. વ. ૮૮) તા. ૨૧-૪-૨૫ ના અવસાન પામેલ છે. ઊમીમા ઉમરશીના પુત્રવધૂ. વલ્લભજીના પત્ની. નવીન, કિશોર, ગીતેન, ચુનીલાલ, હર્ષાના માતુશ્રી. મોટા આસંબિયાના દેવકાબેન નેણશી ગણપત વીરા, નાંગલપુર જીવીબેન પૂંજા વણવીર કક્કાના સુપુત્રી. રાઘવજી, જેઠાલાલ, લક્ષ્મીચંદ, પ્રભાબેન, કુંવરબેન, ગાંગબાઈ, મણીબેનના બેન. પ્રા. શ્રી ક.વિ.ઓ. સ્થાનકવાસી જૈન મહાજન, ૭૦/૮૦, ડો. બાબાસાહેબ આંબેડકર રોડ, ચિંચપોકલી (ઈ) મધ્યે સાંજે ૪ થી ૫.૩૦.

લાખાપરના સુમતિચંદ્ર નથુભાઈ દેવજી સાવલા (ઉં. વ. ૭૮) તા.૧૯-૪-૨૫ના અવસાન પામ્યા છે. મઠાબાઈ નથુભાઈ દેવજી સાવલાના પુત્ર. દમયંતીના પતિ. ઈઅ શીતલ, ઈઅ પારસના પિતા. નાના આસંબીયાના જેતબાઈ ભવાનજી ટોકરશી ગાલાના જમાઈ. મુલચંદ, માવજી, અમૃતલાલ, મણીકાંત, પત્રીના ભાનુબેન પ્રેમજી લાલજી, છસરાના દેવકાબેન મગનલાલ રામજી, મોખાના હેમકુંવર નાનજી મોનજીના ભાઈ. પ્રા. શ્રી લખમશી નપુ હોલ, ચંદાવરકર લેન, માટુંગા (ઈસ્ટ). ટા. ૪.૦૦ થી ૫.૩૦.

કોડાયના તલક ખીમજી દેઢિયા (ઉં. વ. ૮૧) તા.૧૬-૪ના સાંગલી મધ્યે અરિહંત શરણ પામ્યા છે. મેઘબાઈ/લધીબાઈ ખીમજી ભારમલના સુપુત્ર. નિર્મળાના પતિ. મેહુલ, પારૂલના પિતા. મોહન, નવીન, સુંદરજીના ભાઈ. ભુજપુર રતનબાઇ પ્રેમજી હેમરાજના જમાઇ. પ્રા.શ્રી. વ. સ્થા. જૈન શ્રા. સં. સં. કરસન લધુ નીસર હોલ, દાદર (વે).ટા. ૪ થી ૫.૩૦.

ભોજાયના માતુશ્રી દયાબેન રતનશી વેરશી ગડા (ઉં. વ. ૯૫) તા. ૧૮-૪-૨૫ના અવસાન પામેલ છે. માતુશ્રી ગોરબાઈ વેરશી ગડાના પુત્રવધૂ. રતનશી વેરશીના ધર્મપત્ની. મંજુલા, આણંદજી, મહેન્દ્ર, ઉર્મિલા, નેમચંદ, મહેશ, લીનાના માતુશ્રી. શેરડી સુંદરબેન તલકશી નાગજી દેઢિયાની સુપુત્રી. કિશોર તલકશી, દેવપુર બાઈયાબાઈ, હીરબાઇ, વીઢ લક્ષ્મીબાઇ, મીઠીબાઈ, ભોજાય મોંઘીબાઈ, રેવાબેન, શેરડી કસ્તુરબેનના બેન. પ્રા. શ્રી માટુંગા કચ્છી શ્વે. મૂ. જૈન સંઘની નારાણજી શામજી મહાજનવાડી, ૧લે માળે, માટુંગા (સે.રે.) ટા. : ૪ થી ૫.૩૦.

**કચ્છી ગુર્જર ચોખરા જૈન**

ગામ કચ્છ ભુવડના હાલે ઘાટકોપર, માતુશ્રી મંજુલાબેન પ્રેમચંદ વોરાના પુત્રવધૂ. રીટાબેન જયંતભાઈ વોરા (ઉં.વ.૬૦) સોમવાર તા.૨૧.૪.૨૫ના અરિહંતશરણ પામેલ છે. અમિતના માતુશ્રી. કીર્તિ, સરિતા રમેશ મહેતા, પુષ્પા પ્રદીપ ભણસાલી તથા પિયુષના ભાભી. કલ્પનાના દેરાણી, મીનાના જેઠાણી, ગામ કચ્છ અંજારના રતિલાલ લાલચંદભાઈ શાહના સુપુત્રી ભાવયાત્રા બુધવાર તા.૨૩.૪.૨૦૨૫ના કચ્છી ગુર્જર વાડી, લક્ષ્મીનારાયણ લેન, માટુંગા, ૩.૦૦. થી ૪.૩૦.

**દશા શ્રીમાળી સ્થા. જૈન**

મોરબી નિવાસી હાલ વિરાર, સ્વ. કિશોરભાઈ પ્રાણલાલ દફતરીના ધર્મપત્ની ગં.સ્વ. ભારતીબેન (ઉં. વ. ૭૨) ૧૯/૪/૨૫ના અરિહંતશરણ પામ્યા છે. તે સ્મિત, વિધિ, હેમલ (ડિમ્પલ)ના માતુશ્રી. સ્વ. ભાનુમતીબેન જમનાદાસ દલાલના દીકરી. નિલા પ્રવિણચંદ્ર, પુષ્પા પ્રદ્યુતચંદ્ર, નલિની ભુપેન્દ્રભાઈ, અલ્કા ગીરીશભાઈના ભાભી. હસુમતિબેન હસમુખભાઈ ભોજકના વેવાણ. પ્રાર્થનાસભા તથા લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**પાટણ જૈન**

ઝવેરીવાડાના, કોકીલા ગીરધર ઝવેરીના પુત્રવધૂ અર્પિતા (ઉં. વ. ૬૧) ડો. પરાગના પત્ની. અનેરી અને ઉત્સવના માતા. ડો. તૃપ્તી અને ડો. નિશીથના ભાભી. જ્યોત્સ્નાબેન કુમારપાલ વકીલના દીકરી. ૨૨/૦૪/૨૦૨૫ના અરિહંતશરણ પામેલ છે.

### મુંબઈમાં જૂનના

ઉપસાગરથી આગળ જઈને તે પાંચ જૂન સુધીમાં કર્ણાટક, તમિલનાડુ, આંધ્ર અને ઈશાનના રાજ્ય તરફ દાખલ થાય છે. ૧૦ જૂનના મહારાષ્ટ્ર, છત્તીસગઢ, પશ્ચિમ બંગાળ અને બિહાર સુધી પહોંચે છે. કેરળમાં મોસમી વરસાદ દાખલ થયા બાદ તે સાધારણ રીતે છથી આઠ દિવસમાં મહારાષ્ટ્રમાં દાખલ થાય છે. આ દરમ્યાન હવામાનના નિષ્ણાતોના કહેવા મુજબ આ વર્ષે ોમસી વરસાદ મુંબઈમાં જૂનના પહેલા અઠવાડિયામાં દાખલ થવાની શક્યતા છે. સામાન્ય રીતે ૧૦ જૂન સુધી ચોમાસાનું આગમન મુંબઈમાં થતું હોય છે.

ભારતમાં નૈઋત્યના મોસમી પવનો પહેલા આંદામાન-નિકોબાર ટાપુ પર અને ત્યારબાદ કેરળમાં દાખલ થાય છે. ત્યાંથી તબક્કવાર મોસમી વરસાદ મહારાષ્ટ્ર અને દેશના જુદા જુદા હિસ્સામાં પહોંચે છે. સામાન્ય રીતે મે મહિનામાં જ રાજ્યમાં વરસાદ હાજરી પૂરાવતો હોય છે પણ તે મોસમી વરસાદ નહીં પણ ચોમાસાના આગમન પહેલા અથવા વાતાવરણમાં નિર્માણ થતી ગરમી, બફારા અને ભેજ જેવી પરિસ્થિતીને કારણે વરસાદના ઝાપટાં પડી જતા હોય છે. ગયા વર્ષે મુંબઈમાં નવ જૂનના નૈઋત્યનું ચોમાસાનું આગમન મુંબઈમાં થયું હતું. જે હંમેશા કરતા એક વહેલું હતું. તો ૨૦૨૩માં ચોમાસું મોડું પડ્યું હતું અને તેનું આગમન છેક ૨૫ જૂનના થયું હતું. ૨૦૨૨માં ૧૧ જૂન, ૨૦૨૧માં નવ જૂન તો ૨૦૨૦માં ૧૪ જૂનના ચોમાસાનું આગમન થયું હતું.

# પારસી મરણ

ડોલી હોમી ભરૂચા (આશરે ઉં. વ.૮૯) રે.ઠે. ફ્લેટ નં.૯૦૬/એ, ધી. બ્રીજ કોર્નર,૯૦ ફીટ રોડ, કેનેરા બેન્કની સામે, મહાવીર નગર, કાંદિવલી પશ્ચિમ, મુંબઇ-૪૦૦૦૬૭ જેઓ તા. ૨૨-૪-૨૫ને સવારે ૮:૧૬ કલાકે શ્રીગણેશ હોસ્પિટલ બોરીવલી પશ્ચિમમાં ગુજરી ગયા. તેઓના રવાનને તેમની કેરટેકર આરતી અશોક છોરગે મુંબઇ ડુંગરવાડી પર લઇ આવ્યા અને તેઓ એ જાણ કરી કે તેમનું કોઇ પણ સગા/સંબંધી નથી. જો કોઇ પણ તેમના સગા/સંબંધી હોય તો તેઓ મુંબઇ ડુંગરવાડીની ઓફિસમાં મોબાઇલ નં. + ૯૧ ૮૫૯૧૨ ૪૪૫૨૬ અને ૯૧ ૮૩૬૯૪ ૬૦૩૩૬ પર સંપર્ક કરશો. જો કોઇ પણ સગા/સંબંધી નહીં મળશે તો તેમના રવાનને પારસી ઝોરાસ્ટ્રીયન રીત-રિવાજ મુજબ દોખમેનશીન કરવામાં આવશે. જો જે પણ કોઇ સગા/સંબંધી હોય તો તેઓ રવાનનો કબજો લેવા માગતા હોય તો તેઓ તેમનો આધારકાર્ડ અને બે પાસપોર્ટ સાઇઝનો ફોટો લઇ આવશો.

# હિન્દુ મરણ

**પંચ વિભાગ શ્રીમાળી સોની**

વિરમગામ નિવાસી ગં. સ્વ. મંજુલાબેન રમેશકુમાર ઝવેરી (ઉં.વ.૯૦). તે ગૌતમભાઈ, નિલેશભાઈ, તૃપ્તિબેનના માતુશ્રી તથા નીમાબેન, લોપાબેન,અને સુનિલકુમારના સાસુ. અને નિશિત, વરુણ અને ઋષિના દાદી. હાલ મીરા રોડ, મુંબઈ, ખાતે તા. ૨૦/૪/૨૫ના રોજ શ્રીજીચરણ પામ્યા છે. પ્રાર્થનાસભા ગુરુવાર તા.૨૪/૪/૨૫ સાંજના ૫ થી ૭. ઠે. બીએપીએસ સ્વામિનારાયણ મંદિર, સેક્ટર ૧૦, શાંતિનગર, મીરા રોડ ઈસ્ટ ખાતે રાખેલ છે.

**હાલાઇ ભાટીયા**

મધુરીબેન તે પ્રતાપભાઇ કેશવજી મર્ચન્ટના પત્ની (ઉં. વ.૮૭) રવિવાર, તા. ૨૦-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. અજિત, સ્વ. જીવણદાસ, સ્વ. હંસરાજના ભાભી. હિતેશ, હેમંત અને પારૂલના કાકી. સ્વ. જેઠાભાઇ કલ્યાણજી આશર (ભકતાવાલા)ના પુત્રી. સ્વ. રતનબેન (કિકુબેન), સ્વ. બબીબેન, સ્વ. ચમ્પુબેન, સ્વ. શાંતિબેન, સ્વ. નિહારિકાબેન, સ્વ. લક્ષ્મીદાસભાઇ, સ્વ. નરોત્તમભાઇ, સ્વ. રામદાસભાઇ, સ્વ. પ્રતાપભાઇ, સ્વ. ચંદ્રકાન્તભાઇ, સ્વ. પુરુષોત્તમભાઇના બેન. બેસણું તેમ જ લૌકિક વ્યવહાર બંધ રાખેલ છે.

**સુરત મોઢ વણિક**

ગં. સ્વ. દેવાંગનાબેન અશોકભાઇ મોદી સોમવાર, તા. ૨૧-૪-૨૫ના શ્રીજીચરણ પામેલ છે. તે સ્વ. શારદાબેન મંગળદાસ મંછારામ મોદીના પુત્રવધૂ. સ્વ. ગુણવંતીબેન નાગરદાસ શાહની પુત્રી. સ્વ. ઉષાબેન રતિકાંત લાઇવાલા તથા સ્વ. જયાબેન જયંતિલાલ શાહના ભાભી. પુષ્પાદેવી ગણેશદાસ મલના વેવાણ. અલ્પાબેન રાજેશભાઇ મલના માતુશ્રી. તે વિધિ તથા આસ્થાના નાની. પ્રાર્થનાસભા બુધવાર ૫થી ૭. ઠે. લાઇલેક હોલ, જોલી જીમખાના, ઘાટકોપર (વેસ્ટ).

**દશા સોરઠીયા વણિક**

અ. સૌ. બિન્દુબેન (ઉં. વ. ૭૧) તે પ્રદીપભાઈ પ્રહલાદરાય બક્ષીના ધર્મપત્ની. મીતાંશુના માતુશ્રી. સ્નેહાના સાસુ. સ્વ. ચંપાબેન પ્રાણલાલ (મનુભાઈ) શેઠના દીકરી. ગં. સ્વ. કિરણ કિરીટ શાહ, ગં.સ્વ. વિભાવરી ગુણવંતરાય સાંગાણી, નરેન્દ્ર, હરિનના બહેન ૧૬/૪/૨૫ના શ્રીજીશરણ પામ્યા છે.

**હાલાઇ ભાટિયા**

વીરજીયાણી ગામ જામખંભાળિયા, અરુણભાઈ (ઉં. વ. ૮૭) તે સ્વ. મનુબહેન ચત્રભુજ ગોરધનદાસ સંપટના સુપુત્ર. નિરંજનાબેનના પતિ. ચિ. કિરણ તથા ભારતીના મોટાભાઈ. અ.સૌ. રેખાના જેઠ. સ્વ. શેઠ છબીલદાસ લીલાધર કાપડિયાના જમાઈ. અ. સૌ. ગીતા મોહન ભાટિયા, અ. સૌ. વિપસ્સના હિમાંશુ નેગાંધીના પિતા સોમવાર તા. ૨૧.૦૪.૨૫ના શ્રીજીચરણ પામ્યા છે. લૌકિક વહેવાર બંધ છે.

| મરણ ખબર માટેની સૂચના | મૃત્યુનોંધ સાંજે ૭-30 સુધી જ સ્વીકારવામાં આવશે | (૧) મરનારનું નામ (૨) તારીખ (૩) ઉંમર (૪) કયાં ગુજરી ગયા છે એ જગ્યા (૫) માતાનું નામ (૬) પિતાનું નામ (૭) ગમે તે ત્રણ સગાઈ (૮) પ્રાર્થનાસભા સ્થળ, તારીખ, સમય. મૃત્યુનોંધ આપનારે ઉપર જણાવ્યા મુજબની વિગતો જ પોતાના લેટરહેડ પર લખીને આપવાની રહેશે. સગાઈરૂપે લખાયેલાં વધારાના નામોની કાપકૂપ થાય તો એ માટે કોઈ સંવાદને સ્થાન રહેશે નહીં. (૫૦ શબ્દથી વધારે નહીં). - **વ્યવસ્થાપક** |
|---|---|---|

કવર સ્ટોરી_
નિલેશ વાઘેલા
feedback@bombaysamachar.com

## બચતના વ્યાજદર હજુ કેટલા ઘટશે?




ભારતીય રિઝર્વ બેન્કે રિપોઝિશન રેટમાં ઘટાડો કર્યો ત્યારથી એક પછી એક બેન્ક વ્યાજદરમાં ઘટાડો કરતી થઇ ગઇ છે. આ સંદર્ભે સૌથી પહેલો પ્રતિભાવ એવો આવ્યો હતો કે હાશ, આનંદના સમાચાર આવ્યા! હવે લોનના વ્યાજદર ઘટશે અને આમઆદમી પર ઇએમઆઇનો બોજ હળવો થશે. જોકે, રાબેતામુજબ બેન્કો થાપણ દરોમાં ઘટાડો કરવામાં આળસ કરે છે અને સેવિંગ્સ તથા ડિપોઝિટ પરના વ્યાજદર ઘટાડવામાં સ્ફૂર્તિ દેખાડે છે.

... અને હા! આ વખતે બેન્કોની આવી પ્રવૃત્તિ સામે લાલ આંખ દેખાડી શકે એવા ગવર્નર રઘુરામ રાજન પણ નથી. ખેર, આ વખતે અમુક બેન્કોએ હોમ લોન અને ઓટો કે પર્સનલ લોનના વ્યાજદરોમાં ઘટાડો પણ કર્યો છે. જોકે, ઘણી બેન્કોએ સેવિંગ્સ અકાઉન્ટ એટલે કે બચત ખાતાના વ્યાજદરમાં ઘટાડો કર્યો છે અને આ દરો ૨.૭૫ ટકા સુધી નીચા આવી ગયા છે.

હવે આવા ખાતામાં નાણાં જમા કરનારા નોકરિયાતો અને આમઆદમીને એ ફિકર થઇ રહી છે કે આ દરો હજુ કેટલા ઘટશે? આનું કારણ એ છે કે આરબીઆઇએ એવા સંકેત આપ્યા છે કે આગળ જતાં તે રિપો રેટમાં ઓર ઘટાડો કરી શકે છે.

આરબીઆઇની નાણાકીય નીતિ સમિતિએ નવા નાણાકીય વર્ષની શરૂઆત તેના બેન્ચમાર્ક રેપો રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કરીને કરી હતી, જે ફેબ્રુઆરીમાં ૨૫ બેસિસ પોઇન્ટના ઘટાડા ઉપરાંત હતો. આ વખતે, આરબીઆઇએ પોતાના વલણને ઓકોમોડેટિવ જાહેર કર્યુ છે, જે એવો નિશ્ચિત સંકેત આપે છે કે આગળ જતાં દર વધુ ઘટશે અથવા સ્થિર રહેશે.

વ્યાજદરનો ઘટાડો ઉધાર લેનારાઓ માટે અલબત્ત સારા સમાચાર છે, પરંતુ ધિરાણકર્તાઓએ પણ માર્જિન દબાણ વધતાં થાપણો પર વ્યાજદર ઘટાડવાનું શરૂ કર્યું છે. પાછલા કેટલાંક વર્ષોમાં, એક્સટર્નલ બેન્ચમાર્ક સાથે જોડાયેલી લોનમાં વધારો થયો છે. આરબીઆઇ જ્યારે રિપોઝિશન રેટમાં ફેરફાર કરે છે, ત્યારે આ વ્યાજદરનું ઝડપી ટ્રાન્સમિશન શક્ય બનાવે છે.

બીજી બાજુ, ડિપોઝિટ દરો કરતાં ક્રેડિટની માગ વધતી ગઈ હોવાથી, બેંકોએ પ્રવાહિતા વધારવા આકર્ષક દરો સાથે બચતકારોને આકર્ષિત કર્યા, પરંતુ હવે ઘટતા વ્યાજદરો અને આરબીઆઇ દ્વારા સિસ્ટમમાં પર્યાપ્ત તરલતા ઠલવાઇ રહી છે, ત્યારે ડિપોઝિટ દરમાં પણ ઘટાડો તોળાઇ રહ્યો છે.

ઉપરાંત, તાજેતરના મહિનાઓમાં ડિપોઝિટ અને લોન વૃદ્ધિ વચ્ચેનો તફાવત ઓછો થયો છે. ભારતની સૌથી મોટી ખાનગી ક્ષેત્રની એચડીએફસી બેંકે તાજેતરમાં ૫૦ લાખ રૂપિયા સુધીના બેલેન્સ માટે બચત ખાતા પર વ્યાજ દર ૩.૦ ટકાથી ઘટાડીને ૨.૭૫ ટકા કર્યો છે. પચાસ લાખ રૂપિયાથી વધુની થાપણો પર ૩.૨૫ ટકા (૩.૫૦ ટકાથી નીચે) દર મળશે.

એ જ રીતે, આઇસીઆઇસીઆઇ બેંક અને એક્સિસ બેંક જેવી અન્ય મોટી બેંકોએ પણ તેમના સેવિંગ્સ ડિપોઝિટ રેટમાં સમાન પ્રમાણમાં ઘટાડો કર્યો છે. મધ્યમ કદની ધિરાણકર્તા ફેડરલ બેંકે પણ તેમના સેવિંગ્સ ડિપોઝિટ રેટમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો કર્યો છે. બેન્ક ઓફ ઇન્ડિયા, એચડીએફસી બેન્ક સહિતની ઘણી બેંકોએ પણ ફિક્સ ડિપોઝિટ પર વ્યાજ દરમાં ઘટાડો કર્યો છે.

એક અગ્રણી વિશ્લેષકે કહ્યું હતું કે, બચત દરમાં ૨૫ બેસિસ પોઇન્ટનો ઘટાડો બેંકોના માર્જિન પર પાંચથી આઠ બેસિસ પોઇન્ટનો સુધારો કરી શકે છે. આનાથી વ્યાજદરમાં ઘટાડો કરવાના ચક્રમાં ખાનગી બેંકો માટે નીમ (નેટ ઇન્ટરેસ્ટ માર્જિન) સંકોચનના સંદર્ભમાં મુખ્ય અવરોધ દૂર થશે.

વધુમાં, ઘણી બેંકોએ વિવિધ મેચ્યોરિટી પિરિયડ ધરાવતી ટર્મ ડિપોઝિટ રેટમાં ઘટાડો કરવાની જાહેરાત કરી છે. આનાથી નાણાકીય વર્ષ ૨૦૨૬ના પ્રથમ છ મહિનામાં નીમમાં ઘટાડો નહીં જોવા મળે. નવા ગવર્નર સંજય મલ્હોત્રાના નેતૃત્વમાં, રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયાએ માત્ર બેન્ચમાર્ક રિપો રેટમાં ઘટાડો કર્યો નથી, પરંતુ સિસ્ટમમાં પૂરતી તરલતા પણ સુનિશ્ચિત કરી છે. જાન્યુઆરી-માર્ચ ક્વાર્ટરમાં, જ્યારે બેંકોનો ક્રેડિટ ગ્રોથ લગભગ ૧૧ ટકા હતો, ત્યારે ડિપોઝિટ ગ્રોથ લગભગ ૧૦ ટકા હતો.

સીપીઆઇ (ગ્રાહક ભાવાંક) ઇન્ફ્લેશન સારી રીતે નિયંત્રણમાં છે અને ટેરિફ-સંબંધિત અનિશ્ચિતતાને કારણે વૃદ્ધિ દબાણ ઊંચું રહે છે, ત્યારે અર્થશાસ્ત્રીઓ આ વર્ષે રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા દ્વારા ઓછામાં ઓછા ૫૦ બેસિસ પોઈન્ટ દરમાં ઘટાડો થવાની અપેક્ષા રાખી રહ્યા હોવાથી, આગામી ત્રિમાસિક સમયગાળામાં વ્યાજદર ઘટશે.

અહીં આમઆદમી, થાપણદારો માટે એક જ આશ્વાસન છે કે, ડિપોઝિટ રેટમાં નોંધપાત્ર ઘટાડાની શક્યતા ઓછી છે. તાજેતરના વર્ષોમાં, બેંકો સ્પર્ધાત્મક ભાવે ડિપોઝિટ એકત્ર કરવામાં પડકારોનો સામનો કરી રહી છે. મ્યુચ્યુઅલ ફંડ સહિતના અન્ય રોકાણ માર્ગો તરફથી વધતી જતી સ્પર્ધા અને રોકાણકારો દ્વારા ટર્મ ડિપોઝિટ માટે પસંદગીને કારણે સમય જતાં નાની રકમની બચત અને ચાલુ ખાતાના બેલેન્સમાં ઘટાડો થયો છે, જેના કારણે બેંકોના ભંડોળના ખર્ચ પર અસર પડી છે.

સીડી (ક્રેડિટ-ડિપોઝિટ) રેશિયોમાં વધારો થવાથી, નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન પણ ડિપોઝિટ એકત્રીકરણ માટેની સ્પર્ધા ઊંચી રહેવાની શક્યતા છે, જે બેંકોની ડિપોઝિટ દર ઘટાડવાની ક્ષમતાને મર્યાદિત કરશે. આ ઉપરાંત, એક્સટર્નલ બેન્ચમાર્ક લિંક્ડ લોનના ઘટતા દરો તેમ જ ડેટ માર્કેટ્સની સ્પર્ધાને કારણે ધિરાણ દરો દબાણ હેઠળ રહેશે. આ જોતાં આશા રાખી શકાય કે થાપણ દરોમાં વધુ ઘટાડાનો અવકાશ ઓછો રહેશે, અલબત્ત આને કારણે બેંકોના માર્જિન દબાણ હેઠળ રહેશે. ■

### રિપો રેટમાં વધુ ઘટાડો તોળાઇ રહ્યો છે!

સામાન્ય રીતે જ્યારે રિપો રેટમાં ઘટાડો થાય છે ત્યારે બેન્કો થાપણ અને બચત દરમાં ઘટાડો કરવામાં ચૂસ્ત અને ધિરાણ દર ઘટાડાવામાં સૂસ્ત હોય છે. આ વખતે ઘણી બેન્કોએ સેવિંગ્સ રેટમાં ઝડપથી ઘટાડો જાહેર કર્યો હોવાથી બચતકારો ચિંતામાં મૂકાયા છે, કારણ કે રિપો રેટમાં આગળ વધુ ઘટાડો તોળાઇ રહ્યો છે.

જોકે, આશાની એક કિરણ પણ છે. ક્રેડિટ-ડિપોઝિટ રેશિયોમાં વધારો થવાથી, નાણાકીય વર્ષ ૨૦૨૬ દરમિયાન પણ ડિપોઝિટ એકત્રીકરણ માટેની સ્પર્ધા ઊંચી રહેવાની શક્યતા છે, જે બેંકોની ડિપોઝિટ દર ઘટાડવાની ક્ષમતાને મર્યાદિત કરશે. આ જોતાં આશા રાખી શકાય કે થાપણ દરોમાં વધુ ઘટાડાનો અવકાશ ઓછો રહેશે!

મગજ મંથન_વિઠ્ઠલ વઘાસિયા
feedback@bombaysamachar.com

## વાચન એ જ્ઞાન પ્રારપ્તિ ને સમસ્યા ઉકેલનું ઉત્તમ સાધન છે

### ઈન્ટરનેટની ક્રાંતિથી મનુષ્ય તથા પુસ્તકો વચ્ચે અંતર વધી રહ્યું છે



આજે 'વિશ્વ પુસ્તક દિવસ' છે. એ 'વિશ્વ પુસ્તક અને કોપીરાઈટ દિવસ' તરીકે પણ ઓળખાય છે. દર વર્ષે ૨૩ એપ્રિલના દિવસે એ ઉજવવામાં આવે છે. આ દિવસ વાચન-લેખન-અનુવાદ-પ્રકાશન અને કોપીરાઈટના રક્ષણને પ્રોત્સાહન આપવા માટે સમર્પિત દિવસ છે.

'વિશ્વ પુસ્તક દિવસ'ની શરૂઆત વર્ષ ૧૯૨૨માં 'સર્વાંટેસ પબ્લિશિંગ હાઉસ ' ના ડિરેક્ટર વિસેન્ટ ક્લેવેલ દ્વારા કરવામાં આવી હતી.એમણે આ દિવસ સ્પેનના પ્રસિદ્ધ સાહિત્યકાર મિગુએલ ડી સર્વાંટેસ (Miguel de Cervantes)ની સ્મૃતિ રૂપે શરૂ કર્યો હતો. સર્વાંટેસ સૌથી વધુ જાણીતા થયા હતા એમની પ્રસિદ્ધ નવલકથા 'Don Quixote' માટે, જેને વિશ્વ સાહિત્યની એક શ્રેષ્ઠ કૃતિ ગણવામાં આવે છે. આ નવલકથામાં એમણે એક એવા માણસની કહાણી કહી છે, જે એક કાલ્પનિક રાક્ષસ સામે લડનાર 'રક્ષક' બની જાય છે.

તે પછી ૧૯૨૬માં બાર્સેલોનામાં પ્રથમ વિશ્વ પુસ્તક દિવસ ઉજવવામાં આવ્યો. ત્યારે પુસ્તક દિવસ સાત ઓક્ટોબરના રોજ ઉજવવામાં આવ્યો હતો, પરંતુ પાછળથી મિગુએલ ડી સર્વાંટેસના મૃત્યુદિન નિમિત્તે ૨૩ એપ્રિલના વિશ્વ પુસ્તક દિવસની ઉજવણીનું નક્કી કરવામાં આવ્યું.

વિશ્વ પુસ્તક દિવસ દર વર્ષે નવી થીમ સાથે ઉજવવામાં આવે છે. 'વર્લ્ડ બુક એન્ડ કોપીરાઈટ ડે' ની સત્તાવાર થીમ છે, 'રીડ યોર વે' (Read Your Way). આ થીમ વાચન પ્રત્યેના પ્રેમને પ્રોત્સાહન આપવા અને લોકોને જાગૃત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરે છે. આ દિવસ જગતભરના લોકોને પુસ્તકો અને લેખકોનું સન્માન કરવાનું શીખવે છે. વિશ્વ પુસ્તક દિવસ વાચનનો શોખ ધરાવતા લોકો માટે ખાસ છે, કારણ કે આ વાચકો વર્તમાનમાં ભૂતકાળના મહાન લેખકોનાં પુસ્તકો વાંચીને આનંદ શોધવા માગે છે.

પુસ્તકની ઓળખ ઘણી રીતે આપી શકાય, જેમકે બે પૂંઠા વચ્ચેના કાગળ ફેરવતા ફેરવતા થતો આત્મા સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. જ્ઞાનનો ભંડાર એટલે પુસ્તક. એક અનેરી સમજનો મગજ સાથેનો વ્યવહાર એટલે પુસ્તક. તમે કદી વિચાર કર્યો છે કે પુસ્તક વિનાની દુનિયા કેવી લાગતી હોત? કોઈ પણ વાતની કોઈ દિશા, દશા કે પ્રમાણ હોત જ નહીં. જ્ઞાન મેળવવા માટે હંમેશાં પુસ્તકની જરૂર રહી જ છે. નાનાં બાળકથી લઈને ઉંમરલાયક વ્યક્તિ પણ પોતાના જીવનમાં પુસ્તકોનો ઉપયોગ કરતા જ હોય છે, પછી એ પુસ્તક ગમે તે વિષયનું હોય.

શાસ્ત્રોની વાત કરીએ તો જો પ્રાચીન કાળમાં પુસ્તકો લખાયાં ન હોત તો આજે રામાયણ, મહાભારત, પુરાણો, શ્રીમદ્ ભગવદ્ગીતા, શ્રીમદ્ ભાગવત જેવા ગ્રંથોનું દર્શન અને તેનાં જ્ઞાનને આપણે પામી જ શક્યા ન હોત. પ્રાચીન વેદો વગર આપણે જીવન કઈ રીતે જીવવું એ જાણી શક્યા ન હોત.

આ દિવસની ઉજવણી પાછળ 'યુનેસ્કો'નો વિચાર વિશ્વભરના લોકોને પુસ્તકો વાંચવાની ટેવ બનાવવા માટે પ્રોત્સાહિત કરવાનો છે, ખાસ કરીને યુવા વર્ગને. આજના વિશ્વમાં આ દિવસ વધુ મહત્ત્વનો છે, કારણ કે અન્ય સ્રોતોમાંથી માહિતીના ભારણને કારણે અસંખ્ય લોકો પુસ્તક વાંચવાથી વિખૂટા પડી રહ્યા છે. ટેક્નોલોજીના આગમનને કારણે આજકાલ મોટાભાગના યુવાનો અને બાળકો પુસ્તકોથી દૂર થઈ ગયા છે... કોમ્પ્યુટર અને ઈન્ટરનેટની ક્રાંતિથી મનુષ્ય અને પુસ્તકો વચ્ચેનું અંતર વધી રહ્યું છે. વર્તમાન યુગમાં બાળકોથી લઈને યુવાનો અને વડીલોના હાથમાંથી પુસ્તકો દૂર થઈ ગયાં છે. હવે તેનું સ્થાન મોબાઈલે લઈ લીધું છે. તેનું કારણ કદાચ ઈન્ટરનેટના માધ્યમથી વિવિધ માહિતીઓ માટેની જે ઓડિયો વિઝ્યુઅલ સામગ્રી મળી રહી છે, તે હોઈ શકે. ડિજિટલ મીડિયાના અગમનથી અખબારોના વેચાણમાં ફરક પડ્યો છે.

જોકે, બીજી બાજુ આખી દુનિયામાં હજારોની સંખ્યામાં પુસ્તકાલયો જોવા મળી રહ્યાં છે. સમયાંતરે નવાં પુસ્તકાલય પણ સ્થાપવામાં આવી રહ્યાં છે. એક અંદાજ મુજબ દુનિયામાં દરરોજ હજારોની સંખ્યામાં નવાં પુસ્તકો પ્રકાશિત થાય છે. જો લોકોની વાચન ક્ષમતા ઘટી છે તો રોજ આટલાં પુસ્તકો પ્રકાશિત થઈને ક્યાં જાય છે? કોણ વાંચે છે? જો લોકોની વાચન ક્ષમતા ઘટી હોય તો આટલા પુસ્તકો બહાર પાડવાની શું જરૂર ? તે દર્શાવે છે કે લોકો હજુ પણ વાચનમાં રસ લઈ રહ્યા છે.

સોશિયલ મીડિયામાં ઘણું કન્ટેન્ટ ઉપલબ્ધ છે, પરંતુ કોઈ પણ કન્સેપ્ટને સારી રીતે સમજવો હોય તો જે તે વિષયના પુસ્તકમાંથી જ તે સરળતાથી સમજી શકાય છે. દુનિયાનાં અગણિત પુસ્તકાલયો, થોકબંધ પુસ્તકો, પ્રસિદ્ધ લેખકો, સાથે ઊભરતા લેખકો દ્વારા રજૂ થતાં વિવિધ પુસ્તકો હજુ પણ વિશ્વના પુસ્તક પ્રેમી લોકો દ્વારા વંચાય રહ્યાં છે.

વિશ્વ પુસ્તક દિવસ દરેક દેશમાં અલગ અલગ રીતે ઉજવવામાં આવે છે. કેટલીક જગ્યાએ પુસ્તકોનું મફતમાં વિતરણ કરવામાં આવે છે તો કેટલીક જગ્યાએ લોકોમાં સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવે છે તો વળી ક્યાંક લેખકો દ્વારા લખાયેલા નવાં પુસ્તકોનું વિમોચન પણ કરવામાં આવે છે. સ્પેનમાં રીડિંગ મેરેથોન બે દિવસ ચાલે છે, જે ખૂબ લોકપ્રિય છે. ■

આ તો સ્કેમ છે...




પ્રફુલ શાહ
feedback@bombaysamachar.com

## નેતાજીની ટહેલ પર ગૃહિણીઓ સોનાના ઘરેણાં આપી દેતી હતી



ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં નેતાજી સુભાષચંદ્ર બૉઝ જેટલું ઘટનાસભર જીવન અને મૃત્યુ ભાગ્યે જ કોઈનું હશે. એમના મૃત્યુ, એના સ્થળ, સમય અને સંજોગો વિશે આજ સુધી કોઈ છાતી ઠોકીને કંઈ કહી શકે એમ નથી. એવું જ હજી વણ ઉકેલાયું રહસ્ય છે નેતાજીની ઈન્ડિયન નેશનલ આર્મીના ખજાનાનું. હકીકતમાં આ ખજાનો આઈ.એન.એ. કરતા અખંડ ભારતના પ્રજાજનોનો હતો અને છે. એ સૌએ દેશની આઝાદી માટેની સશસ્ત્ર લડાઈની નેતાજીની નીતિનું સમર્થન કરીને પોતાની બચત અને સોનાના ઘરેણાં દાનમાં આપ્યા હતા. નેતાજીના કસમયના અને આકસ્મિક મૃત્યુ કે અદ્રશ્ય થયા બાદ એ કરોડોના ખજાનાનું શું થયું? ક્યાં ગયો? કોણે પચાવી પાડ્યો? આ બધા સવાલો આજેય અનુત્તર છે.

નેતાજી પરની ડિક્લાસિફાઈડ ફાઈલ મોડે મોડે તબક્કાવાર બહાર આવી ત્યારે એમાંથી ઘણા આંચકા - આઘાત બહાર આવ્યા હતા. ૧૯૪૭થી લઈને ૧૯૬૮ સુધી નહેરુ સરકાર બૉઝના કુટુંબીજનો પર ચાંપતી નજર રખાવતી હતી? શા માટે? આ ઘટસ્ફોટ બાદ ૨૦૧૫ના ૧૩મી એપ્રિલે નેતાજીના ભત્રીજાના દીકરા સૂર્યકુમાર બૉઝે વડા પ્રધાન નરેન્દ્ર મોદીને મળીને માગણી કરી હતી કે હજી સરકાર પાસે નેતાજી અંગેની ૧૫૦ ગુપ્ત ફાઈલ છે એ સત્વરે જાહેર કરી દેવી જોઈએ. મોદીએ સાંત્વન આપ્યું હતું કે ફાઈલ જાહેર કરવાની પરિવારની કે પ્રજાની માગણી નથી, દેશની ફરજ છે. આ વચન મુજબ ફાઈલ બહાર આવી અને દેશને ઘણું નવું જાણવા મળ્યું હતું. આમાં ખજાનાનો ઉલ્લેખ પણ આવ્યો જે આંચકાજનક હતો.

નેતાજી કે આઈ.એન.એ.ના ખજાનામાં ખરેખર શું હતું? આઝાદી માટે સશસ્ત્ર લડાઈની આહલેક કરી ત્યારે એને ગઈ સદીનો સૌથી વધુ - મોટો પ્રતિસાદ મળ્યો હોવાનો દાવો થાય છે. એ સમયમાં રૂપિયા એકાદ કરોડનો ફાળો મળ્યો હતો. આમાં મુખ્યત્વે પાઉન્ડ (બ્રિટિશ ચલણ), ગીની અને સોનાની ચીજ-વસ્તુ-અલંકાર હતા. ઈન્ડિયન નેશનલ આર્મીને મળેલી આ ભેટ-ભંડોળનો અમુક હિસ્સો નેતાજી પોતાની સાથે જીવનની છેલ્લી વિમાન મુસાફરીમાં બૅંગકોકથી સાઈગોન લઈ ગયા હતા. એવું મનાય છે કે આ ખજાનાનો અમુક હિસ્સો આજેય સાઈગોનમાં જમા થયેલો પડ્યો છે. નેતાજી સોનું ભરેલી માત્ર બે લેધરની બેગ લઈને ગયા હતા. આ ખજાનાનો એક ભાગ ૧૯૫૨માં જાપાનથી ચાર પેકેટમાં ભરીને ભારતમાં લવાયો હતો. એ સમયે ખજાનાનું મૂલ્ય રૂ. ૯૦,૦૦૦ મૂકાયું હતું. પણ શું હતું એ ચાર પેકેટમાં. સોનું, પૂરા ૧૧ કિલોગ્રામ. એ ૧૧ કિલો સોનું આજના ભાવે કેટલા રૂપિયાનું થાય? આ ખજાનો સિલ કરીને દિલ્હીના નેશનલ મ્યુઝિયમમાં મુકાયો હતો. એનું છેલ્લું નિરીક્ષણ ૧૯૭૮માં કરાયું હતું.

આ ચાર પેકેટ એટલે કે બંડલની વધુ વિગતો બહાર આવી હતી. પહેલા બંડલમાં સોનાની વીંટી, તૂટેલી બંગડી, પિન, નેકલેસ અને બુટિયા હતા, પણ વળી ગયેલી હાલતમાં. બીજા બંડલમાં વિમાનના બળી ગયેલા કાટમાળમાં પોલાદ અને ભંગારમાં ભળી ગયેલું અને કાળું પડી ગયેલું સોનું હતું. ત્રીજા બંડલમાં ધાતુ અને ધૂળ હતા અને ચોથામાં ૩૦૦ ગ્રામ સોનું.

આ અને અન્ય બધું કેવી રીતે આવ્યું? સાઉથ કે હોલિવૂડની ફિલ્મને ય શરમાવે એવા ભવ્યાતિભાવ દૃશ્યની કલ્પના કરી જુઓ. ૧૯૪૫ની ૨૯મી જાન્યુઆરીએ બર્માના પાટનગર રંગુનમાં એક અઠવાડિયા સુધી ભવ્ય ઉજવણી ચાલી હતી. શેની અને કેવી ઉજવણી? આઝાદ હિન્દની કામચલાઉ સરકારના વડા નેતાજી સુભાષચંદ્ર બૉઝના ૪૮મા જન્મદિનની ઉજવણી. પણ આ બર્થ-ડે સેલિબ્રેશન એકદમ હટકે હતું, ભવ્ય હતું.

નેતાજીની ઈચ્છા વિરુદ્ધ એમની સુવર્ણ તુલા કરાઈ હતી. એ સાપ્તાહિક ઉજવણીમાં ૮૦ કિલો સોના સહિત કુલ રૂા. બે કરોડનું ડોનેશન મળ્યું હતું. હકીકતમાં આઈ.એન.એ. માટે આવી ભંડોળ ઝુંબેશ નવાઈની બાબત નહોતી. હકીકતમાં નેતાજીની અદમ્ય ઈચ્છા હતી કે એમની ગવર્મેન્ટ ઈન એક્ઝાઈલ (દેશ બહારની નિર્વાસીત કે હિજરતી સરકાર)ના સૈનિકો માટે જાપાન સરકાર પર વધુ અવલંબન રાખવું ન પડે.

અને નેતાજીની દેશની આઝાદી માટેની અડગ લડાઈ, અદ્ભુત વકતૃત્વ અને ચુંબકીય વ્યક્તિના ફળ સ્વરૂપે એમની એક હાકલ પર સામાન્ય ગૃહિણીઓ સોનાની વીંટી, બુટિયા કે હાર આપી દેતા અચકાતી નહોતી.

આવી એક મીટિંગ ૧૯૪૪ની ૨૧મી ઑગસ્ટે રંગુનમાં યોજાઈ હતી. એ બેઠકના સ્થાનિક અખબારમાં પ્રગટ થયેલા અહેવાલ મુજબ હિરાબેન બેટાણી (અટક લખવામાં વિદેશી અખબારમાં ભૂલચૂક થઈ હોઈ શકે) એ સોનાના તેર હાર આપી દીધા હતા, જેની કિંમત એ સમયે દોઢેક લાખ જેટલી હતી. હબીબ સાહિબ નામના ધનપતિએ પોતાની પૂરી મિલકત - એકાદ કરોડ રૂપિયા જેટલી નેતાજીનાં ફંડમાં દાન કરી દીધી હતી. રંગુનના એક વેપારીએ આઝાદ હિંદ બૅંકમાં રૂા. ૪૨ કરોડ અને સોનાના ૨૮૦૦ સિક્કા ડિપોઝિટ કરાવ્યા હતા.

આવું ભારતના કે અન્ય કોઈ દેશના સ્વાતંત્ર્ય વીર કે નેતા કરી શક્યા નહોતા. વીસમી સદીમાં યુદ્ધ માટે સૌથી મોટું ભંડોળ મેળવનાર નેતાજી સુભાષચંદ્ર બૉઝ એક માત્ર નેતા કે સ્વાતંત્ર્ય સૈનિક હતા.

પછી શું થયું એ ખજાનાનું? વધુ રસપ્રદ વિગતો આવી રહી છે.

(ક્રમશઃ) ■

વિશેષ
પ્રભાકાંત કશ્યપ
feedback@bombaysamachar.com

# શું છે આ ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ?



'ડિજિટલ પર્સનલ ડેટા પ્રોટેક્શન એક્ટ-૨૦૨૩'ને ૧૧ ઓગસ્ટ, ૨૦૨૩એ જ રાષ્ટ્રપતિની મંજૂરી મળી ગઈ હતી. આથી એ ઔપચારિક રૂપથી કાયદો બની ગયો હતો. જોકે વર્ષ ૨૦૨૫માં આના નિયમનો અમલ ઝડપથી થઈ રહ્યો છે. આ જ કારણ છે કે દરેક ભારતીયે આની જાણકારી રાખવી અતિશય જરૂરી છે.

**કેમ જરૂરી છે એને જાણોઃ**

ભારતમાં લગભગ દરેક વ્યક્તિ મોબાઈલ, એપ, સોશિયલ મીડિયા, બૅન્કિંગ અને સરકારી સેવાઓમાં પોતાનો વ્યક્તિગત ડેટા શેર કરે છે જેમ કે

આધાર સંખ્યા
મોબાઈલ નંબર
લોકેશન ડેટા
બૅન્ક ડિટેલ્સ

હેલ્થ અને એજ્યુકેશનથી જોડાયેલી જાણકારી ફેશિયલ અને બાયોમેટ્રિક ડેટા આ કાયદાનો હેતુ તમારો ડેટા સુરક્ષિત રહે અને કોઈ પણ કંપની અને સંસ્થા તમારી અનુમતી વિના એનો ઉપયોગ ન કરી શકે.

**આ કાયદાના મુખ્ય મુદ્દાઃ**

* સંમતિ : તમારી અનુમતી વિના કોઈ પણ તમારો વ્યક્તિગત ડેટા ન લઈ શકે.

* ડેટા દૂર કરવાનો અધિકાર : તમે કોઈ પણ કંપનીને કહી શકો કે મારો વ્યક્તિગત ડેટા કાઢી નાખો.

*ડિજિટલ ઈન્ડિયાને ધ્યાનમાં રાખીને ઘડાયોઃ આ કાયદો ભારતીય નાગરિકોની ડિજિટલ સુરક્ષાને પ્રાથમિકતા દે છે.

* ડેટા ફિડ્યુશરીની જવાબદારી : જે કંપની અને સંસ્થા તમારા ડેટા લે છે તે આને માટે જવાબદાર હોય છે.

* બાળકોના ડેટાની વિશેષ સુરક્ષા : ૧૮ વર્ષથી ઓછી વયવાળા કિશોરોના ડેટા પર કડક નિગરાણી રખાશે.

**જો કાયદાનું પાલન ન કર્યું તો...**

* કંપનીઓને ૨૫૦ કરોડ રૂપિયાનો દંડ થઈ શકે.

* સરકારી કંપનીઓનું ડેટા પ્રોસેસિંગ બંધ કરી શકે.

**સામાન્ય માનવી માટે શું અસ્તિત્વ?**

* હવે તમે જાણી શકો છો કે કઈ એપ, બૅન્ક કે વેબસાઈટ તમારો ડેટા કેવી રીતે અને શા માટે ઉપયોગ કરે છે.

* તમે તમારા ડેટા ડિલીટ કરવાની કે ટ્રાન્સફર કરવાની માગણી કરી શકો.

* તમે સરકાર કે કંપનીથી સવાલ પૂછી શકો છો કે તેણે તમારી જાણકારી કેવી રીતે મેળવી અને તેનો શો ઉપયોગ કર્યો

**શું છે કાયદો?**

આ ભારત સરકારે નવો કાયદો બનાવ્યો છે જે તમારા પર્સનલ ડેટાની સુરક્ષા કરે છે જેમ કે...

તમારું નામ, ફોટો, મોબાઈલ નંબર
આધાર નંબર, પેન કાર્ડ
હેલ્થ રિપોર્ટ, સ્કૂલ-કૉલેજ રેકોર્ડ
તમારું લોકેશન, બૅન્કિંગ જાણકારી
અને જે પણ તમારી ઓળખાણ સાથે જોડાયેલી છે.

**આ કાયદાનો હેતુ...**

હવે તમારી ઈચ્છા વિના તમારો અંગત ડેટા

* કોઈ એપ વાપરી ન શકે

* કોઈ વેબસાઈટ આને સેવ કરી શકતી નથી

* કોઈ કંપનીને વેચી શકાતો નથી તમારા અધિકારો

* સંમતિનો અધિકાર : કોઈ પણ એપ કે વેબસાઈટ તમારા ડેટાનો ઉપયોગ તમારી મંજૂરી વિના કરી ન શકે.

* ડેટા હટાવાનો અધિકાર : તમે કોઈ પણ કંપનીને ડેટા ડિલિટ કરવાનું કહી શકો.

* ડેટા સુધારવાનો અધિકાર : જો તમારી જાણકારી ખોટી હોય તો તમે તેને સુધારવાની માગણી કરી શકો.

* ના પાડવાનો અધિકાર : તમે કોઈને પણ તમારો ડેટા ન વાપરવાનું કહી શકો.

જો તમે કાયદો ન જાણતા હો તો શું થઈ શકે?

**જોખમ :**

* તમારો ડેટા ચોરી થઈ શકે. તમારી મંજૂરી વિના કોઈ એપ્સ તમારું લોકેશન, ફોટો અથવા કોલ લિસ્ટ ચોરી કરી શકે છે.

* ફ્રોડ કોલ કે મેસેજ વધી જાય છે. તમારો નંબર વેચી શકાય છે અને આનાથી ઠગ તમને લક્ષ્ય બનાવી શકે.

* બૅન્ક ફ્રોડ થઈ શકે છે. તમારી નાણાકીય જાણકારી લીક થઈને ખોટા હાથોમાં જઈ શકે.

* તમારી માનસિક શાંતિ પર અસર : અંગત ડેટા વાઈરલ થવાથી તમે શરમ અને તાણ અનુભવો.

* એઆઈના દુરૂપયોગથી તમારા ફોટા કે વીડિયોથી ડીપફેક બનાવીને તમને બદનામ કરાય.

* સરકાર કોઈ પણ કંપનીને નિયમના ઉલ્લંઘન બદલ ૨૫૦ કરોડ રૂપિયાનો દંડ કરી શકે.

* કંપનીની ડેટા સેવા બંધ થઈ જાય.

* તમારી ફરિયાદનું નિવારણ સાતથી ૩૦ દિવસમાં કરવાનો આદેશ.

**તમે શું કરી શકો છો?**

૧) એપ ઈન્સ્ટોલ કરતા પહેલાં પરવાનગી તપાસો.

૨) વેબસાઈટની પ્રાઈવસી પૉલિસી વાંચો.

૩) તમારા ડેટાના ઉપયોગની માહિતી માગો.

૪) જો તમારા ડેટાનો ખોટી રીતે ઉપયોગ કરવામાં આવ્યો તો ડેટા પ્રોટેક્શન બોર્ડ ઑફ ઈન્ડિયામાં ફરિયાદ કરો. ■

ફોકસ
અંતરા પટેલ
feedback@bombaysamachar.com

# મૌન રહેવું હવે યોગ્ય નથી..!

'બધા પુરુષો ખરાબ નથી હોતા.' જ્યારે પણ જાતીય હિંસા અને અત્યાચાર પર ચર્ચા થાય છે, ત્યારે આ સામાન્ય વાક્ય ચોક્કસપણે સાંભળવામાં આવે છે અને તેની સાથે હતાશાની લાગણી પણ આવે છે. પુરુષોને લાગે છે કે જેઓ મહિલાઓ સામે જઘન્ય અપરાધ કરે છે. તેમને તેની સાથે જોડવું અયોગ્ય છે, કારણ કે આખો પુરૂષ સમાજ અમુક લોકોની ક્રિયાઓ માટે જવાબદાર ન હોઈ શકે. આ દલીલ સાંભળવામાં ખૂબ સારી લાગે છે. ચોક્કસ દરેક માણસ ગુનેગાર નથી હોતો. પરંતુ એક પ્રશ્ન છે જે આપણે આપણી જાતને પૂછવો જોઈએ - ભલે બધા પુરુષો ગુનામાં સીધી રીતે સામેલ ન હોય, તો પણ સિસ્ટમમાં કેટલા લોકોની મિલીભગત છે, જે આ અપરાધોને નિરંતર થવા દે છે.

કલ્પના કરો કે ૧૦૦ પુરુષોમાંથી, ૧૦ ટકા રીઢા અપરાધીઓ છે, જેઓ સ્ત્રીઓ સામે સતત અપમાનજનક અથવા હિંસક વર્તન કરે છે. આમાં ૫ ટકા બીજા ઉમેરો જેઓ ક્યારેક આવું કરે છે અને ખુલાસો આપે છે કે હું નશામાં હતો કે મારાથી ભૂલ થઈ છે. ઘણીવાર પુરુષો વિચારે છે કે સમાજ આ ૧૫ ટકા પર ધ્યાન કેન્દ્રિત કરે છે અને તેઓ રક્ષણાત્મક બની જાય છે, જે કામ અન્ય કરે છે તેના માટે મને શા માટે દોષિત માનવામાં આવે છે? આ ૧૫ ટકાથી આગળ જોવાની જરૂર છે. બાકીના ૮૫ ટકા પુરુષોનું શું? આ ૮૫ ટકા માંથી મોટા ભાગના લોકો સીધા ગુના નથી કરતા, પરંતુ તેમનું વર્તન, વલણ અને મૌન સમસ્યામાં ફાળો આપે છે. આ જૂથના બીજા ૨૦ ટકાને લો જેઓ 'સહનશીલ અપરાધ' કરે છે, જેમ કે જાહેરમાં અપમાન કરવુ, બસોમાં મહિલાને દબાવવી કે અશ્લીલ ટિપ્પણીઓ કરવી. અન્ય ૨૦ ટકા લોકો ઊંડી પિતૃસત્તાક લાગણી ધરાવે છે અને તેઓ ઘણીવાર ગુનેગારની ક્રિયાઓને એવું કહીને યોગ્ય ઠેરવે છે કે તેણે કેવા કપડાં પહેર્યા હતા? અથવા તે આટલી મોડી રાત્રે ઘરની બહાર કેમ હતી?'

હદ તો એટલી છે કે ૧૧ માર્ચ, ૨૦૨૫ના રોજ અલ્હાબાદ હાઈ કોર્ટના ન્યાયાધીશ સંજય કુમાર સિંહે બળાત્કારના આરોપીને જામીન આપતાં પીડિતાને દોષી ઠેરવતા કહ્યું કે તેણે પોતે જ મુશ્કેલીને આમંત્રિત કરી છે અને તે તેના પગલાની નૈતિકતા અને મહત્ત્વને સમજવા માટે સમજદાર છે. પીડિતા નશામાં હતી અને તેને આરામની જરૂર હતી. આથી તે આરોપી સાથે ગઇ હતી. પરંતુ શું આનો અર્થ એ છે કે તેની પર બળાત્કાર થવો જોઈએ? હકીકતમાં, એવી ધારણા બનાવી લેવામાં આવી છે કે સ્ત્રીની પસંદગી જ તેને તેની પરિસ્થિતિ માટે જવાબદાર બનાવે છે. પુરુષોનો કોઈ દોષ નથી.

અંતે ૧૦ થી ૧૫ ટકા પુરુષો જ પોતાનો અવાજ ઉઠાવે છે. આ તે લોકો છે જેઓ જ્યારે કંઇક ખોટું થતું જુએ છે ત્યારે દખલગીરી કરે છે. એ સ્વીકારવું જરૂરી છે કે આ મુદ્દો માત્ર પુરુષો પૂરતો મર્યાદિત નથી. મહિલાઓનો પણ આ હાનિકારક પ્રણાલીમાં ફાળો છે. ઘણી સ્ત્રીઓ અજાણતા પીડિતને દોષી ઠેરવતા સ્ટીરિયોટાઇપ્સને ટેકો આપે છે અને અત્યાચાર થાય ત્યારે ચૂપ રહે છે.

પુરુષોને પણ હિંસા અને અત્યાચારનો સામનો કરવો પડે છે, પરંતુ સમાજ ઘણીવાર તેની અવગણના કરે છે. પીડિત પુરુષને ઘણીવાર શરમ અને કલંકના વધારાના સ્તરને સહન કરવું પડે છે. જોકે, 'મર્દ કો દર્દ નહીં હોતા' અથવા 'પુરુષો રડતા નથી' એવા સ્ટીરિયોટાઇપને કારણે, પીડિત પુરુષો માટે મદદ મેળવવી વધુ મુશ્કેલ બની જાય છે. પરિણામે, શારીરિક, ભાવનાત્મક અથવા જાતીય શોષણનો ભોગ બનેલા પુરુષોને ઘણીવાર અવગણવામાં આવે છે અથવા તેમની સમસ્યાઓને ગંભીરતાથી લેવામાં આવતી નથી. ■

તસવીરની આરપાર
___ભાટી એન.
feedback@bombaysamachar.com

# લીલામાંથી લાલ થાય મરચું તો રસોઈનો શહેનશાહ કહેવાય...



આપણી જિંદગીમાં એક ચીજનું મહત્ત્વ અતુલ્ય છે. રાંકથી નબીરાઓનાં બંગલામાં આ ચીજ તો હોય... હોય... ને હોય...!!!?. તે છે લીલામાંથી લાલ થઈ જાય ને તીખું તોય સ્વાદનો શહેનશાહ બની જાય તે નાં હોય તો રસોઈ ફીકી... ફીકી... લાગે. અરે ભૈ કો ને શું...!!!?. હા તે છે 'મરચું' તે રસોઈનો રાજા કહેવાય છે, રસોડામાં તેની અગ્ર ક્રમે હાજરી અચૂક હોય. આપણી જિંદગીમાં મરચાનો સિંહફાળો છે, શાકમાં મરચું ઓછા વત્તા પ્રમાણમાં નાખવામાં આવે... આવે... ને આવે. કોઈ ને તીખું ભાવે તો કોઈ ને મોરૂ ભાવે. શાક એટલે તો મરચાને મસાલાની મોટી બહેન કહેવામાં આવે છે, આપણાં મસાલિયામાં મરચું, હળદર, ધાણા, જીરું, રાય, મેથી, હિંગ તો હોય જ પછી તજ, લવીંગ, તમાલપત્ર પણ હોય મીઠું તો અલગ હોય, કારણ જો મસાલિયામાં રાખવામાં આવે ને મસાલિયું ઊંધું વળી જાય તો બીજા મસાલા એકત્ર કરી ઓછા વત્તા કરી ચાલે પણ મીઠું તેમાં ભળી જાય તો બધા મસાલા એળે જાય...!!!. માટે મીઠું જુદું રાખે.

મરચાની ખેતી આજે મબલખ પ્રમાણમાં થાય છે. તેમાંય સૌરાષ્ટ્રમાં ગોંડલ તો મરચાનું પીઠું ગણાય તેના નામથી ગોંડલિયું મરચું વિશ્વ વિખ્યાત છે, વાંચક મિત્રો આપણે મોસ્ટ ઓફ લીલા, લાલ મરચાને જ જોયા હોય છે પણ તમે કલરફુલ રંગબેરંગી મરચા જોયા છે...!?. મરચાની દુનિયામાં શિમલાનાં કેપ્સિકમ મરચાએ તળખડાટ મચાવ્યો છે, તે મરચું ઢીંગણું ને ચોરસ જેવું બેઠી દડીનું લાગે છે, તેમાં સપ્તરંગી મરચા આવે છે, લીલા, લાલ, પીળા, કેસરી વિવિધ રંગોથી દેખાવમાં સુંદર લાગે છે, શિમલાનું કેપ્સિકમ મરચા મોટી હોટેલ કે ખાણી પીણીની બજારમાં પંજાબી, ચાઈનીઝ, નુડલ, કે ભેળ જેવી વિવિધ વાનગીમાં તેનો ભરપૂર ઉપયોગ થાય છે. તે સ્વાદમાં મોળું ને મીઠાસ જેવું શાક જેવું લાગે જેથી ગ્રાહકને ખાવાની મોજ આવે છે, તેની ખેતી પણ ભિન્ન પ્રકારની થાય છે. તેની કિંમત આપણા સાદા મરચા કરતા કંઈક ગણી વધારે હોય છે. મરચામાં આયુર્વેદિક ગુણ છે જેથી આપણું સ્વાસ્થ્ય પણ સારું રહે છે, મરચા વિશે વિસ્તૃત માહિતી મેળવીએ.



મરચાંને પ્રથમ અમેરિકાથી ભારત લાવ્યા હતા. ભારતમાં સૌથી પહેલા ગોવામાં મરચાં આવ્યાં હતાં. ત્યારબાદ પૂરા દેશે તેનો સ્વાદ ચાખ્યો હતો, પણ હવે એ પણ પ્રશ્ન થાય કે શું આ પહેલા ભારતના લોકો મરચાંના સ્વાદથી અજાણ હશે? તો એ પ્રશ્નનો જવાબ એ છે કે ભારતમાં પહેલા કાળા મરીનો ઉપયોગ થતો હતો. પરંતુ જ્યારે લાલ મરચું ભારતમાં આવ્યું તો તેને ઉગાડવું સરળ હતું અને લોકોને પણ તેનો સ્વાદ પસંદ આવ્યો અને તે પ્રખ્યાત થયું. એક વાર્તા એવી પણ છે કે મરચાં શ્રીલંકાથી ભારતના ઉત્તર-પૂર્વીય રાજ્યોમાં આવ્યાં હતાં. મરચું (અંગ્રેજીઃ Chili, Pepper; વૈજ્ઞાનિક નામઃ Capsicum annuum) એક પ્રકારનું શાક છે, જે મસાલા તરીકે પણ વપરાય છે. લીલા મરચાનો શાક તરીકે પણ ઉપયોગ થાય છે. ગુજરાતી વાનગી ઊંધિયુંમાં ભરેલા લીલા મરચાં અગત્યનો ઘટક છે. જગતમાં મરચાંનું જન્મ સ્થાન દક્ષિણ અમેરિકા ગણાય છે, જ્યાંથી આ વનસ્પતિ આખા વિશ્વમાં પ્રસાર પામી હતી. વર્તમાન સમયમાં મરચાંની વિભિન્ન જાતો આખા વિશ્વમાં બજારમાં અલગ અલગ પાંચ પ્રકારના મરચાની જાત મળી રહી છે. જેમાં રેશમપટ્ટો, ઘોલર, કાશ્મીરી, લવિંગ્યુ અને ડબલ રેશમ પટ્ટો પ્રકારની જાત જોવા મળી રહી છે. મરચા ખરીદતા પહેલા કયું મરચું સૌથી તીખું છે અને કયું મરચું સૌથી મોળું છે. એ જરૂર જાણી લેવું જોઈએ. મરચાંની બીજી જાણીતી બ્રાન્ડ વિશે પણ જાણીએ...

જવાલા મરચીઃ પાતળી હોય છે, મહેસાણા, ને સાઉથ ગુજરાતમાં થાય છે.

કથારીઃ મરચી કેરાલા, તામિળનાડુમાં થાય છે જે મરચીને બર્ડ આઈના નામે પણ ઓળખે છે.

બેડગી મરચીઃ આ મરચી એટલી પ્રખ્યાત છે કે મરચીનાં બજાર ભાવ હંમેશાં બધી મરચી કરતા વધુ જ હોય. કાશ્મીરી મરચું : આ મરચાની ક્વોલિટી અને રંગના લીધે ખૂબ જ પ્રખ્યાત છે ભારતનાં જન જનનાં ઘેર જોવા મળે તેમાં તીખાસ ઓછી હોય છે.

ભૂત ઝોલોકિયાઃ સમગ્ર વિશ્વમાં આ સૌથી તીખું મરચું છે, ભારતમાંથી તેની નિકાસ વધુ થાય છે, અને વિવિધ રાજ્યોમાં તેનું વાવેતર થાય છે.

ગુંટર મરચી : આંધ્ર પ્રદેશમાં ચટાકેદાર ભોજન માટે પ્રખ્યાત છે, આ રાજ્યમાં વધુ પ્રમાણમાં વવાતી મરચી છે જેની નિકાસ આખા વિશ્વમાં થાય છે.

વર્તમાન સમયમાં મરચાંની વિભિન્ન જાતો આખા વિશ્વમાં ઉગાડવામાં આવી રહી છે. ખેડૂતો હવે ધીરે-ધીરે પરંપરાગત ખેતીથી અલગ આધુનિક રીતે નવા પાકો ઉગાડવા તરફ વળી રહ્યા છે. આ તેમના માટે ફાયદાકારક સાબિત થઈ રહ્યું છે. આનાથી ખેડૂતોની આર્થિક સ્થિતિ પણ સુધરી રહી છે અને સાથે જ કુદરતી સંસાધનોની પણ ઘણા અંશે બચત થઈ રહી છે. ત્યારે ખેડૂતો નવી ખેતીની ટેક્નીકો અપનાવીને ઘણો નફો કમાઈ રહ્યા છે. ત્યારે આજે વાત કરીએ શિમલા મરચા (કેપ્સિકમ)ની ખેતી વિશે, તો તેની ખેતી કરીને સારો નફો કમાઈ શકાય છે.

આજકાલ બજારમાં શિમલા મરચા ખૂબ જ મોંઘા વેચાય છે. તેની કિંમત હંમેશાં ૪૦ થી ૫૦ રૂપિયા પ્રતિ કિલો રહે છે. ઘણી વખત છૂટક મોંઘવારી વધવાને કારણે બજારમાં શિમલા મરચાની કિંમત ૮૦ થી ૧૦૦ રૂપિયા પ્રતિ કિલો સુધી પહોંચી જાય છે. જેના કારણે તેની ખેતી કરતા ખેડૂતોના નફામાં નોંધપાત્ર વધારો થાય છે. અત્યારે મરચાની બજાર કિંમત રૂપિયા ૨૫૦ થી ૩૦૦ પ્રતિ કિલો હોય છે, અત્યારે તેની સિઝન ચાલે છે મોટા સિટીમાં તેની અલાયદી બજાર ભરાય છે જેને મસાલા બજાર તરીકે ઓળખે છે ત્યાં જ મરચું ખરીદી દળી પાઉડર કરી આપવામાં આવે છે. હવે લગભગ બાર મહિનાનું મરચું લેવાનું હોય તો બજારમાં જઈ મન ગમતી જાત ને આર્થિક રીતે પરવડે તેવું મરચું લઈ આવો ચાલો. ■

વ્યંગ___ભરત વૈષ્ણવ
feedback@bombaysamachar.com

# એ સૂટકેસમાં કોણ સલવાણી હતી?




'શું નામ છે?'

વોર્ડન કરતાર સિંગ ધિલ્લને કડકાઈથી પૂછયું. સૈન્યમાંથી નિવૃત થઇ હોસ્ટેલના વોર્ડનની નોકરીએ લાગેલા. કડક કિસ્મના કર્નલ હતા. શિસ્તનો કોરડો હોસ્ટેલમાં રહેતા છોકરા પર વીંઝતા હતા.

'રવિરંજન દાસ.' અણગમો દાખવી છાત્રએ જવાબ આપ્યો.

'કઇ કોલેજમાં અભ્યાસ કરે છે?' વોર્ડને બીજો સવાલ કર્યો. 'નેશનલ ઇન્વેસ્ટિંગ એજન્સી' આતંકવાદી તહેવ્વૂર રાણાની આગવી ઢબે પૂછપરછ કરે તેમ રવિરંજનનું ઇન્ટ્રોગેશન ચાલું થયું.

કોલેજિયન છોકરામાં કોન્ફિડન્સ નામની ચીજ કયાંથી હોય? રવિરંજન નર્વસ જણાતો હતો વારંવાર મોં પરનો પરસેવો લૂંછતો હતો. તેના આંખના ડોળા ચકળવકળ થતા હતા. બોલતી વખતે થોંથવાતો હતો.

'મનસ્વી કોલેજમાં' રવિરંજનનો જવાબ.

'કયા કોર્સમાં?' વોર્ડનનો ત્રીજો સવાલ.

'હું સાયકોલોજીમાં માસ્ટર કરું છું.' રવિરંજને ફૂસ્સ અવાજે જવાબ આપ્યો.

'કયા વરસમાં? કયા સેમેસ્ટરમાં?' વોર્ડનના મનમાં સવાલોનો દારૂગોળો ભરપૂર ભરેલો હતો.

'સેકન્ડ યર, ચોથું સેમેસ્ટર .' રવિરંજને હવામાં મુક્કી ઉગામીને જવાબ આપ્યો. રવિરંજનને તે દલદલમાં ફસાઇ ગયો હોય તેવું લાગતું હતું. તેની મજા હવે સજામાં બદલાતી હોય તેમ લાગ્યું.

'અત્યારે કેટલા વાગ્યા છે?' વોર્ડન પાસે ઘડિયાળ ન હોય કે ઘડિયાળમાં જોતા ન આવડતું હોય તેવો સવાલ કર્યો.

'કેમ તમારી પાસે વોચ કે મોબાઇલ નથી?' રવિરંજને સળી કરી.

'જે સવાલ પૂછવામાં આવે તેનો જ જવાબ દે. વધારે વાયડાઈ ન કર.' વોર્ડને રવિરંજનને તતડાવ્યો.

'રાતના ત્રણ વાગ્યા છે.' રવિરંજને જવાબ આપ્યો.

'હોસ્ટેલ આવવાનો આ સમય છે? ' વોર્ડને કડકાઈથી પૂછયું.

'સોરી સર. ટ્રેનના ટાયરમાં પંકચર પડ્યું. ચાર કલાક બગડ્યા એમાં એટલે મોડું થઇ ગયું.' રવિરંજને જવાબ આપ્યો. વોર્ડનને જવાબ ગળે ન ઉતર્યો.

'ઘરેથી આવે છે તો બે-બે સૂટકેસ કેમ છે?' વોર્ડને સામાનના અતિરેક પર તોપ ગોઠવી.

'સાહેબ, હંમણા પરીક્ષા થવાની છે. પરીક્ષા હોવાથી ગામડે જવાનું નથી. તેથી થોડો સામાન વધી ગયો છે.' રવિરંજને ગળચવા ગળ્યા.

'આજકાલ તો લાંચ આપવા અને લેવા સૂટકેસનો ઉપયોગ થાય છે. ઘણીવાર તો સૂટકેસને પેટ ફાટુફાટુ થતું હોય તેટલા રૂપિયા ભરેલા હોય છે. ડંકી રૂટથી અમેરિકા જવાની ફિરકામાં રહેલ યુવક - યુવતી સૂટકેસમાં સાંકડમુંકડ બેસી જાય છે.' વોર્ડને આટલું બોલી તાળી લેવા રવિરંજન સામે હાથ ધર્યો.

' એમ?' રવિરંજને પ્રતિભાવ આપ્યો.

'સૂટકેસમેં ક્યા ક્યા હૈ? સૂટકેસમૈ ક્યા હૈ?' વોર્ડને જાણીતા ગીતને ફેરવીને ફેરવીને પૂછયું.

'સર, સૂટકેસમાં શું હોય? મેલા કે ઇસ્ત્રી કરેલ કપડાં હોય? ભણવાના નામે લમણે મરાયેલા ચોપડા હોય, મન્ચિંગ હોય, બાટલી હોય, મેગીના પેકેટ હોય, રેડી ટુ ઇટ પેકેટ હોય.' લોચા વાળતા રવિરંજને જવાબ આપ્યો. રવિરંજનની વાતમાં આત્મવિશ્વાસનો અભાવ હતો. રવિરંજનની વાતમાં રેતી વધારે અને સિમેન્ટ ઓછી હતી.

'બેટા, તને મારા ધોળા વાળ દેખાય છે?ડયુડ... આ વાળ હેરડાઇથી ધોળા કર્યા નથી. તડકામાં તપીને સફેદ થયા છે.' વોર્ડને ઇમોશનલ પાસો ફેંક્યો.

'સર, તડકા સામે રક્ષણ મેળવવા ટોપી કે કેપ પહેરી હોત તો વાળ કાળા હોત. કદાચ શ્વેત શ્યામ હોત. હવે તો એસીવાળી ટોપી મળે છે.' રવિરંજન પણ માથું ભાંગે એવો હતો. ખુદનું નહીં પરંતુ, વોર્ડનનું માથું ભાંગે તેવો હતો કે શું?

'તું મને ગમે તેવા ઊંઠા ભણાવીશ એટલે હું માની લઇશ એવું તે કેમ માની લીધું?' વાર્ડને લાલ આંખ બતાવી.

'સાહેબ, મારો યકીન કરો. હું વિદ્યાર્થી છું.' રવિરંજન ગિડગિડાયો.

'આઇ વીલ ચેક ધી સૂટકેસ.' વોર્ડને ફેંસલો સંભળાવ્યો.

'સર, ડોન્ટ ડુ ધેટ. હું તમારી સામે વિનયભંગનો કેસ કરીશ.' રવિરંજન છેલ્લી પાટલીએ બેઠો. પ્રિયતમાને આલિંગન આપતો હોય તેમ બે હાથે સૂટકેસને કસીને પકડી લીધી.

' તે શું કહ્યું? તું મારી સામે વિનયભંગનો કેસ કરીશ. અરે ઓ લલ્લુ, તારી સૂટકેસ કયાં કોઇ કમસીન કન્યા છે? તારી જેન્ડર તો જેન્ટસ જ છે ને?' કોઇ પુરુષ વિનયભંગનો કેસ કરે ખરો? વોર્ડન ગૂંચવાઈ ગયો.

'સર, હું ખરેખર કેસ કરીશ' રવિરંજનની સૂટકેસ પરની પકડ ઓછી થતી ન હતી.

'જા , જે થાય એ કરજે.' એમ કહી વોર્ડને સૂટકેસ પોતાના તરફ ખેંચી. રવિરંજને બેગને પોતાની તરફ ખેંચી. એ ખેંચા-ખેંચીમાં સૂટકેસ ક્યાંક દરવાજાના લોખંડની ફ્રેમ સાથે અથડામણી. સૂટકેસમાંથી દર્દભરી ચીસ ગાજી ઊઠી.

'સૂટકેસમાં કોણ છે?' વોર્ડને સવાલનો દંડો પછાડ્યો.

'સર, મારું પેટ ડોગ છે.'

'અરે, કૂતરો ભસે કે ચીસ પાડે? ' વોર્ડનનો રેપિડ ફાયર રાઉન્ડ સવાલ .

' આઇ વીલ ઓપન ધી સુટકેસ.' વોર્ડને ફેંસલો સંભળાવ્યો. રવિરંજન પાસે કોઇ વિકલ્પ ન રહ્યો. સૂટકેસ ખોલી કે જાદુ થયો. સૂટકેસનું ઢાંકણ ખૂલતા જ એક રૂપ રૂપના અંબાર સમી લલના આળસ મરડીને બહાર આવી.

'બેબી, હોસ્ટેલની રૂમ આવી ગઇ?' છોકરીએ હસ્કી અવાજમાં રવિરંજનને પૂછયું.

'ના ,જાનુ- હની વોર્ડન નામની પનોતી ભટકાણી છે.' રવિરંજને માથું કૂટતા જવાબ આપ્યો.

'સૂટકેસમાં છોકરી?' વોર્ડન આઘાત પામી ગયા.

'મારી ગર્લફ્રેન્ડ છે.' રવિરંજને ખસિયાણું સ્મિત કરી કહ્યું.

'એ તો જે હોય તે. પણ તારી ગર્લ ફ્રેન્ડ સૂટકેસમાં કેમ સલવાણી છે?' વોર્ડને વિપક્ષી નેતા જેવો પોઇન્ટ ઓફ ઓર્ડર કર્યો.

'સાહેબ ભયંકર ટ્રેજેડી છે. પ્રેમમાં પડનાર પ્રેમી મળે તો પ્રેમના દુશ્મનો ઔરંગઝેબની જેમ વર્તે છે. હોટલ, બાગ, રેસ્ટોરેન્ટ, મોલ, સિનેમામાં જઇએ તો ખુડસો ઘુવડની જેમ ઘૂરે છે. મોરલ પોલીસો ધર્મ સંસ્કૃતિના નામે મારપીટ કરે છે. પ્રેમમાં પડેલા -મળેલા જીવ એકમેકના હાથમાં હાથ પરોવી, આંખમાં આંખ પરોવીને ગુટરગુ કરી શકતા નથી. પ્રેમી જાયે તો કહાં જાયે?

આટલું બોલી રવિરંજન વોર્ડનના ખભા પર માથું મૂકીને રડી પડ્યો. આમ તો વોર્ડન ખડૂસ માંયલો ખડૂસ હતો. પ્રેમનો દુશ્મન હતો. કેટલાય પ્રેમાનંદે અલગ કરવાનું કામ કરી ચૂક્યો હતો, પણ આજે ન જાણે એ બધા વિલન ક્યાં ગાયબ થઈ ગયા હોય તેમ એ બોલ્યા :

'યંગ મેન, આ લે. મારા ફ્લેટની ચાવી લે. મન ભરાય અને મન ધરાય એટલું તારી ડાર્લિંગને મળી લે.' આમ કહી રવિરંજનનો ખભો થાબડ્યો. તેની આંખમાં આંસુ નામનું પક્ષી માળો કરે તે પહેલાં આંખ જોરથી ઘસી માળો પીંછી નાખ્યો.

બીજા દિવસે વોર્ડને વોર્ડનના હોદા પરથી રાજીનામું આપી દીધું. ■

# અજબ ગજબની દુનિયા

હેન્રી શાસ્ત્રી henry.shastri@bombaysamachar.com

## દુકાનદાર લાઈસન્સ લાવિંગ એન્ડ લાવિંગ એન્ડ લાવિંગ



આપણા દેશમાં ૧૯૫૦થી ૧૯૯૦ દરમિયાન લાઇસન્સ રાજ કે પરમિટ રાજ હતું. ભારતીય અર્થતંત્રના નિયમનના ઉદ્દેશથી શરૂ કરાયેલી આ વ્યવસ્થા અંગત લાભના હેતુથી બીભત્સ બની જતા લાઇસન્સ મેળવવા આકાશ પાતાળ એક કરવા જેવું મુશ્કેલ કામ હતું. હવે એવો દાવો કરવામાં આવે છે કે છેલ્લા ૧૦ વર્ષમાં આપણા દેશમાં કારોબારમાં સુગમતા – ઈઝ ઓફ બિઝનેસને કારણે વેપારીઓએ પરમિટ મેળવવા પરસેવાથી નહાવું પડે એટલા આંટાફેરા અને આશીર્વાદ નથી કરવા પડતા. જોકે, તાજેતરમાં સોશિયલ મીડિયા પર વાયરલ થયેલી પોસ્ટમાં જણાવ્યા અનુસાર પુણેમાં ઘઉં દળવાની ઘંટીનો નાનકડો વ્યવસાય શરૂ કરવા માટે એક શખ્સને બે પાંચ નહીં, પૂરી ૧૬ પરમિટ લેવી પડી હતી. નીતિન ધર્માવત નામના ફાઈનેન્શિયલ એનલિસ્ટે સોશિયલ મીડિયા પર એક ફોટોગ્રાફ મૂકી પરમિટની પીડા પ્રત્યે ધ્યાન દોર્યું છે. એમાં સાફ જોઈ શકાય છે કે ફ્રેમ કરેલી ૧૬ તસવીર ટાંગવામાં આવી છે અને બાજુમાં ભારતના બંધારણની પ્રત લટકી રહી છે. ચક્કીનો વ્યવસાય શરૂ કરવા આવી જહેમત ઉઠાવવી પડતી હોય તો બીજા બિઝનેસમાં શું થતું હશે એ વિચારમાત્રથી થરથરી જવાય. સદનસીબે વાયરલ થયેલી આ પોસ્ટ પર સરકારની નજર પડી અને સમગ્ર મામલે ઘટતું કરવાનું આશ્વાસન આપ્યું છે.

ફિલ્મ 'શોલે'માં જેમ મૌસીજીથી અકળાઈને ધર્મેન્દ્ર 'મૌસી ગોઈંગ જેલ એન્ડ ચક્કી પિસિંગ એન્ડ પિસિંગ એન્ડ પિસિંગ' કહે છે એમ આ શખ્સ માટે કહી શકાય ને કે દુકાનદાર લાઇસન્સ લાવિંગ એન્ડ લાવિંગ એન્ડ લાવિંગ. ( રાહ જૂવો..અનંતકાળ સુધી ! )

## મા મુજે અપને આંચલ મેં છુપાલે



માનવ સમાજમાં પિતૃત્વ-માતૃત્વ સિદ્ધ કરવા ડીએનએ ટેસ્ટની મદદ લેવાનું ચલણ વધી ગયું છે, પણ જો આવી સમસ્યા પ્રાણી જગતમાં ઉદભવે તો શું થાય?

ઉત્તર પ્રદેશના કાનપુર શહેરના પોલીસ સ્ટેશનમાં બકરીનું બચ્ચું કોનું એ સમસ્યાનો ઉકેલ જે રીતે આવ્યો એ જોઈ પોલીસ પણ હેરત પામી ગઈ અને બચ્ચા પર દાવો કરતી મહિલાની આંખોના ખૂણા ભીના થઈ ગયા. મામલો એવો હતો કે ચંદ્રા દેવી અને મીના કુમારી નામની બે મહિલા બકરીના બચ્ચા પર દાવો કરી રહી હતી. ચંદ્રા દેવીની બકરી સફેદ રંગની હતી જ્યારે મીના કુમારીની બકરીનો રંગ કાળો હતો. વિવાદમાં સપડાયેલું બચ્ચું શ્વેત – શ્યામ કોમ્બિનેશનનું હતું. બચ્ચું કોનું એનો કોઈ પુરાવો નહીં કે નહીં કોઈ સાક્ષી એવી પરિસ્થિતિમાં બચ્ચાની માને ઓળખવી કેમ? પોલીસ સ્ટેશનના હોશિયાર ઈન્સ્પેક્ટરે બંને સન્નારીઓની વાત સાંભળી એવો તોડ કાઢ્યો જે પોલીસ જગતમાં અનોખું ઉદાહરણ બની ગયો. બંને બકરીને પોલીસ સ્ટેશનના બે સામસામે ખૂણે બાંધીએ અને કહ્યું કે 'બચ્ચાને છૂટું મૂકો. એ પોતાની મા પાસે જઈને એનું દૂધ પીશે.' મહિલાઓ માની ગઈ. બચ્ચાને મૂક્યું અને થોડીકવાર આમતેમ નજર ફેરવી તરત સફેદ બકરી પાસે પહોંચી એનું દૂધ પીવા લાગ્યું. અત્યંત અઘરા સવાલનો સાચો જવાબ આસાનીથી મળી ગયો. હાજર લોકોના ચહેરા પર સ્મિત ઝળકતું હતું અને હથેળીઓ તાળી પાડી રહી હતી. હૃદય લોહીનું રક્તાભિસરણ કરતું અવયવ ખરું, પણ સાથે લાગણી – સ્નેહ – મમત્વનું કેન્દ્ર પણ ખરું ને!

## પોતાનો જ વર્લ્ડ રેકોર્ડ તોડશે ચીન



વિશ્વના નામાંકિત દેશ સાથે વિશેષણ જોડવાની કોશિશ થાય તો ચીન ચોંકાવનારું એ પરફેક્ટ વિશેષણ છે.

તાજુબ કરી દેતી આ દેશની લેટેસ્ટ ઘટના છે ગ્વી જો પ્રાંતમાં આખરી ઓપ અપાઈ રહેલો હાંગ જો ગ્રાન્ડ કેન્યન બ્રિજ. પ્રાંતની બિપેન નદી પર બાંધવામાં આવી રહેલો પુલ ૩૦ જૂને ખુલ્લો મૂકવામાં આવશે ત્યારે વિશ્વના સૌથી ઊંચાઈ પર અસ્તિત્વ ધરાવતા બ્રિજનો વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરશે.

૨૦૫૧ ફૂટની ઊંચાઈ પરનો આ બ્રિજ કેવળ એક ટેક્નોલોજીની કમાલ કે ઊંચાઈનો વર્લ્ડ રેકોર્ડ નથી. બાવીસ હજાર ટન સ્ટીલ વાપરી બંધાયેલો આ બ્રિજ ચીનના એકાકી વિસ્તારોને સ્કૂલ, હૉસ્પિટલ અને માર્કેટ સુધી જોડવાનું લાખેણું કામ કરશે. આ વિસ્તારના લોકો ધબકતા અને ધમધમતા ચીની વિસ્તારના સંપર્કમાં આવશે અને એમનું જીવનધોરણ બદલાઈ જશે.

ટૂંકમાં આ બ્રિજ ક્રાંતિકારી સાબિત થવાની ક્ષમતા ધરાવે છે. પર્વતાચ્છાદિત પ્રાંત ગ્વી જો હેરતઅંગેજ બ્રિજ માટે પ્રખ્યાત છે. અસાધારણ ઊંચાઈએ પર બાંધવામાં આવેલા વિશ્વના ૧૦૦ બ્રિજમાંથી ૫૦ તો આ પ્રાંતમાં જ છે, બોલો!

ચોંકી જવાય એવી વાત તો એ છે કે વિશ્વના સૌથી ઊંચાઈ પરના બ્રિજનો પોતાનો જ વિશ્વવિક્રમ એકથી વધુ વાર તોડ્યો છે. આ વર્ષે લાગલગાટ ત્રીજી વાર વર્લ્ડ રેકોર્ડ પોતાના નામે કરશે. ૨૦૦૩માં ૧૦૦૦ ફૂટ કરતા વધુ ઊંચાઈ પર લટકતો પહેલો બ્રિજ ગ્વી જો પ્રાંતમાં તૈયાર થયો. ત્યારબાદ ૨૦૧૬માં ૧૮૫૪ ફૂટની ઊંચાઈ પર કમાલ દેખાડી અને હવે હેટ- ટ્રિક પૂરી થશે.

## ટોયલેટ બ્રશઃ એક ટૅરિફ કથા

આજની તારીખમાં વિશ્વ સમસ્તનો ચર્ચાનો હોટ ટોપિક છે 'ટૅરિફ ટૅરિફ ઔર ટૅરિફ'. એમાંય યુએસ – ચીન જે રીતે બાંયો ચડાવતા જાય છે એ જોતા ટૅરિફ શબ્દ ટેરિફિક બની જશે તો નવાઈ નહીં લાગે. ચીનમાં તો ટ્રમ્પ એ હદે મજાકનો વિષય બન્યો છે કે અમેરિકનો પણ એ જોઈ હસવું ખાળી નહીં શકતા હોય. આ ટૅરિફ યુદ્ધને પગલે ડોનલ્ડ ટ્રમ્પની ફજેતી કરતા ચીની બનાવટના ટોયલેટ બ્રશની ડિમાન્ડ ખૂબ વધી જતા એના વેચાણના આંકડા જેટ ગતિએ વધી રહ્યા છે. જોકે, પીળા રંગનું ટોયલેટ બ્રશ નવી પ્રોડક્ટ નથી. ટ્રમ્પ પહેલીવાર પ્રેસિડેન્ટ બન્યા ત્યારે ચીની કંપનીએ બંને દેશમાં ટ્રમ્પની લોકપ્રિયતા વટાવી લેવાના આશય સાથે વિવિધ પ્રોડક્ટ બનાવી હતી. આજે ચિત્ર ઘણું બદલાઈ ગયું છે.



ટ્રમ્પએ ટૅરિફના ડુંગર ખડક્યા હોવાથી ચીનાઓ યુએસ પ્રેસિડેન્ટની હાંસી ઉડાવવા આ રમૂજી લાગતા ટોયલેટ બ્રશ મોટા પાયે ખરીદી રહ્યા છે.

## લ્યો કરો વાત!

ભારતના જેપનીઝ રાજદૂતે બિહારનું પરંપરાગત ખાણું 'લિટ્ટી ચોખા' ખાઈને વખાણ્યું એટલે અનેક લોકોને આ ડિશ ટ્રાય કરવાની ઈચ્છા થઈ આવી. જોકે, 'લિટ્ટી ચોખા'માં ચોખાનું નામોનિશાન નથી. એ બનાવવામાં ઘઉંનો લોટ, સત્તુ (શેકેલા ચણાનો પાઉડર) રીંગણ અથવા બટેટાનો પણ ઉપયોગ થાય છે. આવી જ એક ખાસિયત આંધ્ર પ્રદેશની છે, નામ છે ડિબ્બા રોટી. નોનવેજ વાનગીઓ માટે પ્રખ્યાત હૈદરાબાદમાં ૧૦૦ ટકા શાકાહારી ગણાતી ડિબ્બા રોટી સવારના નાસ્તામાં કે સાંજે લાઈટ ડિશ તરીકે લેવાય છે. સાઉથ ઇન્ડિયનોના ઢોસા કે આપણા હાંડવાને મળતી આવતી આ આઈટમ ટેસ્ટ કરવા જેવી છે. ■

# સટ્ટાક સવાલ... ફટ્ટાક જવાબ

## રમૂજી સવાલના મનમોજી જવાબ

દર્શન ભાવસાર

**કચરો કેટલાં પ્રકારનો હોય?**
* ભીનો સૂકો- મિક્સ અને જાહેરમાં અપમાન જેવો લાઈવ કચરો...!

**સૌથી ચિંતાતુર વ્યક્તિ કોણ ગણાય?**
* જેની કાળી વિગના વાળ સફેદ થયા હોય...

**પ્રેમરોગ શેનાથી મટે?**
* આશિકના મિલન અને દિલની દવાથી.

**લટ્ટુ એટલે?**
* લલનાને પૂછજો.

**પહેલો સગો પડોશી...તો બીજો સગો ?**
* પડોશણ!

**કોઈ હાથ ઊંચા કરી દે. પછી શું?**
* એને પગ ઊંચા ન કરવા દેતા, નહીંતર એ તમને લઈને પછડાશે!

**પર્દાફાશ થયા પછી શું?**
* ઢાંકપિછોડો.

**ક્લિનચિટ એટલે?**
* ચિટિંગનું નવું નામ-નવું રૂપ...

**રૂપ તેરા મસ્તાના.. કાયમ આવું હોય?**
* ના, એ ક્યારેક રૂપ તેરા ફસાના પણ થાય

**દિવસ ધોળો અને રાત કાળી કેમ?**
* એમની મરજી ...

**સાધુ તો ચલતા ભલા. અને સંસારી?**
ભાગતા ભલા !

**સોનું ક્યારે ખરીદાય?.**
* પૈસા હોય ત્યારે...

**કેરી ક્યારે ખાવી?**
* ખિસ્સામાં 'ખનખન' બોલતા હોય ત્યારે નહીંતર એની અવેજીમાં સક્કર ટેટી!

**દેખાડો એટલે ?**
* ખોટનો ખાડો.

**ઘરમાં વીજળી બચત માટે શ્રેષ્ઠ ઉપાય?**
* બત્તી-પંખા એસી બંધ રાખો!

**છૂંદણાં અને છૂંદા વચ્ચે ફરક કેટલો?**
* સલમાન અને વિવેક ઓબેરોય જેટલો!

## કચ્છી ચોવક

કિશોર વ્યાસ
kishor.vyas@bombaysamachar.com

# કહેવત મારે છે ચાબખા



આપણે ઘણાને એમ કહેતા સાંભળતા હોઇએ છીએ કે આજકાલ રાત્રે ઊંઘ નથી આવતી. એવું સાંભળ્યા પછી બહુ સ્વાભાવિક પણે આપણે વિચારીએ કે, જરૂર કોઇ ચિંતા ખાઇ જતી હશે! આપણે એવા પણ માણસો સમાજમાં જોયા હશે કે, જે કોઇ પણ પ્રકારની જવાબદારી વગર જીવતા હોય છે અને તે રાત પડયે ઘોરી જતા હોય છે. આવો અર્થ બતાવતી એક ચોવક પ્રચલિત છે : 'છછી નિકાં વછી નેં નિંઘર અચે અછી' આ ચોવકમાં 'છછી નિકાં વછી' એ શબ્દ સમૂહ છે. જેનો અર્થ અહીં 'બે જવાબદાર' થાય છે. ખરેખર 'છછી' શબ્દનો અર્થ થાય છે 'બાળ બચ્ચાં' અને વછીનો અર્થ થાય છે 'વાછડી'! પરંતુ સંપૂર્ણ શબ્દાર્થ થાય છે. 'કોઇ જ જવાબદારી ન હોવી'!

આપણા સમાજમાં સલાહ-સૂચન આપવાવાળા સો જણા મળે, પણ આપણે કરવાનું કામ વિચારીને જ કરવું જોઇએ. ચોવક પણ એવી જ સલાહ આપે છે કે, 'ચોંધલ ત ચેં પ સુણંધલ કે વિચાર ખપે'. 'ચોંધલ' એટલે કહેવાવાળા, 'ચેં'નો અર્થ થાય છેઃ 'કહે'. 'સુણંધલ' એટલે સાંભળનાર અને 'વીચાર ખપેં' નો અર્થ છેઃ વિચારવું જોઇએ અથવા અને અન્યત્ર 'બુદ્ધિ હોવી જોઇએ' એવા અર્થમાં પણ વાપરી શકાય. સરળ અર્થ ચોવકનો હવે સ્પષ્ટ થઇ ગયો છે, આપણું વર્તન વિચારપૂર્વકનું હોવું જોઇએ.

સૌ પરીચિત છીએ આ ગુજરાતીમાં વપરાતી કહેવતથીઃ ક્ષમા વીરસ્ય ભૂષણમ્... ખરું ને? કચ્છી એમ કહેવાય છે કે, 'છડપ મિણીંયા વેડી વડપ'. 'છડપ' એટલે આમ તો, છોડી દેવું પણ અહીં 'જતું કરવું' એ અર્થ તેનો પ્રયોગ કરવામાં આવ્યો છે. 'મિણીંયા' એટલે સૌથી વધારે. 'વડી' એટલે 'મોટી' અને 'વડપ'નો અર્થ થાય છે મોટાઇ! શબ્દાર્થનું સંયોજન કરતાં જે અર્થ આકાર લે છે તે છેઃ જતું કરવું એ સૌથી મોટી મોટપ કે મોટાઇ છે.

જોકે, કોઇને આશીર્વાદ આપવા માટે ગુજરાતી કે કચ્છીમાં ઘણાં શબ્દો કે શબ્દ સમૂહ છે. પરંતુ કચ્છ એમ પણ કહેવાય છે કે, 'છાલ કેંની ચર્યા ન થીયેં' બહુ અર્થી ચોવક છે. 'છાલ' એવો શબ્દ છે જેને અહીં 'હે ભગવાન' એવા અર્થમાં લેવો જરૂરી છે. 'કેંની' એટલે કોઇના, 'ચર્યા' એટલે 'ગાંડા' અને 'થીયેં' નો અર્થ થાય છેઃ 'થાય'. વિપરીત રીતે એવી દુઆ છેકે, 'હે ભગવાન આવાં (સંતાન) સૌને આપજે અને ચોવકના શબ્દાર્થ પર જઇએ તોઃ હે ભગવાન કોઇનાં પણ (સંતાન) ગાંડા (અણસમજુ) ન થાય!

જો જરા પણ ઓછી અક્કલ કે સમજ ન ધરાવતી વ્યક્તિ મળે તો સમાજ ઓળખી જાય છે અને કહે છેઃ 'છેંણા ઘૂં કરે વ્યા.' 'છેણાં' એટલે છાણા 'ઘૂં' નો અર્થ થાય છે ધૂમાડો. 'કરે વ્યા' એટલે સરખાં સળગ્યાં નહીં કે, તપ્યાં નહીં... ટૂંકમાં છાણા તપાવવા મૂક્યાં તો અગ્નિમાં તપવાના બદલે ધૂમાડો કરવા લાગ્યાં! અને ચોવકનો સ્પષ્ટ અર્થ થાય છેઃ અક્કલ આરે હોવી!

ગુજરાતીમાં એક કહેવત છે કે, નહીં મામા કરતાં કહેણો (કાણો) મામા સારો! જ્યાં યોગ્ય વ્યક્તિઓનો અભાવ વરતાતો હોય ત્યાં અયોગ્ય વ્યક્તિઓનું પણ મહત્ત્વ જોવા મળે છે! પણ કચ્છી માણવા જેવી ચોવક છે કે, 'જાડ ન વેઉત તાડ વ રાજ 'જાડ' એટલે વૃક્ષ. 'ન વે' એટલે ન હોય. 'ઉત'નો અર્થ થાય છેઃ ત્યાં. 'તાડ' એક ઊંચા વૃક્ષનું નામ છે તે છાંયડો નથી આપતું! 'પ' આ એકાક્ષરી શબ્દનો અર્થ છેઃ પણ. 'રાજા' એટલે રાજા. સરળ અર્થ થાય છેઃ જ્યાં સારા માણસોની ગેરહાજરી હોય ત્યાં નઠારાનું પણ મહત્ત્વ હોય છે. ■

## ઔર યે મૌસમ હંસીં...

દેવલ શાસ્ત્રી
feedback@bombaysamachar.com

# સ્થાપત્ય ફક્ત ઈમારત નથી, એ જિંદગીની કવિતા પણ છે!

તાજેતરમાં દરેક શહેર, શાળાઓ અને કોલેજોમાં હેરિટેજ સપ્તાહ ચાલી રહ્યું છે. સ્થાપત્યની જાળવણી જેવા વિષય પર ગંભીરતાથી જ્ઞાનસત્ર યોજાતાં હોય છે. સ્થાપત્ય એ ફક્ત ઇતિહાસ અથવા ઇમારત નથી. પેરિસનો એફિલ ટાવર અથવા તાજમહાલની જેમ પ્રેમનું પ્રતીક પણ બનાવી શકાય. આપણું મોઢેરા ફક્ત સૂર્ય મંદિર પૂરતું મર્યાદિત નથી, પણ માનવજાતનો પ્રકૃતિ સાથે સેતુ છે. ખજુરાહોમાં કેવળ કામના સ્થાપત્ય નથી, પણ કામને ઈશ્વર સાથે સાંકળવાનો ભારતીય પરંપરાનો અનેરો પ્રયાસ છે.

આપણી હેરિટેજ સાઈટ પર આજકાલ જાતજાતના ફેસ્ટિવલ થવા લાગ્યા છે. એમાં યુવાનો ભાગ લઇ રહ્યા છે એ તંદુરસ્ત સમાજની નિશાની છે. શાળા – કોલેજમાં સ્થાપત્યોની જાળવણીની વાત સિવાય તેને આધુનિક વિચારધારા અને જરૂરિયાત સાથે જોડવા માટેની ઉજવણીઓના કેસ સ્ટડી થવા જોઈએ. ખજૂરાહોમાં નૃત્ય ફેસ્ટિવલ થાય છે. કુતુબમાં ઉર્દૂ સાહિત્યના ફેસ્ટિવલ થાય છે અને પાવાગઢની તળેટીમાં પંચ ફેસ્ટિવલમાં સાંસ્કૃતિક તેમજ આદિવાસી સંદર્ભે લોકમેળો યોજવામાં આવે છે.

આવા કાર્યક્રમ ફક્ત કોઈ સિઝન પૂરતાં કે ઉત્સવ પૂરતાં રહેવાને બદલે લોકોના દિલમાં વણાઈ જવા જોઈએ. ફેસ્ટિવલ પૂરતું બની રહેવાને બદલે તેની યાદ અને તેના આધારે આવા કાર્યક્રમ વર્ષ દરમિયાન થતાં રહે તો જ તે સ્થાપત્યનું વૈચારિક મહત્ત્વ નવી પેઢી જાણી શકશે.



એક કેસ સ્ટડી તરીકે એફિલ ટાવરનો અભ્યાસ કરી શકાય. એફિલ ટાવર એ ૩૨૪ મીટર ઊંચાઈ કે ૭૩૦૦ ટન લોખંડનું બનેલું સ્થાપત્ય નથી.આ વિશાલ ટાવર બન્યો એ વેળા કોઈ ગંભીર અકસ્માત થયો નથી અને ગરમ રિવેટથી બન્યું છે. વગેરે નિબંધ લખવાનો વિષય નથી. ફેશન કવિતા સાહિત્ય સિનેમાથી માંડીને એ પ્રેમની વ્યાખ્યાનું એક આધુનિક પ્રતીક બન્યું છે. ઇતિહાસની દ્રષ્ટિએ જોઈએ તો એફિલ ટાવરનો દુનિયા સમક્ષ 'અમે કંઈક છીએ' એ દેખાડો કરવા માટે ૧૮૮૯ના વિશ્વ મેળા વખતે બન્યો હતો, જે ફ્રેન્ચ ક્રાંતિની ૧૦૦મી વર્ષગાંઠ ઉજવવા માટે યોજાયો હતો. ત્યારે ફ્રાન્સ ઔદ્યોગિક ક્રાંતિમાં ટોપ પર હતું. તે દુનિયાભરના રાજાઓ અને વ્યાપારીઓને પોતાની ટેક્નોલોજી બતાવવા માગતું હતું. મૂળે જર્મન ગણાતો ગુસ્તાવ એફિલની ડિઝાઇન પસંદ થઈ ત્યારે તેને સરકાર તરફથી ફંડિંગ મળ્યું, પરંતુ મોટા ભાગનો ખર્ચ એમણે પોતે ઉઠાવ્યો હતો. ૧૮૮૭માં 'આર્ટિસ્ટ્સ એગેન્સ્ટ ધ એફિલ ટાવર' નામના પત્રમાં લેખક ગાય દ મોપાસાં હોય કે સંગીતકાર શાર્લ ગુનો અને અન્ય ૩૦૦ લોકોનું માનવું હતું કે આ ટાવર પેરિસની સુંદરતાને બગાડશે.

૩૧ માર્ચ, ૧૮૮૯ના રોજ ગુસ્તાવ એફિલે ટાવરની ટોચે ચઢીને ફ્રેન્ચ ધ્વજ ફરકાવ્યો. તે વખતે લિફ્ટ હજુ સંપૂર્ણ રીતે કાર્યરત ન હતી, તેથી એમણે ૧,૭૧૦ સીડીઓ ચઢીને ટોચ સુધી પહોંચવું પડ્યું હતું. વિશ્વ મેળા દરમિયાન લાખો લોકોએ એ ટાવર જોયો એફિલ ટાવરને ૨૦ વર્ષ પછી તોડી પાડવાની યોજના હતી, કારણ કે તે અસ્થાયી માળખું હતું. એ પછીના દાયકામાં હવામાન માપવાનાં સાધનો લગાવવામાં આવ્યાં, જર્મન સંદેશા રોકવા માટેનાં સાધનો એફિલ ટાવર પર લાગ્યા. બીજા વિશ્વ યુદ્ધ દરમિયાન એફિલ ટાવર જર્મનના હાથમાં ગયો, પણ યુદ્ધ ખતમ થતાં એના પર ફ્રાન્સનો ધ્વજ ફરકવા લાગ્યો.

પ્રશ્ન એ થાય છે કે યુદ્ધનો માહોલ યુરોપમાંથી લગભગ ખતમ થયા પછી એફિલ ટાવર તોડી નાખવો જોઈએ? અહીંથી એક નવી સંસ્કૃતિનો જન્મ થયો. ફ્રાન્સમાં ટીવી પ્રસારણ માટેનું એન્ટેના લાગ્યું અને ટાવર લોકોના દેખાડામાંથી સંસ્કૃતિનું પ્રતીક બન્યું. દુનિયાભરના કલાકારો અને પ્રેમીઓ માટે કેન્દ્ર બન્યું.

'પેરિસ ફેશન વીક' એ ફેશનની દુનિયાનો સૌથી મોટો ઉત્સવ છે, જે વર્ષમાં બે વખત યોજાય છે. આ ઇવેન્ટમાં ડિઝાઇનર્સ, મોડલ્સ અને ફેશન પ્રેમીઓ એકઠા થાય છે અને એફિલ ટાવરની નજીકના સ્થળ ગ્રાન્ડ પેલેસ અને લૂવ્રમાં ફેશન શોનું આયોજન થાય છે. જાણીતી બ્રાન્ડ્સ પોતાની નવીનતમ ફેશન રજૂ કરવા સાથે ફ્રેન્ચ સંસ્કૃતિના 'આર્ટ ડે વિવર' નેજા હેઠળ દુનિયાના ખૂણે ખૂણાની અનેરી જીવનશૈલીને ઉજાગર કરે છે, જેમાં ફેશન એટલે કપડાં નહિં પણ એક અભિવ્યક્તિ તરીકે રજૂ કરે છે. સાહિત્ય, સિનેમા અને નાટ્ય પ્રવૃત્તિઓ સાથે કળાના વૈશ્વિક ફેસ્ટિવલ યોજવામાં પેરિસ નગર અને એફિલ ટાવર ગૌરવ અનુભવે છે.

ફ્રેન્ચ લેખક ગાય દ મૌપાસાંએ શરૂઆતમાં ટાવરની ટીકા કરી, તેને પેરિસની પરંપરાગત સુંદરતા સામે આક્રમણ ગણાવ્યું, પરંતુ સમય જતાં લેખકો માટે પ્રેરણાનું સાધન બન્યું. અમેરિકન લેખક અર્નેસ્ટ હેમિંગ્વેએ એફિલ ટાવરને બૌદ્ધિક અને રોમેન્ટિક જીવનની કર્મભૂમિ કહ્યું હતું. અર્નેસ્ટ હેમિંગ્વેએ પેરિસના એવા કાફે અને શેરીઓનું વર્ણન કર્યું, જ્યાં એફિલ ટાવરની હાજરી છે. ફ્રેન્ચ ફિલસૂફ રોલાં બાર્થેસે તેને સાંસ્કૃતિક પ્રતીક તરીકે ઉજાગર કર્યું, જે આધુનિકતા અને સપનાંઓનું પ્રતિનિધિત્વ કરે છે. કવિ ગીલૌમ એપોલિનેરે પ્રેમના પ્રતીક તરીકે પોતાની કવિતાઓમાં સ્થાન આપ્યું. આપણી ફિલ્મોમાં એફિલ ટાવરની સુંદરતા જોવા મળી છે. 'સંગમ' હોય કે શમ્મી કપૂરની 'એન ઇવનિંગ ઈન પેરિસ' એફિલ ટાવરની આસપાસ પ્રેમની વાત કહે છે. 'દિલવાલે દુલ્હનિયા લે જાયેંગે' હોય કે 'ડોન ૨' માં એફિલ ટાવરની સાથે નાતો જોડવામાં આવ્યો છે. 'કવીન' ફિલ્મમાં પેરિસની ગલીઓ બતાવવામાં આવી હતી. ઓગણીસમી અને વીસમી સદીમાં પેરિસ શહેરને પ્રેમનું શહેર તરીકે લેખકો કવિઓ અને વિચારકોએ સ્થાન આપ્યું હતું.

એફિલ ટાવર જેવી પ્રતિકૃતિથી પેરિસની ઓળખને 'પ્રેમના નગર' તરીકે જાણીતું કરવામાં મદદ મળી. આપણી પાસે પણ કેટલાં બધાં સ્થાપત્ય છે તો એકાદ ધરોહરને માનવતાના કેન્દ્ર તરીકે દુનિયા સમક્ષ ના લઇ જઈ શકાય? સાહિત્ય અને કળાની દ્રષ્ટિએ ભારત પાસે અસંખ્ય કથાઓ અને ઈશ્વર કેવળ પ્રેમ અને કરુણાની મૂર્તિ છે. આપણે ગાંધી અને ટાગોર સહિત અનેક મહામાનવ વિશ્વને આપ્યા છે. આમ છતાં આપણી ઓળખને વિશ્વમાં લઇ જવાની સફળતા પ્રાપ્ત કરી નથી. બીજી તરફ, એક એફિલ ટાવર કેટલું બધું કરી શક્યું તો આપણી પાસે વારસાની ફોજ છે.

ફિલ્મ 'બીફોર સનસેટ'માં એફિલ ટાવર સાથે રોમેન્ટિક માહોલ છે અને આ ઓળખને લીધે દુનિયામાં ત્રીસેક નાના મોટા એફિલ ટાવરની પ્રતિકૃતિ જેવા સ્મારક બન્યા છે. દુનિયાભરમાં સૌથી વધુ પ્રવાસીઓ ધરાવતું એક સ્થળ એફિલ ટાવરને એક જમાનામાં કોઈકે ફ્રોડ કરીને વેચ્યું પણ હતું. પ્રેમના પ્રતીક તરીકે એફિલ ટાવરને એટલું પ્રસિદ્ધ કરવામાં આવ્યું કે હજારો નવદંપતીઓ પ્રેમનો પ્રસ્તાવ એફિલ ટાવર પર જઈને મૂકતાં હોય છે. આખી વાતનો સાર એટલો જ છે કે સ્થાપત્ય એ કેવળ ઇમારત ના હોવી જોઈએ પણ પ્રેમ, યાદો અને માનવજાતના સ્વપ્નનું પ્રતીક બનવું જોઈએ. આપણે હેરિટેજ વીકની ઉજવણી પછી પણ આપણાં સ્થાપત્યો અને વિચારો દુનિયાની નજરમાં આવે તે રીતે આયોજન કરવા જોઈએ. ■

**ધ એન્ડ :**

*લેટેસ્ટ અંદાજ મુજબ, એફિલ ટાવર સાથે દરરોજ ૧૦,૭૦૦ જેટલાં સેલ્ફી ક્લિક કરવામાં આવે છે !*

# શિક્ષકોનું આંદોલન બન્યું ઉગ્રઃ પશ્ચિમ બંગાળ સ્કૂલ સર્વિસ કમિશનના હેડક્વાર્ટરનો કર્યો ઘેરાવ

કોલકાતાઃ સુપ્રીમ કોર્ટના આદેશ બાદ પોતાની નોકરી ગુમાવી ચૂકેલા હજારો શિક્ષકોએ તેમના આંદોલનને વધુ ઉગ્ર બનાવવાનો સંકલ્પ લીધો હતો. વિરોધ કરી રહેલા શિક્ષકોએ સોલ્ટ લેકમાં પશ્ચિમ બંગાળ સ્કૂલ સેવા આયોગ (ડબલ્યૂબીએસએસસી) મુખ્યાલયની બહાર આખી રાત તેમનું પ્રદર્શન ચાલુ રાખ્યું હતું. આ શિક્ષકોએ ૨૬,૦૦૦ શિક્ષણ અને બિન-શિક્ષણ કર્મચારીઓમાંના હતા જેમની નિમણૂકો સુપ્રીમ કોર્ટે ૨૦૧૬માં યોજાયેલી ભરતી પ્રક્રિયામાં ''વ્યાપક અનિયમિતતાઓ'' ને ટાંકીને ત્રણ એપ્રિલના રોજ રદ કરી હતી.

કાળઝાળ ગરમીમાં ૨,૦૦૦થી વધુ પ્રદર્શનકારી શિક્ષકોએ ડબલ્યૂબીએસએસસી હેડક્વાર્ટરનો ઘેરાવ કર્યો અને તેના અધ્યક્ષ સિદ્ધાર્થ મજુમદાર સહિતના અધિકારીઓને આવતા જતા રોક્યા હતા જે ગઈકાલ સાંજથી બિલ્ડિંગની અંદર છે. પ્રદર્શનકારીઓ આયોગ પાસે મેરિટના આધારે ભરતી થયેલા અને લાંચ આપીને નિમણૂક મેળવનારા ઉમેદવારોની યાદી જાહેર કરવાની માગ કરી રહ્યા છે.

એક પ્રદર્શનકારીએ કહ્યું હતું કે ''અમને અહેસાસ થઇ ગયો છે કે અમારી પાસે ગુમાવવા માટે બીજું કંઈ નથી. આ આંદોલનનો અંત ન્યાય સાથે જ આવશે. હવે વધુ વચનો નહીં અને જૂઠ નહીં.'' અન્ય એક પ્રદર્શનકારીએ કહ્યું હતું કે ''અમે એસએસસી બિલ્ડિંગમાં કોઈપણ ખાદ્યપદાર્થોને મંજૂરી આપીશું નહીં. જો અમને ખુલ્લા આકાશ નીચે શેરીઓમાં ભૂખ્યા રહેવાની ફરજ પાડવામાં આવે છે, તો એર કન્ડિશન્ડ રૂમમાં બેઠેલા લોકોએ પણ ગરમીનો અનુભવ કરવો જોઇએ. આયોગ પરિસરની આસપાસ વધુ બેરિકેડ લગાવવામાં આવ્યા છે અને સુરક્ષા કડક કરવામાં આવી છે.

પ્રદર્શનકારીઓએ ખાલી બોટલો ફેંકી અને નારા લગાવ્યા હતા. તેમણે કમિશન પર ''સતત જૂઠું બોલવાનો'' આરોપ મૂક્યો હતો અને રાજ્યના શિક્ષણ પ્રધાન બ્રત્ય બસુની ખાતરીઓને ''કાનૂની સલાહની આડમાં વિશ્વાસઘાત'' ગણાવ્યો હતો. એક પ્રદર્શનકારીએ દાવો કર્યો હતો કે અધ્યક્ષને મળવા ગયેલા આઠ શિક્ષકોનું પ્રતિનિધિમંડળ હજુ પણ બિલ્ડિંગની અંદર જ હતું અને ભોજન વિના તેમનો વિરોધ ચાલુ રાખ્યો હતો. ગરમીના કારણે બેહોશ થઇ ગયેલી એક મહિલા પ્રદર્શનકારીએ કહ્યું કે જ્યાં સુધી તેને ન્યાય નહીં મળે ત્યાં સુધી તેઓ હટશે નહીં. અન્ય એક બરતરફ શિક્ષકે કહ્યું હતું કે, ''મેં સાત વર્ષ સેવા આપી છે. હવે અચાનક મને 'અયોગ્ય' જાહેર કરવામાં આવ્યો છે. મારી પુત્રીને નિયમિત કિડનીની સારવારની જરૂર છે. મારી પાસે તેનો જીવ બચાવવા માટે કંઈ બચ્યું નથી.''

અગાઉ રાજ્યના શિક્ષણ પ્રધાન બ્રત્ય બસુએ કહ્યું હતું કે ''યોગ્ય અને અયોગ્ય'' ઉમેદવારોની સૂચિ બે અઠવાડિયામાં પ્રકાશિત કરવામાં આવશે. શિક્ષકોના પ્રતિનિધિઓ સાથેની બેઠકના બીજા રાઉન્ડ પછી પણ આયોગે સોમવારે સાંજ સુધી યાદી જાહેર ન કરતાં એસએસસી બિલ્ડિંગની બહાર વિરોધ શરૂ થયો હતો.

એસએસસીના અધ્યક્ષ સિદ્ધાર્થ મજૂમદારે સોમવારે મોડી રાત્રે એક નિવેદનમાં જણાવ્યું હતું કે કમિશન સુપ્રીમ કોર્ટના નિર્દેશોનું પાલન કરશે અને ''સેવા આપી ચૂકેલા (બેરોજગાર) શિક્ષકોને પગાર ચૂકવવામાં આવે છે તેની ખાતરી કરાશે.''

તેમણે નિવેદનમાં જણાવ્યું હતું કે, ''વિભાગ દ્વારા જાણ કરવામાં આવી છે કે જે શિક્ષકોએ સેવાઓ આપી છે તેમના પગારનું વિતરણ હાલની સિસ્ટમ મુજબ કરવામાં આવશે.'' દરમિયાન બસુએ વિરોધ કરી રહેલા શિક્ષકોને રાજ્ય સરકાર સુપ્રીમ કોર્ટમાં રિવ્યુ પિટિશન દાખલ કરે ત્યાં સુધી રાહ જોવા વિનંતી કરી હતી. ભારતીય જનતા પાર્ટીના સાંસદ અભિજિત ગંગોપાધ્યાયે આરોપ લગાવ્યો કે બસુ શિક્ષકોને ગેરમાર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. હું શિક્ષકોને અપીલ કરું છું કે તેઓને ન્યાય ન મળે ત્યાં સુધી શાંતિપૂર્ણ વિરોધનો માર્ગ ન છોડે. ■



**દુર્ઘટનાઃ** ગુજરાતના અમરેલીમાં મંગળવારે ખાનગી કંપનીનું વિમાન તૂટી પડ્યા બાદ તેમાંથી નીકળી રહેલી આગની જ્વાળાઓ. આ દુર્ઘટનામાં ઓછામાં ઓછી એક વ્યક્તિનું મોત થયું હતું. (એજન્સી)

# ત્રિપુરામાં ભારે વરસાદના કારણે તબાહીઃ ૪૦૦થી વધુ મકાનોને થયું નુકસાન

**સાતીવલી- વાલીવ- હાઈવે- સિરસાડ- પોમણ- બાપાને- સસુનવઘર- ઈન્ડસ્ટ્રીયલ- ગાળા- શેડ- યુનિટ- પ્લોટ- લેવા- વેચવા- ભાડેથી- ગોપીભાઈ- 9326472399 જીતેન્દ્રભાઈ- 9320404145. (૧૫૭૧૨-એ)**

**વસઈ**
**ઈન્ડસ્ટ્રીયલ ગાળા લેવા-વેચવા-ભાડેથી વિશ્વસનીય નામ રાજેશ દડિયા 9326495003. (એસડીબી-૨૨૭૨)**

**ભાયખલા સર્વિસ ઈન્ડસ્ટ્રીયલ એસ્ટેટ**
એરિયા ૬૦૦, ગ્રાઉન્ડ ફ્લોર. સસેક્સ ઇન્ડસ્ટ્રીયલ એરિયા ૬૦૦ & ૭૦૦. બન્ને લીવ લાઇસન્સ પર આપવાના છે. પાણી, પાવર સાથે. ઓફિસ, ફેક્ટરી, ગોડાઉન માટે ખાસ લાયક. જીતુભાઇઃ 9821041515 / 9702434343. (એસડીબીજી-૨૫૭૦)

## ૨૦. ધંધાદારી જગ્યા

**કાંદિવલી પશ્ચિમ**
દહાણુકરવાડી લિંક રોડ પાસે ૩ દુકાનો વેચવાની. રેડી પઝેશન ઓસી ૮૧૦૦૦/- ભાવ, કાર્પેટ ૩૨૨', ૪૩૩', ૧૦૦૦' ફુટ. ઓનરઃ ૯૮૧૯૮૨૭૭૧૪. (બી-૧૫૮૦૪)

**મસ્જિદ બંદર**
કાઝી સૈયદ સ્ટ્રીટ, નરસી નાથા સ્ટ્રીટ, સેમ્યુલ સ્ટ્રીટ, નાગદેવી, નારાયણ ધ્રુવ સ્ટ્રીટ, ઓફિસ, ગોડાઉન લેવા - વેચવા / ભાડેથી. ''લક્ષ્મીકાંત ભટ્ટ'' (યુઈ) ૯૮૨૧૩૦૭૨૬૨, ૯૩૨૧૨૪૪૧૯૧. (૧૫૭૨૦-એ)

**વિલેપાર્લા (ઇસ્ટ)**
**મેઈન માર્કેટમાં, ભવ્ય દુકાનો, 277' - 1020' કાર્પેટની (સેલ્ફ કન્ટેન્ડ) 14' હાઈટ, વેચાણથી. 9769605225. (૧૫૮૨૦-સી)**

**''ચર્નીરોડ''**
સ્ટેશન પાસે 312' ઓફિસ, ગોડાઉન, લેબ, ક્લાસીસ લાયક બેઝમેન્ટ : 9867222020. (૧૫૮૦૬-એ)

**ઓફિસ ભાડેથી ઉપલબ્ધ**
કાલાઘોડા 300 સ્કે. ફીટ નરીમન પોઈન્ટ 1800 સ્કે. ફીટ, ચકાલા અંધેરી પૂર્વ 2000 સ્કે. ફીટ. એસ્ટેટ એજન્ટ મેઘ પ્રકાશ શાહ - 9870032042. (બી-૧૫૮૭૪)

**મલાડ (વેસ્ટ)**
નવા ટાવરમાં 326' કારપેટ ઓફિસ, 1.40 કરોડ પાર્કિંગ સાથે હાયર ફ્લોર મળશે. સંજીવ - 9821925693. (જેપી-૪૯૮૬-સી)

## ૨૦. ધંધાદારી જગ્યા

**બોરીવલી (વેસ્ટ)**
**સ્ટેશન નજીક, 320' ફૂટ કાર્પેટ ઓફિસ ભાડેથી આપવાની. (WITH PARKING) 9890171330. (૧૫૮૪૭-સી)**

**PEDDAR ROAD**
Doctor House Opp Jaslok full floor 2800 sqft 14 Cr. 4 Parking Outright & Lease 9892710071 Owner 9619048555. (B-15818)

**PRE LEASED BANKS**
**ROI 6% (6 to 15 Cr.) C J Consultancy: 8657192709. (15803-A)**

**ANDHERI (WEST)**
**Shop for Sale Four Bungalows Main Market, Road Facing, Area - 275 Carpet with good frontage. 9820031682 / 7498442927. (B-15871)**

**LOWER PAREL**
1200 sqft Office Premises available for Leave & Licence. Only WhatsApp 7304472581 (Owner). (SDB-2567)

**"MARINE LINES"**
"Near Station, Available Fully Furnished Office Approx 1000' for Outright Sale (Tenant Property)" :- 9819445558. (15849-B)

## ૨૩. મનોરંજન

**પ્રતીક મહેતા**
સંગીતસંધ્યા, લગ્નગીત, એનીવર્સરી, પ્રાર્થના, ભજન, ડાયરો, બર્થડે. 9821153026. (૧૫૮૧૪-બી)

**''કપલ ગ્રુપ'' પાર્લામાં અને બોરીવલીમાં**
**ફક્ત શુક્રવાર, શનિવાર, રવિવાર અને જાહેર રજાના દિવસે, દીનાનાથ / પ્રબોધન ઠાકરે હોલમાં વર્ષના ૬ ફીક્ષ સીટ સાથે જાજરમાન સુરીલા કાર્યક્રમ, વિશેષ ઓફર, ૬ કપલ મેમ્બર્સ, અથવા ૬-૬ સિંગલ મેમ્બર્સને તેમની સાથે ૧ કપલ અથવા ૧ સિંગલ મેમ્બરશિપ ફ્રી. છઠ્ઠા વર્ષની કપલ તેમજ સિંગલ મેમ્બરશિપ માટે સંપર્ક. 9821153026 / 9870754037. (૧૫૮૨૫-એ)**

## ૨૫. શૈક્ષણીક

**ઘેર બેઠા ગ્રેજ્યુએટ**
10th, 12th, ગ્રેજ્યુએશન, MBA, જોબ, સ્ટડી એબ્રોડ 8369756947. (૧૫૮૨૦-એ)

## ૨૭. ઔષધ ઉપચાર

**કેબી ધોરમનો ધોરમ મલમ**
**ગુદાના ગુમડા, હરસ, ખસ, દાદર, ખરજવું, વાઢીયા, કરોળિયાનો આયુર્વેદિકમાં ઉપલબ્ધ. કેબીધોરમ વાંચી ખરીદવું. બોરીવલી 9820756510, દહિસર 9321611838, કાંદિવલી 7506655512, મુંબઈ 9820040824, મુલુંડ 9029676712. (૧૫૬૫૮-બી)**

## ૩૧. નાણાંકીય

**■ શેરબજાર તથા ફોરેક્સમાં રોબર્ટ ટ્રેડિંગ દ્વારા સારું વળતર મેળવો - 8758768118. (બી-૧૫૮૬૨)**

**FUNDING / LOAN**
Non Performing Assets, One Time Settlement, Stuck Real Estate Project, Difficult Cases, Unsecured, Structured, Order Finance. 24 years experience. 9819878744. (15808-A)

## ૩૨. જમીન-મિલકત

**રાજકોટમાં જમીન**
રાજકોટ તથા આજુબાજુનાં ગામમાં નાના-મોટા પ્લોટ લેવા-વેચવા દિલીપ ઠક્કર - 93240 76621. (૧૫૮૧૨-એ)

(જુઓ પાનું ૧૧) ▶▶



(B-15879)

## ક્લાસિફાઈડ

### ૩૨. જમીન-મિલકત

**અમદાવાદ - ગાંધીનગર**

આજુબાજુ વિસ્તારમાં જમીન 25થી 30 કિ.મી.માં વેચાણથી આપવાની છે. 9773467834. (૧૫૮૧૨-સી)

**મકાન જોઈએ છે**

ફાઉન્ટન, કોલાબા, ઓપેરાહાઉસ, મેટ્રો, ગામદેવીમાં ભાડુત સાથે/ વગર. સંપર્ક મહેશ શાહ: 9820253026/ 23422261. (એસડીબીજી-૨૫૬૬)

IN SAPUTARA HATGAD, Final NA Plots with Separate 7/12 immediately for Sale. Contact - Magare Sir 9421520090. (B-15875)

### ૩૩. ધંધાદારી

**કબુતરની જાળી**

ફીટીંગ સાથે 3 વર્ષની ગેરંટી, ઓલ બર્ડ નેટ સર્વીસ, મચ્છર જાળી, નાયલોન નેટ લોંગટાઈમ લાઈફ. ''જીતુભાઈ'' - 7900191232. (બી-૧૫૮૨૦)

■ **દુબઈ તથા બેંગકોકમાં નવા બિઝનેસના સ્ટાર્ટઅપ માટે ઈન્વેસ્ટર જોઈએ - 8758768118. (બી-૧૫૮૬૧)**

**ડીમ કન્વેયન્સ**
**પ્રોપટીકાર્ડ ટ્રાન્સફર**
**સ્ટ્રકચર ઓડિટ**
**મેન્ટેનન્સ રીકવરી**
**પોઈંટ એડવાઈઝરી**
**9029077715**
(બી-૧૫૮૪૮)

**દુનિયાભરમાં પાર્સલ**

નાસ્તો, મસાલા, કપડાં, બીજો સામાન હોલસેલમાં અમેરિકા, કેનેડા, યુરોપ, ઓસ્ટ્રેલિયા, ન્યુઝીલેન્ડ, યુકે, દુબઈ, સિંગાપુર. - 9769691025 / 26822572. (બી-૧૫૭૮૪)

**એકાઉન્ટ**

કોઈપણ પ્રકારનું એકાઉન્ટ રેગ્યુલર-તાત્કાલિક તૈયાર કરીને આપીશું. પિયુષભાઈ- 9869587290. (બી-૧૫૭૮૫)

### ૩૫. જ્યોતિષ ભવિષ્ય

**શ્રીજી જ્યોતિષ**

અશક્યને શક્ય કરનાર સચોટ નિવારણ જન્માક્ષર, લગ્ન વિલંબ, સૌતન, પતિ-પત્ની અનબન, પ્રેમીમિલન (લવપ્રોબ્લેમ, પર્સનલ પ્રોબ્લેમ સ્પેશીયાલિસ્ટ) 9372024547. (ઘાટકોપર). (બી-૧૫૭૩૯)

**જન્મ તારીખ ડાયલ કરો**

**લગ્ન, ભાગ્યોદય ક્યારે? દામ્પત્ય જીવન કેવું? ભવિષ્ય જાણવા રૂબરૂ પધારો - 9987998235. (જેપી/૪૯૭૮-એ)**

**શ્રીનાથજી જ્યોતીષ**

**(હવેલીવાળા) પતિદુઃખ, હસ્તરેખા, જન્માક્ષર, ઘરમાં કલેશ, લવમેરેજ, પત્નીદુઃખ, સૌતન દુઃખ, નિરાશ વ્યક્તિ ખાસ મળો. મલાડ (વેસ્ટ), ફીસ - 500/-, 9920991344, 9833390898, 28898500. (૧૫૭૮૨-સી)**

### ૪૪. પેસ્ટ કન્ટ્રોલ

**એસ પેસ્ટીસાઈડ**

(૧૯૯૩થી) ઉધઈ, વાંદા, માંકડ. કાંદિવલી: 9833523290, 9220789533, ચીરાબજાર : 9029181030. (૧૫૮૩૪-સી)

■ ''એસ પેસ્ટ કંટ્રોલ'' ઉધઈ, વાંદા, માંકડ (હર્બલ) 9773226675, 9326448699 (કાંદિવલી). (૧૫૭૭૬-એ)

### ૪૬. વોટર પ્રુફિંગ

**શિવશક્તિ**

વોટર પ્રુફિંગ, ટેરેસ, છજીયા, આઉટસાઈડ વોલ, ક્રેક ફીલિંગ, પેન્ટિંગ, પ્લાસ્ટરિંગ, બિલ્ડિંગ, રીપેરીંગ. 7208719414/ 8454847542. (૧૫૭૯૪-સી)

**વોટર પ્રુફિંગ**

**ટેરેસ, છજ્જા, પેઈન્ટિંગ, રીપેરીંગ, ક્રેક ફિલિંગ, આઉટસાઈડ વૉલ. DR. FIXIT /ASIAN PAINTS. (AUTHORISED APPLICATOR) 9987651755/ 7021765031.** (૧૫૭૯૪-ઈ)

**પ્રકાશ કન્સ્ટ્રક્શન**

બિલ્ડિંગ રીપેરીંગ, ટેરેસ, આઉટસાઈડ વોલ, ક્રેક ફિલિંગ, પેરાપીટ વોલ, બંગલો, ફ્લેટ, વોટર પ્રુફિંગ, પ્લાસ્ટરિંગ, પેઈન્ટિંગ, વ્યાજબી ભાવે કરીશું. 9320210293/ 9326206280. (૧૫૭૬૮-એ)

### ૫૨. કુરીઅર્સ

**મનસ્વી પાર્સલ**

યુરોપ, અમેરિકા, ન્યુઝીલેન્ડ, ઓસ્ટ્રેલીયા, કેનેડા, દુનિયાભરમાં સસ્તામાં મોકલવા. 9820194719 / 7208019515. (૧૫૦૨૬-એ)


# શૅરબજારમાં તેજીની સિક્સરઃ સેન્સેક્સ ૭૯,૫૦૦ની ઉપર, નિફ્ટી ૨૪,૨૦૦ તરફ સરક્યો

(વાણિજ્ય પ્રતિનિધિ તરફથી)

મુંબઇઃ ભારતીય શેરબજારે નબળા વૈશ્વિક સંકેતોને અવગણીને સતત આગેકૂચ ચાલુ રાખી હતી. બેન્ચમાર્ક ઇક્વિટી શેરઆંક સેન્સેક્સ અને નિફ્ટીમાં છઠ્ઠા દિવસે પણ સુધારો નોંધાયો હતો. સતત વિદેશી ભંડોળના પ્રવાહ અને બેંકિંગ શેરમાં ખરીદીને કારણે છઠ્ઠા દિવસે પણ તેજીનો સિલસિલો ચાલુ રહ્યો હતો.

ત્રીસ શેર ધરાવતો બીએસઈ સેન્સેક્સ ૧૮૭.૦૯ પોઈન્ટ અથવા ૦.૨૪ ટકા વધીને ૭૯,૫૯૫.૫૯ના સ્તરે સ્થિર થયો હતો. દિવસ દરમિયાન, તે ૪૧૫.૮ પોઈન્ટ અથવા ૦.૫૨ ટકા વધીને ૭૯,૮૨૪.૩૦ની ઊંચી સપાટીને અથડાયો હતો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૪૧.૭૦ પોઈન્ટ અથવા ૦.૧૭ ટકા વધીને ૨૪,૧૬૭.૨૫ની સપાટીએ બંધ થયો હતો.

ખાસ કરીને એફએમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ્સ, બેંકિંગ અને રિયલ એસ્ટેટ ક્ષેત્રોમાં વ્યાપક ખરીદી વચ્ચે લીલા રંગમાં બંધ થયો. વિશ્લેષકોએ જણાવ્યું હતું કે, ફાઇનાન્સ ક્ષેત્રમાં વધારો ભારતીય રિઝર્વ બેંક (આરબીઆઇ) દ્વારા લિક્વિડિટી કવરેજ રેશિયો માર્ગદર્શિકામાં રાહતને કારણે થયો છે, જે ક્રેડિટ વૃદ્ધિને વધારે એવી અપેક્ષા છે.

શેરબજારમાં જોવા મળેલો સુધારો ફક્ત લાર્જ કેપ શેરો પૂરતો મર્યાદિત નહોતો, પરંતુ વ્યાપક બજારોએ પણ સ્થિતિસ્થાપકતા દર્શાવી હતી, જેમાં મિડ કેપ અને સ્મોલ કેપ શેરોનું પ્રતિનિધિત્વ કરનારા બંને ઇન્ડેક્સમાં અડધા ટકાથી વધુ સુધારો જોવા મળ્યો હતો.

સેન્સેક્સ પેકમાંથી, આઇટીસી, હિન્દુસ્તાન યુનિલિવર, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, એચડીએફસી બેંક, એટર્નલ, કોટક મહિન્દ્રા બેંક, સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા અને આઇસીઆઇસીઆઇ બેંક મુખ્ય વધનારા શેર હતા. ઈન્ડસઈન્ડ બેંક, પાવર ગ્રીડ, ભારતી એરટેલ, ઈન્ફોસીસ અને બજાજ ફિનસર્વ ટોપ લુઝર્સ રહ્યા હતાં. બેન્ક શેરોના પરિણામ સારા આવ્યા હોવાથી આ સેકટરમાં હલતલ વધી છે. એચડીએફસી બેન્કે સાત ટકાના વધારા સાથે રૂ. ૧૮,૮૩૫ કરોડનો કોન્સોલિડેટેડ ચોખ્ખો નફો નોંધાવ્યો છે. જ્યારે આઇસીઆઇસીઆઇ બેન્કે સ્ટેન્ડઅલોન ધોરણે ૧૮ ટકાના વધારા સાથે રૂ. ૧૨,૬૩૦ કરોડનો ચોખ્ખો નફો નોંધાવ્યો છે. સર્ટસ કેપિટલે હૈદરાબાદમાં પ્રીમિયમ રહેણાંક રિયલ એસ્ટેટ પ્રોજેક્ટમાં રૂ. ૧૮૦ કરોડનું રોકાણ કર્યું છે. આ સાથે કંપનીએ સિક્યોર્ડ, પ્રાઇવેટ ક્રેડિટ શ્રેણીમાં રૂ. ૧,૦૦૦ કરોડનું રોકાણ કર્યું છે.

એક્સચેન્જ ડેટા અનુસાર, સોમવારે વિદેશી સંસ્થાકીય રોકાણકારો (એફએફઆઇ)એ રૂ. ૧,૯૭૦.૧૭ કરોડના અને ગુરુવારે રૂ. ૪,૬૬૭.૯૪ કરોડના ઇક્વિટી શેર ખરીદ્યા હતા. આમ બે જ દિવસમાં રૂ. ૬,૫૦૦ કરોડથી વધુના શેર ખરીદ્યા છે. નેશનલ સિક્યોરિટીઝ ડિપોઝિટરી લિમિટેડ (એનએસડીએલ)ના ડેટા અનુસાર, બે દિવસની રજાઓના કારણે પાછલું સપ્તાહ માત્ર ત્રણ દિવસનું હોવા છતાં એફઆઇઆઇએ શેરબજારોમાં લગભગ ૮,૫૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કર્યું હતું.

એશિયન બજારોમાં, શાંઘાઈ એસએસઇ કમ્પોઝિટ ઇન્ડેક્સ અને હોંગકોંગનો હેંગ સેંગ ઊંચા મથાળે સ્થિર થયા હતા, જ્યારે દક્ષિણ કોરિયાનો કોસ્પી ઇન્ડેક્સ અને ટોકિયોનો નિક્કી ૨૨૫ નીચા સ્તરે ગબડ્યો હતો. યુરોપિયન બજારો મિશ્ર વલણ સાથે ટ્રેડ થઈ રહ્યા હતા. સોમવારે યુએસ બજારો નોંધપાત્ર રીતે નીચા સ્તરે ગબડ્યા હતા. નાસ્ડેક કમ્પોઝિટ ૨.૫૫ ટકા, ડાઉ જોન્સ ઇન્ડસ્ટ્રિયલ એવરેજ ૨.૪૮ ટકા અને એસએન્ડપી ૫૦૦ ઇન્ડેક્સમાં ૨.૩૬ ટકાનો કડાકો હતો. ગ્લોબલ ઓઇલ બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ ૧.૬૧ ટકા વધીને ૬૭.૩૩ ડોલર પ્રતિ બેરલ બોલાયું હતું.

નોંધવું રહ્યું કે, સોમવારે સપ્તાહના પહેલા જ દિવસે, સતત પાંચમા સત્રમાં ચાલુ રહેલી આગેકૂચમાં સત્ર દરમિયાન સેન્સેક્સ ૧૦૫૦ પોઈન્ટ ઉછળીને ૭૯,૬૦૭ પોઇન્ટના સ્તરે, જયારે નિફ્ટી ૩૩૦ પોઈન્ટથી મોટા ઉછાળા સાથે ૨૪,૨૦૦ પોઈન્ટના સ્તરે પહોંચ્યો હતો અને અંતે અનુક્રમે ૭૯,૪૦૮.૫૦ તથા ૨૪,૧૨૫.૫૫ પોઇન્ટની સપાટીએ સ્થિર થયા હતા. આ તેજીના પાંચ મહત્ત્વના કારણો ટોચની બેન્કના જોરદાર નાણાકીય પરિણામ, ડોલરની નબળાઇ, ક્રૂડના ભાવમાં ઘટાડો, વિદેશી ફંડોની એકધારી લેવાલી અને ટ્રમ્પ દ્વારા ટેરિફમાં જાહેર કરવામાં આવેલી કામચલાઉ મોકૂફીની અસરનો સમાવેશ છે. આમાંથી બેન્કોના પરિણામ સિવાયના પરિબળોની અસર કમ સે કમ નવમી જુલાઇ સુધી ચાલુ રહેવાની ધારણા જોતાં એકંદરે તેજી જળવાઇ રહે એવી શક્યતા છે.

વૈશ્વિક સ્તરે ટ્રેડ વોરનું ગ્રહણ હજુ ટળ્યું નથી. ટેરિફ વોર હજુ પુરી નથી થઇ પરંતુ તેમાં નવા આક્રમણો ઉમેરાતાં જાય છે. અમેરિકા અને ચીન વચ્ચે ચાલી રહેલા ટેરિફ યુદ્ધે એક નવો વળાંક લીધો છે. ચીને કડક ચેતવણી આપી છે કે જો કોઈ દેશ અમેરિકા સાથે એવો વેપાર કરાર કરશે જે ચીનના હિતોની વિરુદ્ધ હોય, તો તે તેને ક્યારેય સ્વીકારશે નહીં અને કડક બદલો લેશે. ચીન તરફથી આ ચેતવણી એવા સમયે આવી છે જ્યારે એવા અહેવાલો છે કે ટ્રમ્પ વહીવટીતંત્ર ઘણા દેશો પર દબાણ કરી રહ્યું છે કે જો તેઓ અમેરિકા પાસેથી ટેરિફ મુક્તિ ઇચ્છે છે, તો તેમણે ચીન સાથે વેપાર મર્યાદિત કરવો પડશે.

જોકે, અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ કહે છે કે અમેરિકા અને ચીન વચ્ચે વાતચીત ચાલી રહી છે. હા, અમે ચીન સાથે વાત કરી રહ્યા છીએ. મને લાગે છે કે અમે ચીન સાથે ખૂબ જ સારો સોદો કરવા જઈ રહ્યા છીએ. પરંતુ ચીન તરફથી હજુ સુધી આ વાતચીતની કોઈ પુષ્ટિ થઈ નથી. તેનાથી વિપરીત, બેઇજિંગે અમેરિકાની નીતિઓને નએકપક્ષીય અને સંરક્ષણવાદીય ગણાવી છે અને ચેતવણી આપી છે કે તે વિશ્વને નજંગલના કાયદાથ તરફ ધકેલી દેશે.

જોકે, આ મજબૂત પ્રવાહ છતાં, એપ્રિલમાં એકંદર એફપીઆઇ પ્રવૃત્તિ નકારાત્મક ક્ષેત્રમાં રહે છે. એપ્રિલમાં અત્યાર સુધીમાં, એફપીઆઇએ ભારતીય ઇક્વિટીમાંથી ૨૩,૧૦૩ કરોડ રૂપિયાની ચોખ્ખી વેચવાલી કરી છે. ૨૦૨૫ માટેનું વ્યાપક ચિત્ર પણ નકારાત્મક વલણ દર્શાવે છે, આ વર્ષે ઇક્વિટી બજારમાંથી કુલ ૧,૩૯,૬૭૭ કરોડ રૂપિયાનો ચોખ્ખો આઉટફ્લો થયો છે.

# સોનામાં વધુ ₹ ૧૮૧૪નો ઉછાળો, ચાંદીની ચમક ઝાંખી પડી

મુંબઇઃ સોનામાં જબરી તેજીનો માહોલ જામ્યો છે. ટ્રમ્પે એક તરફ ટેરિફ વોર શરૂ કરી છે અને બીજી તરફ ફેડરલ રિઝર્વને વખોડીને નવો વિવાદ ઊભો કર્યો હોવા સાથે ડોલર પણ સતત નબળો પડી રહ્યો હોવાથી બુલિયન બજારમાં ઇન્વેસ્ટર્સની સારી લેવાલી વચ્ચે સોનાના ભાવ ઉછાળા મારી રહ્યાં છે. ગુજરાત અને દિલ્હી સહિત કેટલાક સેન્ટરોમાં સોનાએ એક લાખ રૂપિયાની સપાટી વટાવી નાંખી છે. વાયદા બજારમાં પણ સોનું એક તબક્કે એક લાખ બોલાયું હોવાના અહેવાલ હતા. જોકે, વાયદા બજાર અને મુંબઇ ખાતે સોનું ખૂલતા સત્રની સપાટી સામે પાછું ફર્યું હતું. ઊંચા મથાળે રિટેલ ઘરાકી રૂંધાઇ રહી હોવા ઉપરાંત ઇન્વેસ્ટર્સ નપો પણ ગાંઠે બાંધી રહ્યાં હોવાનું બુલિયન ડિલરો જણાવે છે.

સ્થાનિક ઝવેરી બજારમાં ખૂલતા સત્રમાં ૯૯૯ ટચનું શુદ્ધ સોનું રૂ. ૯૬,૬૭૦ના પાછલા બંધ સામે ૧૦ ગ્રામે રૂ. ૨૪૩૦ના ઉછાળા સાથે રૂ. ૯૯,૧૦૦ની સપાટીએ ખૂલ્યુ હતું. જોકે, ઊંચા મથાળે વેચવાલી આવતાં અંતે રૂ. ૧૮૧૪ના સુધારા સાથે રૂ. ૯૮,૪૮૪ની સપાટીએ બંધ રહ્યું હતું.

એ જ રીતે, ૯૯૫ ટચનું સ્ટાન્ડર્ડ સોનું રૂ. ૯૬,૨૮૨ના પાછલા બંધ સામે દસ ગ્રામદીઠ રૂ. ૨૪૨૧ની છલાંગ સાથે રૂ. ૯૮,૭૦૩ની સપાટીએ ખૂલ્યું હતું. સત્રને અંતે રૂ. ૧૮૦૮ના વધારા સાથે રૂ. ૯૮૦૯૦ની સપાટીએ સ્થિર થયું હતું.

જ્યારે ઓદ્યોગિક અને સટ્ટાકિય લેવાલીના અભાવ વચ્ચે .૯૯૯ ટચની હાજર ચાંદી રૂ. ૯૬,૨૪૨ની પાછલી બંધ સપાટી સામે એકકિલો દીઠ રૂ. ૩૪૨ના ઘટાડા સાથે રૂ. ૯૫,૯૦૦ની સપાટીએ ખૂલી હતી. સત્રને અંતે ચાંદી રૂ. ૬૩૫ના ઘટાડા સાથે રૂ. ૯૫,૬૦૭ની સપાટીએ સ્થિર થઇ હતી.

ટેરિફવોરના કારણે અમેરિકામાં ફુગાવો વધવાનું જોખમ વધ્યું છે. જેનાથી આર્થિક મંદીના વાદળો ઘેરા બન્યા છે. આ પડકારો વચ્ચે હાલમાં જ ટ્રમ્પે ફેડ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલની ટીકા કરતાં કહ્યું કે, જો તેઓ વ્યાજના દરોમાં ઘટાડો નહીં કરે તો અમેરિકામાં મંદી આવશે. પરંતુ ફેડએ અગાઉ જ નિવેદન આપી દીધું હતું કે, તેઓ વર્તમાન ટેરિફના માહોલમાં વ્યાજના દરોમાં ઘટાડો કરવાની ઉતાવળ કરશે નહીં. ટેરિફના કારણે દેશમાં ફુગાવો ફાટી નીકળવાની શક્યતાઓ વધી છે. અમેરિકામાં મંદીની ભીતિ સુનિશ્ચિત થતાં સોના-ચાંદીમાં ખરીદી વધી છે. ડોલર ઇન્ડેક્સ ત્રણ વર્ષના તળિયે પહોંચવાથી પણ સોનાને કીક મળી રહી છે. વૈશ્વિક પડકારો અને ફેડ તથા ટ્રમ્પ વચ્ચેના વિવાદના કારણે ડોલર ઇન્ડેક્સ સતત તૂટી રહ્યો છે. ૨ એપ્રિલે ટ્રમ્પ દ્વારા રેસિપ્રોકલ ટેરિફ લાદવાની જાહેરાતથી જ ડોલર નબળો પડ્યો છે. જેના લીધે ડોલર ઇન્ડેક્સ ૧૦૯ના રેકોર્ડ લેવલથી કડડભૂસ થઈ ૯૮.૨૭ થયો છે. રૂપિયો આજે ડોલર સામે ૩૪ પૈસા સુધરી ૮૫.૦૯ પર ટ્રેડ થઈ રહ્યો હતો. જેના લીધે બુલિયનમાં ખરીદી વધી છે. ડ્રેગન અને અમેરિકા વચ્ચે ટ્રેડવોર, અન્ય દેશો પર ટેરિફવોરના કારણે વૈશ્વિક સ્તરે મંદીના સંકટ વચ્ચે ચીન, ભારત, યુરોપ સહિતની સેન્ટ્રલ બેન્કોએ સોનામાં ખરીદી વધારી છે. સંસ્થાકીય રોકાણકારો દ્વારા પણ વર્તમાન પડકારોમાં હેજિંગ માટે સોના-ચાંદીમાં રોકાણ વધ્યું છે. જેના લીધે કિંમતી ધાતુની માગ વધતાં સોના-ચાંદીના ભાવ વધી રહ્યા છે.

# ડોલર સામે રૂપિયો આઠ પૈસા ગબડ્યો

મુંબઈઃ ફોરેક્સ માર્કેટમાં રૂપિયો ૮ પૈસા ઘટીને ૮૫.૨૩ પર સ્થિર થયો હતો. શેરબજારમાં ડોલરો ઠલવાઇ રહ્યા હોવા છતાં રોકાણકારોએ ડોલરમાં શોર્ટ કવરિંગ કરવામાં આવ્યું હોવાથી મંગળવારે અમેરિકન ચલણ સામે ભારતીય રૂપિયો સાંકડી રેન્જમાં અથડાઇને અંતે આઠ પૈસા ઘટીને ૮૫.૨૩ (પ્રોવિઝનલ)ના સ્તરે બંધ થયો હતો. વિદેશી હૂંડિયામણ બજારના ટ્રેડરોએ જણાવ્યું હતું કે વિદેશી ભંડોળના પ્રવાહે સ્થાનિક એકમને ટેકો આપ્યો હતો. જોકે, ક્રૂડ ઓઇલના ભાવમાં સુધારાથી રોકાણકારોની ભાવના પર અસર પડી. વધુમાં, ટેરિફ અને યુએસ નાણાકીય નીતિથી આર્થિક અવરોધો અંગે ચિંતાઓ યથાવત રહી છે, જે માગને ઘટાડી શકે છે.


PUBLIC NOTICE પબ્લિક નોટીસ

**પબ્લિક નોટીસ**

આથી ખબર આપવાની કે અમને (૧) **અશોક બુધિલાલ રાજગોર (૨) શ્રીમતી કલ્પના અશોક રાજગોર** અને (૩) **અહન અશોક રાજગોર** (માલિકો)નું ટાઈટલ તપાસવાની સૂચના આપવામાં આવેલ છે જે (૧) અહીં નીચે લખેલ પરિશિષ્ઠમાં વધુ વિગતવાર વર્ણવેલ રહેણાંક ફ્લેટ અને (૨) માલિકોના નામમાં રહેલ **ધી ફ્લોરેન્સ કો-ઓપરેટીવ હાઉસિંગ સોસાયટી લિમિટેડ**ના શેર સર્ટિફિકેટ નં. ૩૮ હેઠળ ડીસ્ટીંક્ટીવ નં. ૮૬ થી ૯૦ ધરાવતા ૫ શેર્સ અંગે છે. માલિકોએ જણાવ્યું છે કે શેર્સ અને રહેણાંક ફ્લેટ (પ્રીમાયસીસ) માલિક નં. ૧ અને માલિક નં. ૨ દ્વારા **કેતન મનમોહન દેસાઈ** તે **મનમોહન દેસાઈ એચયુએફના કર્તા** તરીકે અને **મનમોહન દેસાઈ એચયુએફને રીપ્રેઝન્ટ કરનાર** પાસેથી ખરીદ કરવામાં આવેલ અને તે બોજાઓ, ચાર્જીસ અને/ કે દાવાઓથી મુક્ત છે અને લીટીગેશન, ટાંચ, ઇંજંકસન કે રીસીવરશીપથી મુક્ત છે.

પ્રીમાયસીસ સામે કે તેની બાબતમાં કોઈપણ પ્રકારનો કોઈપણ દાવો ધરાવનાર તમામ શખ્સો એની જાણ લેખિતમાં ટેકાના દસ્તાવેજો સાથે નીચે સહી કરનારને તેમની ઓફિસ ૨૦૩-૨૦૪, પ્રભાત ચેમ્બર્સ, ૯૨, એસ. વી. રોડ, ખાર (વે.), મુંબઈ-૪૦૦૦૫૨ ખાતે આના છપાયાની તારીખથી ૧૪ (ચૌદ) દિવસમાં કરે નહીં તો આવા દાવાને ધ્યાનમાં લીધા વિના તપાસ પૂર્ણ કરવામાં આવશે અને એવા જો કોઈ હશે તો તે ત્યજી દીધેલ ગણાશે.

**ઉપર ઉલ્લેખાયેલનું પરિશિષ્ઠઃ**

રહેણાંક **ફ્લેટ નં. ૫૨** જે અલ્ટામાઉન્ટ રોડ, મુંબઈ-૪૦૦૦૨૬ ખાતે સ્થિત ''વિનસ એપાર્ટમેન્ટસ'' નામના બિલ્ડિંગના ૫મા માળે આવેલ છે.

આજ તારીખ ૨૩મી એપ્રિલ ૨૦૨૫

સહી/-

**એ. એચ. પારપીયા એન્ડ કંપની**
એડ્વોકેટ્સ અને સોલીસીટર્સ


# દિલ્હીમાં સોનું ₹ ૧,૦૧,૬૦૦ને સ્પર્શ્યું

નવી દિલ્હીઃ વૈશ્વિક મેક્રોઇકોનોમિક અનિશ્ચિતતાઓ સલામત એસેટ તરીકે સોનાની લેવાલી વધતા, સ્થાનિક ઝવેરીઓ અને સ્ટોકિસ્ટો દ્વારા અક્ષય તૃતીયા અને લગ્નની મોસમ દરમિયાન માગ વધવાની અપેક્ષાએ ખરીદીના ધસારાને કારણે મંગળવારે રાષ્ટ્રીય રાજધાની નવી દિલ્હીમાં સોનાના ભાવ ૧,૮૦૦ રૂપિયા વધીને એક લાખ રૂપિયાના નિર્ણાયક સ્તરને પાર કરી ગયા હતા. ઓલ ઇન્ડિયા સરાફા એસોસિએશનના જણાવ્યા અનુસાર, ૯૯.૯ ટકા શુદ્ધતા ધરાવતી કિંમતી ધાતુ (સોનું) ૧,૮૦૦ રૂપિયા વધીને ૧,૦૧,૬૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સર્વોચ્ચ ટોચે પહોંચી ગઈ હતી, જે સોમવારે ૯૯,૮૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામ હતી. એ જ રીતે, ૯૯.૫ ટકા શુદ્ધતા ધરાવતા સોનાની કિંમત પણ મંગળવારે સ્થાનિક બજારોમાં ૨,૮૦૦ રૂપિયા વધીને ૧,૦૨,૧૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી ગઈ હતી, જે પાછલા સત્રમાં ૯૯,૩૦૦ રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામના સ્તરે બંધ રહ્યું હતું.

# ગોલ્ડ ફ્યુચર્સ ₹ ૨,૦૪૮ના ઉછાળા સાથે લાખ રૂપિયા બોલાયું

નવી દિલ્હીઃ વૈશ્વિક વેપાર યુદ્ધના ભય વચ્ચે યુએસ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ફેડરલ રિઝર્વમાં ફેરફાર કરવાની યોજનાનો સંકેત આપ્યા બાદ રોકાણકારો સુરક્ષિત રોકાણ તરફ ધસી ગયા હોવાથી સોનાના વાયદાના ભાવમાં સતત ચોથા સત્રમાં વધારો થયો હતો, જેમાં ૨,૦૪૮ રૂપિયાનો ઉછાળો જોવા મળ્યો હતો અને ૧૦ ગ્રામ દીઠ ૧,૦૦,૦૦૦ રૂપિયાનું નવું વિક્રમી સ્તર જોવા મળ્યું હતું. ઓનલાઇન વાયદા બજાર ખાતે આ પીળી કિંમતી ધાતુનો ઓગસ્ટ ડિલિવરી કોન્ટ્રાક્ટ ૨,૦૪૮ રૂપિયા અથવા ૨.૧ ટકાના ઉછાળા સાથે ૧૦ ગ્રામ દીઠ ૧,૦૦,૦૦૦ રૂપિયાની નવી ટોચ પર પહોંચ્યો હતો. બાદમાં, કિંમતી ધાતુના સોદા ૨,૪૯૨ લોટના ઓપન ઇન્ટરેસ્ટ સાથે ૧૦ ગ્રામ દીઠ ૯૯,૭૯૦ રૂપિયાના ભાવે પડ્યા હતા.

# ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોનો વિકાસ દર ધીમો પડ્યો

નવી દિલ્હીઃ માર્ચમાં મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોનો વિકાસ દર ધીમો પડીને ૩.૮ ટકા નોંધાયો છે. સોમવારે જાહેર કરાયેલા સત્તાવાર આંકડા મુજબ, પાછલા મહિનામાં આઠ મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર ક્ષેત્રોનું ઉત્પાદન ધીમું થઈને ૩.૮ ટકા નોંધાયું છે, જેમાં એક વર્ષ પહેલા લ ૬.૩ ટકા વૃદ્ધિ નોંધાઇ હતી. માસિક ધોરણે, આ ક્ષેત્રોના ઉત્પાદનમાં વૃદ્ધિ દર ફેબ્રુઆરીમાં નોંધાયેલા ૩.૪ ટકાના વિસ્તરણ કરતા થોડો વધારે હતો. માર્ચમાં ક્રૂડ ઓઇલ અને કુદરતી ગેસના ઉત્પાદનમાં નકારાત્મક વૃદ્ધિ નોંધાઈ છે.

# કઠોળના ભાવ અંકુશમાં રાખવા સરકાર એકંદર ૧૩.૨૨ લાખ ટન તુવેર દાળ ખરીદશે

મુંબઈ : પ્રાઈસ સપોર્ટ સિસ્ટમ (પીએસએસ) હેઠળ સરકારે વર્તમાન મોસમમાં અત્યારસુધી ૩.૪૦ લાખ ટન તુવેર દાળની ખરીદી કરી છે. લઘુત્તમ ટેકાના ભાવ પ્રમાણે આ ખરીદી કરવામાં આવી રહી હોવાનું કૃષિ મંત્રાલય દ્વારા જણાવાયું હતું. દેશના નવ રાજ્યોમાંથી એકંદર ૧૩.૨૨ લાખ ટન તુવેર દાળ ખરીદ કરવા સરકારે મંજુરી આપી છે. ભાવમાં ઉછાળાના કિસ્સામાં ખુલ્લા બજારમાં વેચાણ માટે સરકારે તુવેર દાળનો ૧૦ લાખ ટન બફર સ્ટોક જાળવવાનો નિર્ણય કર્યો છે.

૧૩ એપ્રિલ સુધીમાં ૩.૪૦ લાખ ટનની ખરીદી પૂરી થઈ હોવાનું કૃષિ મંત્રાલયના ડેટા જણાવે છે. ૧.૩૦ લાખ ટન સાથે સૌથી વધુ ખરીદી કર્ણાટકમાંથી થઈ છે. વર્તમાન મોસમ માટે કેન્દ્ર સરકારે તુવેર દાળનો લઘુત્તમ ટેકાનો ભાવ પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૭૫૫૦ નિશ્ચિત કર્યો છે.

કર્ણાટક ઉપરાંત, આન્ધ્ર પ્રદેશ, છત્તીસગઢ, ગુજરાત, હરિયાણા, મધ્ય પ્રદેશ, મહારાષ્ટ્ર, તેલંગણા તથા ઉત્તર પ્રદેશમાંથી દાળની ખરીદી થઈ રહી છે. તુવેર દાળ ઉપરાંત સરકારે ૧૭૦૦૦ ટન ચણાની પણ ખરીદી પૂરી કરી છે.

આ ખરીદી મુખ્યત્વે તેલંગણા તથા મધ્ય પ્રદેશ ખાતેથી કરવામાં આવી છે. ચણાના ખુલ્લા બજારમાં ભાવ ટેકાના ભાવ કરતા ઊંચા બોલાતા હોવાથી સરકાર દ્વારા તેની ખરીદી ધીમી ગતિએ થઈ રહી છે. ચણા માટે પ્રતિ ક્વિન્ટલ રૂપિયા ૫૬૫૦ ટેકાનો ભાવ નિશ્ચિત કરાયો છે અને ૨૭ હજાર ટનની ખરીદીનો ટાર્ગેટ નિશ્ચિત કરાયો હોવાનું સુત્રોએ જણાવ્યું હતું. સરકારી એજન્સીઓ મારફત મસુર તથા લીલા ચણાની પણ ખરીદી કરવામાં આવી રહી છે.દરમિયાન ઘઉંની ટેકાના ભાવે ખરીદીમાં ૮૩.૫૮ લાખ ટન સાથે વાર્ષિક ધોરણે ૯૨ ટકા વધારો થયો છે.


**પશ્ચિમ રેલવે, ભાવનગર ડિવિઝન**

**વિવિધ એન્જિનીયરિંગ કાર્યો**

**નં. W/118/NIT/E-Tender/2025-26/WA/04 તારીખ : 21/04/2025; ઈ-ટેન્ડર નં. 18/2025-26 થી 22/2025-26;** ડિવિઝનલ રેલવે મેનેજર (કાર્ય) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામો માટે ઈ-ટેન્ડર આવકારે છે. ટેન્ડરની વિગતો નીચે મુજબ છે :

| અનુ. નં. | ઈ-ટેન્ડર નં. | કામનું નામ | ટેન્ડર મૂલ્ય (₹) | ઈએમડી (₹) |
|---|---|---|---|---|
| 01 | 18-2025-26 | વીરપુર-નવાગઢ સ્ટેશન - અતિક્રમણ અને અનધિકૃત પ્રવેશ અટકાવવા માટે આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ (3.50 કિ.મી.) | 4,68,99,696.35 | 3,84,500.00 |
| 02 | 19-2025-26 | ભાવનગર વિભાગ: માનવ સંચાલિત લેવલ ક્રોસિંગ પર એલસી બોર્ડ બદલવા (નં. 41) | 30,06,180.68 | 60,100.00 |
| 03 | 20-2025-26 | ભક્તિનગર-ગોંડલ વિભાગ: અતિક્રમણ અને અનધિકૃત પ્રવેશ અટકાવવા માટે આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ (1.00 કિ.મી.) | 1,39,70,727.19 | 2,19,900.00 |
| 04 | 21-2025-26 | ગોંડલ - ગોમટા વિભાગ: અતિક્રમણ અને અનધિકૃત પ્રવેશ અટકાવવા માટે આરસીસી બાઉન્ડ્રી વોલનું બાંધકામ (3.40 કિ.મી.) | 4,57,09,878.75 | 3,78,600.00 |
| 05 | 22-2025-26 | ભાવનગર વિભાગ:- સિનિયર ડીઇએન (સી) બીવીપી ના અધિકારક્ષેત્ર હેઠળ રિપ્લેસમેન્ટ પર એસએસઇ (પી.વે અને વર્ક્સ) માટે કાર્યાલય ભવન ઉપબલ્ધ કરાવવું | 3,41,92,038.33 | 3,21,000.00 |

**ઉપરોક્ત તમામ ટેન્ડરો માટે: બિડિંગ શરૂ થવાની તારીખ:** 29/04/2025; **બિડિંગ બંધ થવાની તારીખ:** 13/05/2025; વધુ વિગતો માટે કૃપા કરીને **www.ireps.gov.in** પર લોગ ઇન કરો. 009

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

**BRIHANMUMBAI MAHANAGARPALIKA**

(ચીફ એન્જીનીયર - બિલ્ડીંગ મેન્ટેનન્સ + H.I.C.)

નં. Ch.E/B.M/૦૦૪૮૯/II તા. ૨૧.૪.૨૦૨૫

**ટૂંકી ટેન્ડર નોટીસ**

| | |
|---|---|
| ડીપાર્ટમેન્ટ | Ch.E. (બિલ્ડીંગ મેન્ટેનન્સ) |
| સબ-ડીપાર્ટમેન્ટ | ડે. ચી. એ. (બિલ્ડીંગ મેન્ટેનન્સ) સબ |
| ટેન્ડર ID | ૨૦૨૫_MCGM_૧૧૭૨૫૦૬ |
| વિષય | દેવનાર કતલખાનું, M/E વોર્ડની પ્રીમાયસીસમાં દેવનાર પોલીસ સ્ટેશન બિલ્ડીંગનું રીપેર્સ. |
| કુલ અંદાજીત ખર્ચ | રૂા. ૮૪,૧૬,૮૬૪/- |
| બા.ર.ડી. | ₹ ૮૪,૨૦૦/- (રૂા. ચોરાસી હજાર બસો માત્ર) (બારડીની સંપૂર્ણ રકમ GOMના ગેટવે પેમેન્ટ દ્વારા URL http://mahatenders.gov.in |
| ટેન્ડર વેચાણ | ૨૩.૪.૨૦૨૫ સ. ૧૧ થી ૨.૫.૨૦૨૫ના ૧૬ ક. સુધી |
| વેબસાઈટ | https://mahatenders.gov.in |
| સંપર્ક વ્યક્તિ | આસી. એન્જીનીયર - (B.M.) E.S. |
| નામ | શ્રી સંદીપ વડાલકર |
| ટેલિફોન નં. | ૯૮૨૦૫૯૪૮૦૦ |
| ઈ-મેઈલ- id | aecivilce.pd@mcgm.gov.in |

PRO/184/ADV./2025-26

સહી/-
ડે. ચી. એ. (B.M.) સબ.

વૃક્ષો વાવો, વૃક્ષો બચાવો.

**પશ્ચિમ રેલવે-વડોદરા ડિવિઝન**

**"કેટરિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી**

"કેટરિંગ" કોન્ટ્રાક્ટ માટે ઈ-હરાજી **06.05.2025** ના રોજ યોજાશે. ઈ-હરાજી **06.05.2025** ના રોજ **10:00 કલાકે** શરૂ થશે. કેટલોગ પહેલેથી જ **www.ireps.gov.in** વેબસાઇટ પર પ્રકાશિત કરવામાં આવેલ છે. વિગતો નીચે જણાવ્યા મુજબ છે:

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| CATG-2025-2 | કેટરિંગ | 05 વર્ષ |

**લોટ નં.**

| | | | |
|---|---|---|---|
| 1 | Catg-BRC-KIM-GMU-3-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 13 | Catg-BRC-GTE-GMU-47-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 2 | Catg-BRC-URN-GMU-40-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 14 | Catg-BRC-KANJ-GMU-50-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 3 | Catg-BRC-CBY-GMU-24-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 15 | Catg-BRC-ITA-GMU-11-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 4 | Catg-BRC-PLJ-GMU-37-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 16 | Catg-BRC-PAO-GMU-41-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 5 | Catg-BRC-KSB-GMU-39-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 17 | Catg-BRC-NEP-GMU-49-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 6 | Catg-BRC-DRL-GMU-44-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 18 | Catg-BRC-VS-GMU-13-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 7 | Catg-BRC-ARPR-GMU-45-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 19 | Catg-BRC-KSE-GMU-42-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 8 | Catg-BRC-NDR-GMU-17-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 20 | Catg-BRC-UMH-GMU-43-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 9 | Catg-BRC-BDE-GMU-27-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 21 | Catg-BRC-PTD-GMU-23-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 10 | Catg-BRC-PAVI-GMU-46-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 22 | Catg-BRC-CTD-GMU-29-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 11 | Catg-BRC-VS-GMU-12-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | 23 | Catg-BRC-GER-GMU-22-22-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) |
| 12 | Catg-BRC-NIU-GMU-38-25-1 (કેટરિંગ-જનરલ માઈનર યુનિટ (જીએમયુ)) | | |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| WVM-BRC-2025-20 | વોટર વેન્ડિંગ મશિન | 05 વર્ષ |

**લોટ નં.**

| | | | |
|---|---|---|---|
| 1 | MSS-BRC-CYI-WVM-28-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 7 | MSS-BRC-KSB-WVM-31-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 2 | MSS-BRC-KIM-WVM-30-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 8 | MSS-BRC-BRC-WVM-34-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 3 | MSS-BRC-ANND-WVM-36-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 9 | MSS-BRC-MYG-WVM-33-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 4 | MSS-BRC-PTD-WVM-29-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 10 | MSS-BRC-AKV-WVM-35-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 5 | MSS-BRC-DB-WVM-32-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 11 | MSS-BRC-BH-WVM-37-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |
| 6 | MSS-BRC-ND-WVM-39-25-2 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) | 12 | MSS-BRC-GDA-WVM-38-25-1 (વિવિધ-સ્થિર-સેવાઓ - પાણી વેન્ડિંગ મશીનો) |

| કેટલોગ નં | કોન્ટ્રેક્ટનો પ્રકાર | કોન્ટ્રેક્ટનો સમયગાળો |
|---|---|---|
| MPS-BRC-02 | મલ્ટી પર્પજ સ્ટોલ | 05 વર્ષ |

**લોટ નં.**

| | | | |
|---|---|---|---|
| 1 | MPS-BRC-BRC-MPS-1-24-1 (એમપીએસ- મલ્ટીપર્પજ સ્ટૉલસ્) | 2 | MPS-BRC-EKNR-MPS-3-24-1 (એમપીએસ- મલ્ટીપર્પજ સ્ટૉલસ્) |

**સિનિયર ડિવિઝનલ કોમર્શિયલ રેલવે મેનેજરની ઓફિસ, પ્રતાપનગર, વડોદરા- 390004**

અમને લાઈક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: x.com/WesternRly 012



**પૃથ્વીકાજે...:** વર્લ્ડ અર્થ ડે નિમિત્તે મુંબઈના છત્રપતિ શિવાજી મહારાજ ટર્મિનસ (સીએસએમટી)ની હેરિટેજ ઈમારતને લીલા રંગથી શણગારવામાં આવી હતી. ગ્લોબલ વૉર્મિંગની આડઅસરથી પૃથ્વીનું રક્ષણ કરવા તથા વાતાવરણમાંથી પ્રદૂષણનું સ્તર ઓછું કરવા ગ્રીન એનર્જી વાપરવા માટે લોકોને પ્રોત્સાહિત કરવા બાવીસમી એપ્રિલે વર્લ્ડ અર્થ ડે તરીકે ઉજવણી કરવામાં આવે છે. (અમય ખરાડે)

# હિન્દી ભાષા કેન્દ્ર દ્વારા થોપવામાં આવી નથીઃ દાદા ભુસે

મુંબઈઃ મહારાષ્ટ્રમાં મરાઠી અને અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં પહેલાથી પાંચમા ધોરણ સુધી હિન્દીને ત્રીજી ભાષા તરીકે ફરજિયાત કરવાના રાજ્ય સરકારના નિર્ણયનો વિપક્ષો સહિત ઘણી જગ્યાએથી વિરોધ થઇ રહ્યો હતો ત્યારે આ નિર્ણય પર સ્ટે મૂકવામાં આવ્યો હોવાનું સ્કૂલ શિક્ષણ ખાતાના પ્રધાન દાદા ભૂસેએ મંગળવારે જણાવ્યું હતું.

આ અંગેની જાહેરાત કરવા પહેલા દાદા ભૂસેએ પત્રકારો સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે હિન્દી ભાષાને ફરજિયાત કરવા અંગે એમ કહેવાઇ રહ્યું છે કેન્દ્ર સરકાર તરફથી આ નિર્ણય જબરદસ્તીથી થોપવામાં આવી રહ્યો છે, પંરતુ કેન્દ્ર સરકારને આનાથી કંઇ લેવાદેવા નથી. નેશનલ એજ્યુકેશન પોલિસી-૨૦૨૦માં સ્પષ્ટ રીતે ભાષા અંગેનો પૅરાગ્રાફ છે. ત્રણ ભાષા શિખવવા બાબતેનો ત્યાં ફોર્મ્યુલા આપેલો છે. કેન્દ્ર સરકાર તરફથી કોઇ પણ ભાષા રાજ્ય માટે ફરજિયાત કરવામાં આવી નથી.

૨૦૨૦ના શૈક્ષણિક ધોરણો છે. તે પ્રમાણે નવમી સપ્ટેમ્બર, ૨૦૨૪ના ત્રણ ભાષામાંથી બે ભાષા આપણા દેશ સંબંધિત હોવા જોઇએ એવું કહેવામાં આવ્યું છે. રાજ્યની ભાષા પરામર્શ સમિતિની બેઠકમાં ત્રીજી ભાષા તરીકે હિન્દીનો સ્વીકાર કરવાનો નિર્ણય લેવાયો હતો, એમ દાદા ભુસેએ જણાવ્યું હતું. પ્રશાસનના નિર્ણયમાં હિન્દી ભાષાનો 'અનિવાર્ય' તરીકે ઉલ્લેખ કરાતા મૂંઝવણ ઊભી થઇ છે તેથી આ અનિવાર્ય શબ્દ પર સ્ટે મૂકવામાં આવે છે અને આગળનો નિર્ણય ટૂંક સમયમાં જણાવવામાં આવશે, એમ સ્કૂલ શિક્ષણ પ્રધાને જણાવ્યું હતું. ■

### ૧૦,૫૦૦ શિક્ષકોની ભરતી

સીબીએસઇની સારી બાબતોનો સમાવેશ આપણા અભ્યાસક્રમમાં કરવામાં આવશે. વ્યાપક સ્વરૂપમાં ઇતિહાસ-ભૂગોળ અભ્યાસક્રમમાં દેખાશે. આ સિવાય ૧૦,૫૦૦ શિક્ષકોની ભરતી કરવામાં આવનાર છે. પવિત્ર પોર્ટલ પરથી આ ભરતી કરાશે, એમ તેમણે કહ્યું હતું.

### ગુરુકૂળ નિવાસી સ્કૂલ શરૂ કરાશે

શિક્ષણ વિભાગના આઠ વિભાગ છે તે દરેક જગ્યાએ ગુરુકુળ સ્કૂલ શરૂ કરવામાં આવશે. જે રમતગમતમાં નિપુર્ણ હોય તેઓને નિવાસી સુવિધા ઉપલબ્ધ કરાવી આપવામાં આવશે. રાજ્યવ્યાપી જુદી જુદી પદ્ધતિની આનંદ ગુરુકૂળ સ્કૂલ શરૂ કરાશે જેમાં વિશેષ શિક્ષણ અપાશે.

### સ્કૂલોમાં ગવાશે 'ગર્જા મહારાષ્ટ્ર'

સ્કૂલ શિક્ષણ વિભાગ તરફથી છેલ્લા કેટલાક મહિનાથી ૧૦૦ દિવસનો કાર્યક્રમ આપવામાં આવ્યો હતો જેના હેઠળ 'ગર્જા મહારાષ્ટ્ર માઝા...' ગીતને રાજ્યગીત

(જુઓ પાનું ૪) ▸▸

### મરાઠી ભાષા તો ફરજિયાત જ છે

મરાઠી અને અંગ્રેજી માધ્યમની સ્કૂલોમાં મરાઠી વિષય ફરજિયાત જ છે, પણ અન્ય માધ્યમની સ્કૂલોમાં પણ મરાઠી ભાષા ફરજિયાત છે જ્યાં મરાઠી ભણાવનારા શિક્ષકે પણ મરાઠી ભાષાની ડિગ્રી મેળવેલી હોવી જોઇએ એ ફરજિયાત છે, એમ દાદા ભુસેએ જણાવ્યું હતું.

### પહેલા જ વિચારવાનું હતું નેઃ રાજ ઠાકરે

રાજ્ય સરકાર દ્વારા અનિવાર્ય શબ્દ દૂર કરવાનો નિર્ણય લીધા બાદ મનસેના પ્રમુખ રાજ ઠાકરેએ કહ્યું હતું કે સરકારે પહેલા જ વિચારીને નિર્ણય લીધો હોત તો આજે પીછેહઠ કરવાનો વારો જ આવ્યો ન હોત. તેમ છતાં આ નિર્ણય પાછો ખેંચ્યો માટે સરકારનો આભાર.

મહારાષ્ટ્રમાં બીજી-ત્રીજી કોઇ ભાષા ચાલશે નહીં. મહારાષ્ટ્રમાં ફક્ત મરાઠી જ ચાલશે, એમ પણ રાજ ઠાકરેએ કહ્યું હતું.■

# વિદર્ભમાં ધગધગતી ગરમીઃ ચંદ્રપુરમાં પારો ૪૫.૮ ડિગ્રી

## મુંબઈમાં હિટવેવની ચેતવણી છતાં થોડી રાહત

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ રાજ્યમાં છેલ્લા થોડા દિવસથી આગ ઝરતી ગરમી પડી રહી છે. વિદર્ભમાં હીટવેવની ચેતવણી હોવાની સાથે હાયએલર્ટ આપવામાં આવ્યું છે. હાલ વિદર્ભના મોટાભાગના જિલ્લામાં ૪૨થી ૪૬ ડિગ્રીની આસપાસ પારો નોંધાઈ રહ્યો છે. મંગળવારે ચંદ્રપુરમાં ૪૫.૮ ડિગ્રી જેટલું ઊંચું તાપમાન નોંધાયું હતું. તો મુંબઈમાં હીટવેવની ચેતવણી

(જુઓ પાનું ૪) ▸▸

### ગરમીમાં બહાર નીકળતા પહેલા આ કરોઃ

અગત્યનું કામ ન હોય તો બપોરના સમયે ઘરમાંથી બહાર નીકળવાનું ટાળવું, ઘરથી બહાર નીકળવા સમયે સાથે પાણીની બાટલી રાખવી, રસ્તા પર મળતા થંડા પાણી, લીંબુના શરબત પીવાનું ટાળવું, માથા પર ટોપી પહેરવી અથવા છત્રી સાથે રાખવી, શરીર આખું ઢંકાઈ જાય તેવા કપડાં પહેરીને ઘરની બહાર નીકળવું.

### ગરમીમાં હેપેટાઈટીસના દર્દીની સંખ્યામાં વધારો

ઉનાળામાં ગરમીને કારણે તરસ વધારે લાગે છે ત્યારે લોકો બહાર વેચાતા ઠંડા પીણા, શરબત, છાસ વગેરેનું સેવન કરે છે, તેને કારણે ઊલટી, જુલાબ અને કમળો થવાની શકયતા હોવાથી આ પીણા પીવાનું શક્ય હોય તો ટાળવાની અપીલ આરોગ્ય વિભાગે કરી છે. બહાર વેચતા આ પીણા દૂષિત પાણીનો ઉપયોગ કરીને તૈયાર કરવામાં આવે છે, તેને કારણે હેપેટાઈટીસ એસ અને હેપેટાઈટીસ ઈ-નો ચેપ લાગવાની શક્યતા છે. મુંબઈમાં છેલ્લા થોડા દિવસમાં હેપેટાઈટીસના દર્દીની સંખ્યામાં ૩૦થી ૪૦ ટકાનો વધારો થયો હોવાનું પણ પાલિકાના આરોગ્ય વિભાગે જણાવ્યું હતું. ■

# મુંબઈમાં જૂનના પહેલા અઠવાડિયામાં વરસાદનું આગમન

### ૧૦૫ ટકા વરસાદનો અંદાજ

મુંબઈઃ આ વર્ષે નૈઋત્યનું ચોમાસું સમય પહેલા જ એટલે કે જૂનના પહેલા અઠવાડિયામાં જ મુંબઈમાં દાખલ થવાની શક્યતા હવામાનના નિષ્ણાતોએ વ્યક્ત કરી છે. તેથી ગરમી અને ઉકળાટથી ત્રાસેલા મુંબઈગરાને રાહત મળી રહેશે.

નૈઋત્યનો મોસમી વરસાદ બંગાળના ઉપસાગરથી પ્રવાસ કરીને પહેલી જૂનની આસપાસ કેરળમાં દાખલ થાય છે. ત્યારબાદ અરબી સમુદ્ર અને બંગાળના

(જુઓ પાનું ૪) ▸▸

# વિલે પાર્લેના દેરાસરને નિયમિત કેવી રીતે કરી શકાય તેનો રસ્તો શોધોઃ ફડણવીસ

## દેરાસરને તોડી પાડનારા સામે ગુનો નોંધવાનો લઘુમતી પંચનો નિર્દેશ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વિલે પાર્લે (પૂર્વ)ની કાંબળીવાડીમાં આવેલા શ્રી ૧૦૦૮ પાર્શ્વનાથ દિગમ્બર જૈન દેરાસરને તોડી પાડવાનો વિવાદ મુખ્ય પ્રધાન દવેન્દ્ર ફડણવીસ સુધી પહોંચતા તેમણે મુંબઈ મહાનગરપાલિકાના કમિશનર ભૂષણ ગગરાણીને આ દેરાસરને કેવી રીતે નિયમિત કરી શકાય એના રસ્તા શોધી કાઢવા જણાવ્યું હોવાથી અહીં ફરી દેરાસર નિર્માણનો રસ્તો ખુલી ગયો હોવાનું જણાઈ રહ્યું છે.

બીજી તરફ દેરાસર સાથે સંકળાયેલા લોકો દ્વારા રાજ્ય લઘુમતી પંચ સમક્ષ નોંધાવેલી ફરિયાદની સુનાવણી મંગળવારે કરવામાં આવી

(જુઓ પાનું ૪) ▸▸

PAC n DELIVER
INTERNATIONAL COURIER
Send parcels to your Children & loved ones in **CANADA, UK, USA & WORLD WIDE** including Garments, Farsan, Chocolates, Sweets, Gifts, Eatables, Medicines & any permissible item & get benefited with **SPECIAL rates.**
Contact : Mr. ANUJ SANGOI
8879991866
Email - sales@pacndeliver.com
"20 Yrs of Quality Service"

# ટાઈગર શ્રોફની હત્યાની 'સુપારી' સિક્યોરિટી ગાર્ડ પંજાબમાં પકડાયો

## નોકરીમાંથી કાઢી મૂકવામાં આવતાં માલિકને પોલીસ કેસમાં સપડાવવા આરોપીએ ઘડ્યું કાવતરું

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ બોલીવૂડના અભિનેતા ટાઈગર શ્રોફને પતાવી નાખવા બે લાખ રૂપિયાની 'સુપારી' અને શસ્ત્ર પૂરાં પાડવામાં આવ્યા હોવાનો દાવો કરનારા સિક્યોરિટી ગાર્ડને પંજાબમાં પકડી પાડવામાં આવ્યો હતો. સતત ગેરહાજરીને કારણે નોકરીમાંથી કાઢી મુકાયેલા આરોપીએ માલિકને પોલીસ કેસમાં સપડાવવા માટે કાવતરું ઘડીને પોલીસ કન્ટ્રોલ રૂમમાં કૉલ કર્યો હોવાનું તપાસમાં જણાયું હતું.

ખાર પોલીસ સ્ટેશનના અધિકારીએ જણાવ્યું હતું કે પોલીસને કૉલ કરનારા શખસની ઓળખ મનીષકુમાર સુજિન્દર સિંહ (૩૫) તરીકે થઈ હતી. સિંહ અગાઉ ખારની એક હોટેલમાં કામ કરતો હતો. પંજાબમાં પકાયેલા સિંહને મુંબઈ લાવવામાં આવી રહ્યો છે.

પોલીસના જણાવ્યા મુજબ સોમવારની સવારે ૧૦ વાગ્યે આરોપીએ પોલીસના મેઈન કન્ટ્રોલ રૂમમાં

(જુઓ પાનું ૪) ▸▸




# મરાઠવાડામાં પહેલા ત્રણ મહિનામાં ખેડૂતોની આત્મહત્યામાં વધારો

## ગયા વર્ષે આ જ સમયગાળામાં સંખ્યા ૨૦૪ હતી, આ વર્ષે ૨૬૫ થઈ

છત્રપતિ સંભાજી નગરઃ મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં જાન્યુઆરીથી માર્ચ ૨૦૨૫ વચ્ચે ૨૬૯ ખેડૂતોની આત્મહત્યા નોંધાઈ છે. ગયા વર્ષે આ સમયગાળામાં ૨૦૪ ખેડૂતોના આત્મહત્યાથી મૃત્યુ નોંધાયા હતા એમ અહીંની ડિવિઝનલ કમિશનર ઓફિસના એક અહેવાલમાં જણાવાયું છે.

મધ્ય મહારાષ્ટ્રના મરાઠવાડા વિસ્તારમાં આઠ જિલ્લાનો સમાવેશ છે. અહીં ઓછો વરસાદ પડતો હોવાથી પાણીની અછત સર્જાતી હોવાથી આંશિક શુષ્ક ક્ષેત્ર માનવામાં આવે છે.

બીડ જિલ્લામાં ખેડૂતોની આત્મહત્યામાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો છે. જાન્યુઆરી-માર્ચ ૨૦૨૪માં સંખ્યા ૪૪ હતી જ્યારે આ વર્ષના પ્રથમ ત્રણ મહિનામાં સંખ્યા વધીને ૭૧ થઈ હોવાનું અહેવાલમાં

(જુઓ પાનું ૪) ▸▸

# અફવાનો ફુગ્ગો શરદ પવારે વધુ ન ફુલાવ્યો

## 'અમે તો જનહિતની ચર્ચા કરવા ભેગા થયા હતા'

પુણેઃ એનસીપી (એસપી)ના પ્રમુખ શરદ પવારે વિખૂટા પડી ગયેલા ભત્રીજા અને મહારાષ્ટ્રના નાયબ મુખ્ય પ્રધાન અજિત પવાર સાથેની તાજેતરની બેઠકો બાદ રાજકીય પુનર્મિલન અંગેની અટકળોને મંગળવારે નકારી કાઢતાં કહ્યું હતું કે અમે તો લોકોને લગતા મુદ્દાઓ પર રાજ્ય સરકારના પ્રતિનિધિઓ સાથે વાત કરવા એકઠા થયા હતા અને એમાં કશું અજુગતું નથી.

બારામતીમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં પવારે રાજ્યમાં પ્રવર્તતી પાણીની તંગી અંગે ચિંતા વ્યક્ત કરી હતી અને આગામી બે મહિના દરમિયાન પાણીનો વપરાશ સંભાળીને કરવાની સલાહ આપી

(જુઓ પાનું ૪) ▸▸

# દુશ્મની દોસ્તીમાં બદલાય એવી હવા ફેલાવવામાં આવી રહી છે

## રાજ સાથે એક થાળીમાં જમવા ઉદ્ધવ ઉત્સુક છે એમ સેના (યુબીટી)ના નેતા સંજય રાઉત માને છે

મુંબઈઃ શિવસેના (યુબીટી)ના નેતા સંજય રાઉતે મંગળવારે કહ્યું હતું કે પક્ષના પ્રમુખ ઉદ્ધવ ઠાકરે રિસાઈને છૂટા પડી ગયેલા પિતરાઈ ભાઈ અને મહારાષ્ટ્ર નવનિર્માણ સેના (મનસે)ના અધ્યક્ષ રાજ ઠાકરે સાથે એક જ પંગતમાં બેસવા ઉત્સુક છે.

મુંબઈમાં સંવાદદાતાઓ સાથેની વાતચીતમાં રાઉતે દાવો કર્યો હતો કે ફરી ભેગા થવાની ચણભણ શરૂ થયા બાદ આંબેડકરવાદી આંદોલન સાથે સંકળાયેલા લોકો અને પક્ષો પણ તેમના સંપર્કમાં છે. આકાર લઈ રહેલા નવા રાજકીય સમીકરણનો હિસ્સો બનવામાં

(જુઓ પાનું ૪) ▸▸

કેબિનેટમાં લેવાયા આઠ મહત્ત્વના નિર્ણય

# મત્સ્ય ઉદ્યોગને કૃષિ ક્ષેત્ર જેવો દરજ્જો મળશે

મુંબઈઃ મુખ્ય પ્રધાન દેવેન્દ્ર ફડણવીસના નેતૃત્વ હેઠળ યોજાયેલી કેબિનેટની બેઠકમાં આઠ મહત્ત્વના નિર્ણય લેવામાં આવ્યા છે, જેમાં પ્રધાન નિતેશ રાણેના મત્સ્ય ખાતા બાબતે મહત્ત્વનો નિર્ણય લેવાયો હોઇ ગોસીખુર્દ રાષ્ટ્રીય પ્રકલ્પ માટે મોટી જોગવાઇ કરવામાં આવી છે.

ગોસીખુર્દ પ્રકલ્પના ૨૫,૯૭૨.૬૯ કરોડ રૂપિયાની સુધારિત જોગવાઇને મંજૂરી આપવામાં આવી છે. મત્સ્ય ઉદ્યોગને પણ કૃષિ ક્ષેત્ર જેવો જ દરજ્જો આપવાનો નિર્ણય કેબિનેટની બેઠકમાં લેવામાં આવ્યો હતો.

### કેબિનેટના આઠ નિર્ણયો

ગ્રામવિકાસ વિભાગ : મૌજે નાયગાવ તા. ખંડાલા જિ. સાતારા ખાતે જ્ઞાનજ્યોતિ સાવિત્રીબાઇ ફુલેનું સ્મારક તથા મહિલા પ્રશિક્ષણ કેન્દ્ર બનાવવાનો નિર્ણય. સ્મારક માટે ૧૪૨ કરોડ રૂપિયા જ્યારે મહિલા પ્રશિક્ષણ કેન્દ્ર માટે ૬૭.૧૭ લાખ રૂપિયાની જોગવાઇને મંજૂરી.

જળસંપદા વિભાગ : ગોસીખુર્દ રાષ્ટ્રીય પ્રકલ્પ, તા. પવની, જિ. ભંડારા પ્રકલ્પ માટે ૨૫,૯૭૨.૬૯ કરોડ રૂપિયાની સુધારિત જોગવાઇને મંજૂરી. કામગાર વિભાગઃ રાજ્યના કામગાર કાયદામાં સુધારણા કરીને મહારાષ્ટ્ર કામગાર સંહિતા નિયમ તૈયાર કરશે.

મહેસૂલ વિભાગઃ વિભાગીય કમિશનર તથા જિલ્લાધિકારી કાર્યાલયમાં નિયુક્ત કોન્ટ્રેક્ટ પરના કાયદા અધિકારીના વેતનમાં વધારો કરવાનો નિર્ણય તથા ૩૫,૦૦૦ રૂપિયાના બદલે ૫૦,૦૦૦ વેતન મળશે.

કાયદા તથા ન્યાય વિભાગઃ ૧૪મા નાણાં પંચ અનુસાર રાજ્યમાં હંગામી ધોરણે સ્થાપવામાં આવેલી ૧૬ વધારાની કોર્ટ તથા ૨૩ ફાસ્ટટ્રેક કોર્ટને વધુ બે વર્ષ માટે મુદત વધારો તથા તે માટે આવતા ખર્ચને માન્યતા આપવામાં આવી છે. મત્સ્ય વિભાગઃ મત્સ્ય

(જુઓ પાનું ૪) ▸▸




# કોસ્ટલ રોડનો બીજો અન્ડરપાસ મે મહિનામાં ખુલ્લો મુકાશે

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ વરલી અને પ્રભાદેવીથી દક્ષિણ દિશામાં નરીમન પોઈન્ટ તરફ જતા ટ્રાફિકને વધુ સરળ બનાવવા માટે મુંબઈ મહાનગરપાલિકાએ બનાવેલો નવો વેહીક્યુલર અંડરપાસ મે મહિનાની શરૂઆતમાં ખોલવામાં આવે એવી શક્યતા છે. મરીન ડ્રાઈવ અને પ્રિયદર્શની પાર્ક વચ્ચે બે કિલોમીટર લાંબી દરિયાની નીચે ટનલ ઉપરાંત હવે આ મુંબઈ કોસ્ટલ રોડ પ્રોજેક્ટ હેઠળ આ બીજો અંડરગ્રાઉન્ડ રોડ હશે. આ અંડરપાસ શીવડી-વરલી કનેકટરને કોસ્ટલ રોડ સાથે જોડનારી સીધી લિંક બની રહેશે.

ઓસ્ટ્રિયન ટનલિંગ પદ્ધતિનો ઉપયોગ કરીને વરલીમાં ૫૫૦ મીટર લાંબો અને ૧૧ મીટર પહોળો અંડરપાસ બનાવવામાં આવી રહ્યો છે. આ ટનલ ખાન અબ્દુલ ગફાર

(જુઓ પાનું ૪) ▸▸

# વિક્રોલીમાં છરીથી ગળું ચીરી મહિલાની હત્યાઃ પ્રેમીની ધરપકડ

(અમારા પ્રતિનિધિ તરફથી)

મુંબઈઃ લગ્ન માટે દબાણ કરનારી મહિલાની તેના જ ઘરમાં છરીથી ગળું ચીરી કથિત હત્યા કરવામાં આવી હોવાની ઘટના વિક્રોલીમાં બની હતી. પોલીસે ગણતરીના કલાકોમાં આરોપીને ધારાવીથી પકડી પાડ્યો હતો.

વિક્રોલી પોલીસના જણાવ્યા મુજબ આરોપીની ઓળખ હનાસ શફીક શાહ (૨૫) તરીકે થઈ હતી. ધારાવીમાં રહેતો શાહ ત્યાંના જ બૅગ બનાવતા

(જુઓ પાનું ૪) ▸▸

"MUMBAI SAMACHAR" Newspaper (Periodicity-Daily) Owners The Bombay Samachar Pvt. Ltd. Publisher and Printer Meherwanji Rustomji Cama, Printed at their Press "Mumbai Samachar" at Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001 & Dangat Media PVT. LTD., Plot No. 22, Digha, MIDC, TTC Industrial Area, Vishnu Nagar, Digha, Navi Mumbai-400708 and Published from Red House, S. A. Brelvi Road, Horniman Circle, Fort, Mumbai 400 001. Editor * Nilesh Mahendra Dave (*Responsible for selection of news under the PRB Act.). Email: samachar.bombay@gmail.com Tel. Nos. 022-22045531-33. **RNI Registration No. 1563/1957.** ''મુંબઈ સમાચાર'' પત્ર રેડ હાઉસ, સૈયદ અબ્દુલ્લા બ્રેલવી રોડ, ફોર્ટ, મુંબઈ અને દાંગટ મીડિયા પ્રા. લિ., પ્લોટ ક્ર. ૨૨,દિઘા, એમઆઈડીસી, ટીટીસી ઈન્ડસ્ટ્રિયલ એરિયા, વિષ્ણુનગર, નવી મુંબઈ-૪૦૦૭૦૮ ખાતે તેના માલિકો ધી બોમ્બે સમાચાર પ્રા. લિ. માટે તેઓના ''મુંબઈ સમાચાર'' પ્રેસમાં મહેરવાનજી રૂસ્તમજી કામાએ છાપ્યું અને પ્રગટ કર્યું છે. તંત્રીઃ *નીલેશ મહેન્દ્ર દવે (*પીઆરબી એક્ટ હેઠળ સમાચારોની પસંદગી માટે જવાબદાર). ઈ-મેઈલઃ **samachar.bombay@gmail.com** ટેલિફોનઃ ૨૨૦૪૫૫૩૧-૩૩. **R.N.I. No. 1563/1957.**